# કોડિયું

વર્ષ : ૭૩ ઓગષ્ટ: ૨૦૧૯ અંક : ૦૧

## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | વેદકાલીન શિક્ષણ | - ભાણદેવજી | ૦૫ |
| ૦૨ | ગાંધીબાપુની વાતો... | - દિનુ ચુડાસમા | ૦૯ |
| ૦૩ | ફિનિક્સ આશ્રમ એટલે.. | - હિરજી નાકરાણી | ૧૧ |
| ૦૪ | હૃદ્‌ગતિ અનિલ ભટ્ટ | - પ્રકાશ શાહ | ૧૬ |
| ૦૫ | કેળવણીના કીમિયાગર | - રમેશ સંઘવી | ૧૯ |
| ૦૬ | ધૂણી રે ધખાવી ગ્રામ દક્ષિણામૂર્તિ.. | - ભદ્રાયુ વચ્છરાજાની | ૨૮ |
| ૦૭ | જીવનલક્ષી કેળવણીનો અખૂટસ્રોત | - અરુણ દવે | ૩૦ |
| ૦૮ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૩૮ |


### ◆ સૂચના ◆

☛ 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફ્ટથી સ્વીકારવામાં આવે છે.

### ◆ લેખ મોકલવા માટે ◆


'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com


### ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆


શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com


### ◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

### ◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
શ્રી જુગલકિશોર વ્યાસ
(મો. ૯૪૨૮૮૦૨૪૮૨)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

સમગ્ર વિશ્વમાં અને દેશમાં અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ, ભૂસ્ખલન, ગરમી, ઠંડી, દરિયાની સપાટી વધવી, વાદળ ફાટવાં વગેરે જેવા કુદરતી પ્રકોપો માનવજાતને પજવી રહ્યા છે. પૃથ્વી પર વસતા સત્તર કરોડ પ્રકારના જીવો પૈકી માત્રને માત્ર મનુષ્યને જ પ્રકૃતિએ જીવનશૈલી નક્કી કરવાની સ્વાયત્તતાબક્ષી છે. આ તમામે તમામ પ્રકોપોનાં મૂળમાં માનવ હરકતો જ જવાબદાર છે, તેમાં કોઈને શંકા રહી નથી. ‘કીડીને કણ અને હાથીને મણ’ આપવાનીઅત્યંત ન્યાયી અને વૈજ્ઞાનિક વ્યવસ્થાપનથી સમતોલિત રહેલી આપણી ચૈતન્યસભર સૃષ્ટિ આજે અનેક પ્રકારની અસમતુલાનો ભોગ બની છે.

એક રોમાંચક છતાં ટેક્નોલોજીની સફળતા વર્ણવતા સમાચાર એ છે કે ગ્લોબલ વોર્મિંગથી પીગળી રહેલી દક્ષિણધ્રુવ પ્રદેશની હિમશિલાઓને પુનઃસ્થાપિત કરવાનું આયોજન થઈ રહ્યું છે. દક્ષિણધ્રુવ પ્રદેશમાં બરફ બનાવવાનાં મોટાં કારખાનાંઓ સ્થાપીને જરૂર જણાશે ત્યાં બરફનાં થીગડાં મારવામાં આવશે !!

બીજી તરફ આપણા જેવા ગરીબી અને બેકારીમાં જીવતા દેશે ચંદ્ર ઉપર અત્યારે જવાની જરૂર જણાતી નથી. ટેક્નોલોજીના ક્ષેત્રમાં શકય હોય એટલું બધું જ કરવું એ અમાનવીય પગલું ગણાય છે. જરૂર હોય તો જ કરવું એ માનવીય અભિગમ છે. આપણે અત્યારે તો જાતે જ પગ ઉપર કુહાડા મારીએ છીએ અને પછી ઉત્તમ પ્રકારની સારવાર કરવાનો પ્રયત્ન કરીએ છીએ. અત્યારે આપણી પાસે માહિતીઓ, જ્ઞાન અને કૌશલ્ય પૂરતાં છે પણ તેની સાથે મૂર્ખાઈ ભળી ગઈ હોવાથી પરિણામો માઠાં મળી રહ્યાં છે. દરેક ક્ષેત્રમાં અગ્રતાક્રમ નકકી કરવાની અને વિવેકની જરૂર છે. આપણે ચંદ્ર ઉપર નહીં પણ આપણા ચેતોવિસ્તારના પટ ઉપર ‘પ્રજ્ઞાન’ ઉતારવાની જરૂર છે. જયારે તર્કસંગત વિચારો અને માનવીય સંવેદનાઓનો સમન્વય થાય છે ત્યારે તેમાંથી વિવેક જન્મે છે. વિચાર અને સંવેદનાઓ અલગ પાડો એટલે વિચાર વિકૃત થઈને માત્ર બૌદ્ધિક પ્રવૃત્તિઓમાં પરિણમે છે, જયારે સંવેદના-ભાવના વિકૃત થઈને લાગણીવેડામાં પરિણમે છે. જેમ તમામ કાચી સામગ્રીઓ શુદ્ધતમ સ્વરૂપે ભેગી કરી લેવાથી સ્વાદિષ્ટ અને પૌષ્ટિક રસોઈ બની જતી નથી તેમ ટેકનોલોજી, માહિતીઓ અને આવડતો પ્રાપ્ત કરી લેવાથી રામરાજ્ય સ્થપાઈ જતું નથી. આ વહેમ છે. આ માટે તો વિવેકરૂપી મોણ અનિવાર્ય છે.

માણસ માત્ર જ્ઞાનવૃદ્ધિમાં જ જો રચ્યો-પચ્યો રહેશે તો એ માત્ર દુઃખવૃદ્ધિ જ બની રહેવાની છે. અંતે શક્તિ અને દૃષ્ટિનો વિવેકપૂર્ણ સમન્વય જ માનવજાતને બચાવી શકશે. પ્રજ્ઞાન રથનો સારથી વિવેક છે.

— અરુણ દવે

## (૦૧) વેદકાલીન શિક્ષણ

- ભાણદેવજી

**૧. પ્રસ્તાવ**

પ્રત્યેક રાષ્ટ્રને પ્રત્યેક સમાજને પોતાનો ભૂતકાળ હોય છે. ભૂતકાળ ઈતિહાસ બને છે. આ ભૂતકાલીન ઇતિહાસનું જ્ઞાન માનવીને ભવિષ્યનો માર્ગ નિર્ધારિત કરવામાં સહાયભૂત બને છે. ભૂતકાળનો અભ્યાસ માનવીને અને સમાજને પોતાના યથાર્થ સ્વરૂપને સમજવામાં સહાયભૂત થાય છે. આપણે શું છીએ આપણે ક્યાં છીએ, આપણે શું કરવાનું છે, આપણી ભવિષ્યની પ્રગતિનું સ્વરૂપ કેવું હોય- આ બધું સમજવા માટે ભૂતકાળની સમજ સહાયક બની શકે છે. ભૂતકાળને ગૌરવ અને મર્યાદા, બંને હોય છે. આ બંનેની સમજ સહાયક બની શકે છે.

આ દૃષ્ટિકોણ નજર સમક્ષ રાખીને આપણે વેદકાલીન શિક્ષણના સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ.

**૨. વેદકાલ એટલે શું ?**

વેદકાલનો પ્રારંભ ક્યારથી ગણવો ? અનેક વદ્વાનોએ અનેક ધારણાઓ વહેતી મૂકી છે. કોઈ આ કાલનો પ્રારંભ ઈ.સ.પૂર્વે ૨૦૦૦૦ ગણે છે અને કોઈ ઈ.સ.પૂર્વે ૨૦૦૦ ગણે છે. હજુ સુધી કોઈ નિશ્ચિત નિર્ણય પર પહોંચી શકાયું નથી. આ તો બધી ભિન્ન ભિન્ન ધારણોઓ છે.

ઋગ્વેદની શાકલ શાખાનું સૌથી પ્રથમ પ્રકાશન કરનાર વેદજ્ઞ વિદ્વાન મેક્સમૂલરે વેદકાલના પ્રારંભનો નિશ્ચય કરવા માટે બહુ મથામણ કરી અને અનેક ધારણાઓ રજૂ કરી છે. પરંતુ આખરે તેઓ કબૂલ કરે છે કે કાલનિર્ધારણના આ બધા પ્રયત્નો ધારણાઓ જ છે.

આખરે તેઓ પ્રામાણિક પણે જાહેર કરે છે.-

"No powor on the earth will ever determine it"

"વેદનો રચનાકાલ અર્થાત વેદકાલના પ્રારંભનું નિર્ધારણ કરવાનું કાર્ય લગભગ અશક્ય છે."

આનો અર્થ એમ થયો કે આપણે જાણતાં નથી તેવા કોઈ સમયથી વેદકાલનો પ્રારંભ થયો છે.

હા, વેદકાલનું સમાપન ક્યારે થયું, તે આપણે કહી શકીએ તેમ છીએ, ભગવાન બુદ્ધના આગમનથી બૌદ્ધકાલનો પ્રારંભ ગણાય છે. ઈ.સ.પૂર્વે ૬૦૦થી બૌદ્ધકાલનો પ્રારંભ થાય છે. આ જ સમય વેદકાલનો સમાપનકાલ ગણવો જોઈએ.

આનો અર્થ એમ થયો કે આપણે જાણતા નથી તેવા કોઈક સમયથી ઈ.સ.પૂર્વે ૬૦૦ સુધીનો કાલ વેદકાલ છે, તેમ સમજવું જોઈએ.

**૩. શિક્ષણના ઉદ્દેશ**

વેદકાલીન શિક્ષણના ઉદ્દેશ અર્થાત હેતુઓ ક્યા હતા?

**(૧) બ્રહ્મજ્ઞાન**

વેદકાલીન સંસ્કૃતિ અને જીવનશૈલી અધ્યાત્મકેન્દ્રી હતી. તદનુસાર શિક્ષણનું કેન્દ્ર પણ અધ્યાત્મ જ હતું. વિદ્યાર્થી અધ્યાત્મપથ પર પ્રગતિ કરે - આ વેદકાલીન શિક્ષણનો પ્રધાન ઉદ્દેશ છે. વૈદિકકાલમાં ઋષિઓ શિક્ષકો હતા અને ઋષિકુલો શાળાઓ હતી અને ઋષિઓ તો અધ્યાત્મ પુરુષો જ છે.

અભ્યાસક્રમ, જીવનપદ્ધતિ, શિક્ષણની પદ્ધતિ આદિ સર્વ અધ્યાત્મને કેન્દ્રમાં રાખીને ગોઠવાય - તેવી પરંપરા હતી.

**(૨) જીવન શિક્ષણ**

વેદકાલીન શિક્ષણમાં 'અધ્યાત્મ' કેન્દ્રમાં હોવા છતાં આ અધ્યાત્મ જીવનવિમુખ અધ્યાત્મ નથી, જીવનનિષ્ઠ અધ્યાત્મ છે. વિદ્યાર્થી જીવન માટે તૈયાર થાય - આ પણ શિક્ષણનો ઉદ્દેશ છે જ. વિદ્યાર્થી અભ્યાસ પૂરો કરીને ગુરુકુલમાંથી સ્વગૃહે પાછો ફરે ત્યારે સ્વતંત્ર જીવન જીવવા જેટલો સક્ષમ બને, તે પણ શિક્ષણનો ઉદ્દેશ હતો. આમ હોવાથી તે યુગમાં જીવન માટે આવશ્યક એવી અન્ય વિદ્યાઓનું શિક્ષણ પણ વિદ્યાર્થીને મળી રહેતું. આમ જીવનશિક્ષણ, શિક્ષણનો એક ઉદ્દેશ છે.

**(૩) ઉત્તમ નાગરિકત્વ**

વિદ્યાર્થી ગુરુકુલના પોતાના નિવાસ અને શિક્ષણ દરમિયાન સામાજિક અનુકૂલન પણ શીખે - આ શિક્ષણનો એક ઉદ્દેશ હતો. આખરે વિદ્યાર્થીના જીવનથી સામાજિક સુખાકારી જોખમાય નહિ, તેવી તેની જીવનશૈલી હોય - આ પણ શિક્ષણનો એક ઉદ્દેશ હતો. તેથી જ વિદ્યાર્થીને Maatdevo wv| iptdevo wv| Aiti4 devo wv| - આવા પાઠ ભણાવવામાં આવતા.

વિદ્યાર્થી એક ઉત્તમ નાગરિક બને અને પુત્ર, પતિ, પિતા, ભાઈ આદિ તરીકે પોતાનું કર્તવ્ય યથાર્થ રીતે પરિપૂર્ણ કરી શકે, તેવું શિક્ષણ તેને ગુરુકુલમાં મળી રહે - તે પણ શિક્ષણનો એક ઉદ્દેશ ગણવામાં આવતો.

**(૪) સંયમ અને સદાચાર**

વિદ્યાર્થી શિક્ષણકાળ દરમિયાન સંયમ અને સદાચારના પાઠ ભણે - આ પણ શિક્ષણનો એક હેતુ હતો. ભારતીય સંસ્કૃતિ અને જીવનશૈલી ઉચ્છૃંખલ જીવનને માન્ય કરતી નથી. સમગ્ર સંસ્કૃતિ સંયમની પ્રતિષ્ઠા પર પ્રતિષ્ઠિત છે.

ઋતના નિયમનો ભંગ કરીને કોઈ સુખ-શાંતિ પામી શકે નહિ, કારણ કે ભારતીય જીવનદૃષ્ટિ પ્રમાણે સમગ્ર અસ્તિત્વ અને જીવન ઋતના નિયમ પ્રમાણે ચાલે જ છે. ઋતના નિયમનો ભંગ કરવાથી વ્યક્તિ અને સમાજ, બંનેના જીવનમાં ખાનાખરાબી ઊભી થાય જ છે. આ દર્શનને આધારે ગુરુકુલમાં વિદ્યાર્થી સંયમ અને સદાચારના પાઠ ભણે અને તેમના જીવનમાં ઋતના નિયમની દૃઢ પ્રતિષ્ઠા થાય - આ પણ શિક્ષણનો એક મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ હતો.

**(૫) વ્યક્તિત્વ વિકાસ**

કોઈ બે માનવી સંપૂર્ણ સમાન નથી. પ્રત્યેક માનવીને પોતાનું વિશિષ્ટ વ્યક્તિત્વ અને વિશિષ્ટ જીવનશૈલી હોય છે. પ્રત્યેક માનવી પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વનો વિકાસ સિદ્ધ કરે તે શિક્ષણને અભિપ્રેત છે. શિક્ષણનું કેન્દ્ર બધાને પોતાની રીતે વિકસવાની તક આપે તો જ વ્યક્તિના વ્યક્તિત્વનો યથાર્થ વિકાસ સિદ્ધ થઈ શકે.

વેદકાલીન ગુરુકુલોમાં અને વેદકાલીન શિક્ષણમાં વ્યક્તિત્વના વિકાસને સતત દૃષ્ટિ સમક્ષ રખાયો છે. બધા જ વિદ્યાર્થીઓને એક જ લાકડીએ હાંકવાની પરંપરા નથી.

**૪. વેદકાલીન શિક્ષણનો અભ્યાસક્રમ**

વેદકાલીન જીવન અને શિક્ષણના કેન્દ્રમાં વેદ અને તદ્વિષયક સાહિત્ય છે. તેથી અભ્યાસક્રમની નીતિ વેદ છે, તે ગણી શકાય. આ ઉપરાંત જીવનોપયોગી અન્ય વિષયોનું શિક્ષણ પણ આપવામાં આવતું, તેમ જોવા મળે છે.

**(૧) વેદ**

વેદ ચાર છે.

(૧) ઋગ્વેદ

ઋગ્વેદ કદમાં સૌથી મોટા, જ્ઞાનમાં સૌથી ગંભીર અને સમયમાં સૌથી પ્રાચીન છે. ઋગ્વેદ અધ્યાત્મવિદ્યાનો ભંડાર ગણાય છે. ઋગ્વેદ પદ્યમાં છે.

(૨) યજુર્વેદ

યજ્ઞમાં વિનિયુક્ત મંત્રોનો સંગ્રહ યજુર્વેદ છે. યજુર્વેદના મંત્રો 'યજુ' કહેવાય છે. યજુ મહદ અંશે ગદ્ય મંત્રો છે.

(૩) સામવેદ

સામવેદ ગેયમંત્રો અર્થાત 'સામ' નો સંગ્રહ છે. ભારતીય સંગીતનો જન્મ સામવેદમાંથી થયો છે. સામવેદના મંત્રો 'સામ'ને ગાવાની એક ઘણી વિશિષ્ટ પદ્ધતિ છે. સામગાનના અનેક પ્રકારો છે. સામગાનની પરંપરા અદ્યાપિ પર્યંત હયાત છે.

(૪) અથર્વવેદ

અથર્વવેદ અધ્યાત્મવિદ્યાથી ભરપૂર છે આ ઉપરાંત જીવનોપયોગી અને મંત્ર-પ્રયોગો અથર્વવેદમાં છે. ઘરગૃહસ્થી, સમાજવ્યવસ્થા, રાજ્યશાસન, કલા-કૌશલ્ય, ખેતી, ઉદ્યોગો, સ્થાપત્ય આદિ અનેક વિષયોનું જ્ઞાન અથર્વવેદમાં સંગ્રહિત છે.

પ્રત્યેક વેદના પ્રધાન બે ભાગ હોય છે. મંત્રસંહિતા અને બ્રાહ્મણગ્રંથો. મંત્રસંહિતા તે મૂળવેદ છે. બ્રાહ્મણગ્રંથો તદ્‌વિષયક ગ્રંથો છે. બ્રાહ્મણગ્રંથના ત્રણ વિભાગ હોય છે - બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ.

બ્રાહ્મણમાં કર્મકાંડ, આરણ્યકમાં ઉપાસનાકાંડ અને ઉપનિષદમાં જ્ઞાનકાંડનું વિવરણ છે.

યજુર્વેદની બે સંહિતાઓ છે- કૃષ્ણ યજુર્વેદ સંહિતા અને શુક્લ યજુર્વેદ સંહિતા. તેથી વેદોની કુલ પાંચ સંહિતાઓ

છે. વેદના કુલ પંદર બ્રાહ્મણગ્રંથો મળે છે. આમ કુલ પાંચ વેદસંહિતાઓ અને પંદર બ્રાહ્મણ ગ્રંથો મળીને 'વેદ' ગણાય છે.

વેદકાલીન ગુરુકુલોમાં આ વેદનું શિક્ષણ અનિવાર્ય હતું અને કેન્દ્રસ્થ હતું.

(૨) વેદાંગ

વેદનો અભ્યાસ કરવામાં અને વેદને સમજવામાં સહાયક શાસ્ત્રો વેદાંગ કહેવામાં આવે છે. વેદાંગ છ છે.

(૧) શિક્ષા

શિક્ષા એટલે ઉચ્ચારણશાસ્ત્ર. વેદના મંત્રોના ઉચ્ચારણની એક વિશિષ્ટ પદ્ધતિ છે, જે 'શિક્ષા' દ્વારા પ્રાપ્ત થાય છે.

(૨) કલ્પ

કલ્પમાં યજ્ઞવિદ્યાનો વિચાર થયો છે. યજ્ઞનું આ એક શાસ્ત્ર છે.

(૩) જ્યોતિષ

પ્રાચીનકાળથી ભારતમાં જ્યોતિષશાસ્ત્રનો વિકાસ થયો છે. ભારતીય જ્યોતિષના મૂળ આ વેદાંગ જ્યોતિષમાં છે.

(૪) છંદ

છંદના મંત્રો અનેક છંદોમાં રચાયા છે. આ છંદનું પણ એક શાસ્ત્ર છે, જેને છંદશાસ્ત્ર કહેવામાં આવે છે.

(૫) નિરુક્ત

નિરુક્ત એટલે વ્યુત્પત્તિશાસ્ત્ર. વેદના મંત્રોના શબ્દોના અર્થ સમજવામાં આ નિરુક્ત સહાયક છે.

(૬) વ્યાકરણ

વ્યાકરણને વેદની આંખ ગણવામાં આવે છે. વેદનું એક વિશિષ્ટ સંસ્કૃત છે. આ વૈદિક સંસ્કૃતિનું એક ખાસ વ્યાકરણ છે, જેને 'વૈદિક વ્યાકરણ' કહેવામાં આવે છે.

(૩) યજ્ઞવિદ્યા

યજ્ઞ વૈદિક અધ્યાત્મ સાધનાનું મૂળભૂત કેન્દ્ર છે. વેદ અને યજ્ઞ વચ્ચે અવિનાભાવ સંબંધ છે. વૈદિક કાળના જીવનમાં યજ્ઞ સમરસ બની ગયો હોય તેમ જણાય છે. યજ્ઞને બાજુ પર મૂકીને વેદકાલીન જીવન અને શિક્ષણનો વિચાર કરી શકાય તેમ નથી.

આમ હોવાથી સ્વભાવિક રીતે જ યજ્ઞ વેદકાલીન શિક્ષણનો અનિવાર્ય અને મહત્ત્વપૂર્ણ ભાગ છે.

ગુરુકુલોમાં સવાર સાંજ નિયમિત રીતે યજ્ઞો થતા. પ્રત્યેક ગુરુકુલમાં અનિવાર્યતઃ યજ્ઞશાળા હોય જઃ બધા જ વિદ્યાર્થીઓ સવાર સાંજ યજ્ઞમાં જોડાય જ અને યજ્ઞવિદ્યા શીખી-સમજી લે તેમ અનિવાર્યપણે હતું જ.

યજ્ઞના અનેક સ્વરૂપો છે.

અગ્નિહોત્ર નિત્યયાગ છે. દર્શપૌર્ણમાસ, પિતૃયજ્ઞ, ચાતુર્માસ્ય, અગ્નિષ્ટોમ, વાજપેય, રાજસૂય, અગ્નિચયન, સૌત્રામણી, અશ્વમેઘ, પુત્રકામોષ્ટિ, પર્જન્યયાગ, અતિરાત્ર આદિ અનેક પ્રકારના યજ્ઞોનું વર્ણન વૈદિક સાહિત્યમાં જોવા મળે છે.

ગુરુકુલોમાં અવારનવાર મોટા યજ્ઞો પણ થતાં અને સૌ વિદ્યાર્થીઓ હોંશે હોંશે તેમાં ભાગ લેતા. આ ઉપરાંત કોઈ મોટા યજ્ઞમાં ભાગીદાર થવા માટે ગુરુની સાથે વિદ્યાર્થીઓ પણ બહાર જતા અને આ રીતે યજ્ઞનું શિક્ષણ પામતા.

(૪) ઉપનિષદો- જ્ઞાનકાંડ

વેદકાલીન ગુરુકુલોમાં માત્ર વેદની સંહિતા અને યજ્ઞનું જ શિક્ષણ થતું, તેમ નથી. ઉપનિષદો વેદનો જ્ઞાન કાંડ છે. ઉપનિષદો વેદનો નિષ્કર્ષ છે. આ ઉપનિષદોના અભ્યાસ વિના વેદકાલીન શિક્ષણ અધૂરું ગણાતું. શિક્ષણના અંતિમ વર્ષોમાં ગુરુ પોતાના શિષ્યોને આ રહસ્યવિદ્યાના ગ્રંથો અર્થાત ઉપનિષદોનું શિક્ષણ પણ અચૂક આપતા.

ઉપનિષદોના શિક્ષણ વિના વેદકાલીન શિક્ષણ અધૂરું ગણાય છે.

(૫) દર્શનશાસ્ત્ર

વેદપ્રણીત દર્શન છ છે.

(૧) સાંખ્ય- ભારતીય સૃષ્ટિમીમાંસા શાસ્ત્ર છે.
(૨) યોગ - ભારતીય અધ્યાત્મ સાધનાનું શાસ્ત્ર છે.
(૩) ન્યાય - ભારતીય તર્કશાસ્ત્ર છે.
(૪) વૈશેષિક - ભારતીય તત્ત્વમીમાંસા છે.
(૫) પૂર્વમીમાંસા- ભારતીય યજ્ઞમીમાંસા છે.
(૬) ઉત્તરમીમાંસા- અર્થાત વેદાંત-

ભારતીય દર્શનોમાં શિરમોર અને કેન્દ્રસ્થ દર્શન છે.

વેદકાલીન શિક્ષણના ભાગરૂપે વિદ્યાર્થીઓ આ

દર્શનોનો અભ્યાસ પણ કરતા.

(૬) ભાષા, ચિકિત્સા વિજ્ઞાન(આયુર્વેદ), યુદ્ધ વિદ્યા(ધનુર્વેદ), અશ્વવિદ્યા, કૃષિવિજ્ઞાન, ગોપાલન, પૌરોહિત્ય, સંગીત, ચિત્ર, નૃત્ય, શાસન વ્યવસ્થા, વાણિજય, સોનીકામ, લુહારીકામ, સુથારીકામ, વણાટકામ, કુંભારકામ, આદિ અનેક વિષયોનું શિક્ષણ વેદકાલમાં આપવામાં આવતું.

એ વાત નોંધનીય છે કે આ બધા વિષયોનું શિક્ષણ ગુરુકુલોમાં જ અપાતું તેમ નથી. અનેક વિષયોનું શિક્ષણ તે માટેના ખાસ કેન્દ્રોમાં આપવામાં આવતું. આમાંના કેટલાક વિષયોનું શિક્ષણ પરિવાર દ્વારા વારસામાં પણ મળતું.

૫. વેદકાલીન શિક્ષણ પદ્ધતિ

(૧) આશ્રમી જીવન પદ્ધતિ

વેદકાલીન શિક્ષણમાં વ્યાવસાયિક શિક્ષણ છે તો ખરું જ, પરંતુ તે સાવ ગૌણ સ્વરૂપે છે. જીવન અને અધ્યાત્મનું શિક્ષણ વેદકાલીન શિક્ષણનું કેન્દ્રસ્થ તત્ત્વ છે. જીવન અને અધ્યાત્મનું શિક્ષણ તો જીવન દ્વારા આપી શકાય છે. વિદ્યાર્થીઓ ગુરુ અને ગુરુમાતાની સાથે જીવે છે. તેમના જીવનને જુએ છે અને આ સહજીવન દ્વારા જીવન જીવવાની અને અધ્યાત્મ સિદ્ધ કરવાની વિદ્યા આત્મસાત કરે છે.

ગુરુનું સાનિધ્ય અને આશ્રમજીવન આ વેદકાલીન જીવનની પ્રધાન પદ્ધતિ છે. આ આશ્રમી વાતાવરણ જ વિદ્યાર્થીના જીવનને ઘડે છે.

વિદ્યાર્થીઓ ગુરુની સાથે જ વહેલી સવારે ઊઠે છે. સૌ સાથે જ નદીએ સ્નાન કરવા જાય છે. નાના અને નવા વિદ્યાર્થીઓને ગુરુ તથા મોટા વિદ્યાર્થીઓ સ્નાન કરવાની વિધિ શીખવે છે. સૌ સાથે મળીને સૂર્યને અર્ધ્ય આપે છે. સ્નાન પછી નદીકિનારે બેસીને સંધ્યાવંદન થાય છે. આશ્રમે આવીને સૌ સાથે મળીને અગ્નિહોત્ર કરે છે. ગુરુ અને મોટા વિદ્યાર્થીઓ અન્ય વિદ્યાર્થીઓને વેદમંત્રો શીખવે છે. વિદ્યાર્થીઓ ગાયો ચરાવવા જાય છે. વિદ્યાર્થીઓ યજ્ઞ અને રસોઈ માટે લાકડાં લેવા જાય છે. સૌ સાથે મળીને આશ્રમની ખેતી સંભાળે છે.

સવાર સાંજ વર્ગો ચાલે છે. ગુરુ શિષ્યોને વેદમંત્રો અને અન્ય વિષયો શીખવે છે. આશ્રમમાં અવારનવાર બહારથી અતિથિઋષિઓ આવે છે. તેમની પાસેથી પણ વિદ્યાર્થી અનેકવિધ શિક્ષણ પામે છે.

ગુરુમાતા પોતાના વિદ્યાર્થીઓને સંતાનોની જેમ સંભાળે છે. તેમને સ્નેહથી ભોજન કરાવે છે.

રાત્રે સૌ ખુલ્લા આકાશમાં બેસે છે. ગુરુમહારાજ આકાશના તારાઓની વિદ્યાર્થીઓને ઓળખ કરાવે છે અને ખગોળશાસ્ત્રનું શિક્ષણ પણ આપે છે.

આ છે વેદકાલીન શિક્ષણની આશ્રમી જીવન પદ્ધતિ. આ આશ્રમી જીવન પદ્ધતિ અને ગુરુ સાનિધ્ય, વેદકાલીન શિક્ષણ પદ્ધતિનું કેન્દ્ર છે, શિક્ષણનું સમર્થ માધ્યમ છે.

(૨) સંથા-પદ્ધતિ

વેદમંત્રો ગુરુમુખે સાંભળી શીખવાના હોય છે. ગુરુ વેદમંત્રનું શુદ્ધ ઉચ્ચારે ઉચ્ચારણ કરે, શિષ્ય તેને એકાગ્રભાવે સાંભળીને તેને ગ્રહણ કરે. પછી શિષ્ય ઉચ્ચારણ કરે અને ભૂલ હોય તો ગુરુ સુધારે આ રીતે વેદનો એક-એક મંત્ર ગુરુ શિષ્યને શીખવે છે. આ ઉચ્ચારણ-શ્રવણ પદ્ધતિ છે. આ પદ્ધતિને સંથા-પદ્ધતિ કહેવામાં આવે છે.

વિદ્યાર્થીઓ આ રીતે ગુરુ પાસેથી ગ્રહણ કરીને વેદમંત્રો શુદ્ધ સ્વરૂપે કંઠસ્થ કરે, તેવી પરંપરા હતી. સાથે સાથે મંત્રોના 'છંદ' અને ઉચ્ચારણશાસ્ત્ર 'શિક્ષા'નું શિક્ષણ પણ અપાતું રહેતું. આ સાથે વ્યાકરણ અને નિરુક્તનું શિક્ષણ પણ ચાલુ જ રહેતું.

વેદના મંત્રો લખવાની પરંપરા તો ખૂબ મોડી શરૂ થઈ છે. હજારો વર્ષો સુધી વેદ કંઠસ્થ રાખીને જ જળવાયા છે. વેદ વાંચીને નહિ, સાંભળીને જ શીખાય છે અને તે રીતે જ જળવાય છે. હજારો વર્ષો સુધી ગુરુકુલની આ ગુરુશિષ્ય પરંપરાએ કર્ણોપકર્ણ પરંપરાથી કંઠસ્થ રાખીને જ વેદને જાળવ્યા છે.

વેદમંત્રો શુદ્ધ સ્વરૂપે જળવાય તે માટે ખૂબ જ આગ્રહ રાખવામાં આવ્યો છે. મંત્રોને તેના મૂળ સ્વરૂપે જાળવી રાખવા માટે વેદ પાઠની સંહિતાપાઠ, પદપાઠ, જટાપાઠ, ઘનપાઠ આદિ અનેક પદ્ધતિઓનો ઉપયોગ થયો છે.

**ક્રમશ...**

સરસ્વતી નિકેતન આશ્રમ, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## (૦૨) ગાંધીબાપુની વાતો...

**- દિનુ ચુડાસમા**

મહાત્મા ગાંધી જીવનની ક્ષણેક્ષણનો વિનિયોગ કરતા, પ્રત્યેક કાર્યમાં સભાન રહેતા. વિશ્વની મોટાભાગની સમસ્યાઓના ઉપાય નિષ્ણાતોને ગાંધીજીવન દર્શનના આચરણમાં રહેલા જણાયા છે. ચાલો આજે આપણે બાપુને વાતચીતના માધ્યમથી સમજીએ...

(૧) એક દિવસ આશ્રમમાં એક સાથીને ખેતરમાંથી માટીનું ઢેફું હાથમાં લાવતાં જોઈ ગાંધીજીએ પૂછ્યું :

બાપુ: 'ભાઈ, માટીનું ઢેફું શા માટે લાવ્યા છો ?'

સાથી : 'બાપુ, એ તો લોટો માંજવા લાવ્યો છું.'

બાપુ : 'પણ આવડું મોટું ઢેફું શા માટે ?'

સાથી : 'બાપુ, ઢેફું મોટું હતું તેથી મોટું લઈ આવ્યો.'

બાપુ : 'જે માટી વધશે એનું શું કરશો ?'

સાથી : 'બાપુ, એ તો ત્યાં ખેતરમાં પડ્યું હતું તેમ અહીં પડ્યું રહેશે.'

બાપુ : 'ભાઈ ! આ ઢેફું ત્યાં તો એને સ્થાને પડયું હતું. હવે એ વધારાનું અહીં વેડફાશે માટે કુદરતમાંથી જોઈએ ત્યારે, જોઈએ એટલું જ ગ્રહણ કરવું.'

(૨) મહંમદઅલી ઝીણાને એક પત્રકારે પૂછેલું :

'મહાત્મા ગાંધી તો રાતે વહેલા સૂઈ જાય છે.

તમે રાતે મોડે સુધી જાગો છો. એનું કારણ શું ?'

ઝીણાસાહેબનો જવાબ સાંભળો :

'ગાંધી વહેલા સૂઈ જાય છે કારણ કે એમનું રાષ્ટ્ર (હિંદુઓ) જાગી ગયું છે.

પરંતુ મારું રાષ્ટ્ર (મુસલમાનો) હજી ઊંઘે છે.'

(૩) ઈ.સ. ૧૯૧૭નું વર્ષ ગોખલેજીની પુણ્યતિથિ વર્ષ ઊજવવા માટે ગાંધીજીએ સૂચના કરી કે ગોખલેજીના ભાષણો, લેખો ગુજરાતીમાં અનુવાદ કરી, પ્રકાશિત કરી લોકો સુધી પહોંચાડી ઊજવાય. આ કાર્યની મુખ્ય જવાબદારી બાપુએ નરહરિ પરીખને સોંપી. તેમાં એક અનુવાદકનો અનુવાદ નબળો હતો, પણ નરહરિભાઈ અનુવાદકની ઉંમર અને કીર્તિને જોઈને એમને કાંઈ કહી શકયા નહીં. અનુવાદ પામેલ પુસ્તકના ફરમા ગાંધીજીને વાંચન માટે સોંપાયા. બીજે દિવસે ગાંધીજીએ નરહરિભાઈને બોલાવી કહ્યું :

'નરહરિ, આ ભાષા તો મુદ્દલ ચાલે તેવી નથી. આવી તરજુમિયા ભાષા કોણ સમજશે ? તમે આ પાસ કેમ કર્યું ? વારુ, આખી ચોપડી તૈયાર થઈ ગઈ છે ?'

નરહરિ પરીખ : 'હા'.

ગાંધીજી : 'તો પણ આપણે તો એ રદ્દ જ કરવી પડશે.'

નરહરિ પરીખ : 'પણ આખી ચોપડી તૈયાર થઈ ગઈ છે. અને આટલા કામનું લગભગ સાતસો રૂપિયા તો બિલ થઈ ગયું હશે. એટલું બધું ખર્ચ કરેલું નકામું જવા દેવાય ?'

ગાંધીજી : 'નરહરિ, સાતસો તો શું સાત હજાર રૂપિયા નકામા જતા હોય તો પણ હું જવા દઉ. હું તો પાઈ પાઈની ગણતરી કરું અને પ્રસંગ આવ્યે આવા ખર્ચની પરવા પણ ન કરું. આપણે પૈસા ખર્ચ્યા છે, માટે શું આવી નબળી ચોપડી પ્રજા આગળ મૂકીએ ? એ તો બેવડો વ્યય થાય !'

(૪) ગાંધીજી રેલવેના ત્રીજા વર્ગના ડબ્બામાં જ મુસાફરી કરતા. એક વખત એક પત્રકારે ગાંધીજીને પૂછ્યું : 'બાપુ, તમે કેમ રેલવેના ત્રીજા વર્ગમાં જ બેસો છો ?'

બાપુ : 'કારણ કે રેલવેમાં ચોથો વર્ગ તો હોતો નથી એટલે !'

(૫) શાંતિનિકેતનમાં એક યુવાન મહિલાએ પોતાની હસ્તાક્ષરપોથીમાં ગાંધીજીના હસ્તાક્ષર માગ્યા. ગાંધીજીએ હસ્તાક્ષર કરી લખ્યું : 'વચન આપવામાં કદી ઉતાવળ કરવી નહીં. એકવાર વચન આપ્યા પછી પ્રાણના ભોગે પણ તેનું પાલન કરવું.'

રવીન્દ્રનાથને એ લખાણ વાંચીને અકળામણ થઈ. એ જ પોથીમાં રવિબાબુએ બંગાળીમાં એક કાવ્યપંક્તિ લખી જેનો અર્થ હતો : 'કોઈને પણ માટીની બનાવેલી સાંકળ વડે

બંદીજન ન બનાવી શકાય.'

ગુરુદેવ એટલે જ ન અટકી ગયા અને અંગ્રેજીમાં લખ્યું : 'જો આપેલું વચન તમને ખોટું જણાય તો એને ફંગોળી દેવું.'

(૬) ડૉ.મોટ નામના માણસે આઝાદી પૂર્વે ગાંધીજીને પૂછ્યું : 'બાપુ, તમારા મતે ભારત દેશની સૌથી મોટી સમસ્યા શું છે ?'

ગાંધીજી : 'બૌદ્ધિકોની હૃદયશૂન્યતા'.

સાંપ્રતમાં પણ બાપુની આ વાત કેટલી પ્રસ્તુત છે ?

(૭) અમેરિકન પત્રકાર કુમારી માગરિટ બર્ક-વ્હાઈટે બાપુને પુછેલું : 'બાપુ, આજે અમેરિકન પ્રજા અણુવિસ્ફોટની આશંકા હેઠળ ફફડી રહી છે. આપ અણુબોમ્બની સામે અહિંસાનો ઉપયોગ શી રીતે કરવાનું ઇચ્છો ?'

ગાંધીજીએ કહ્યું : 'અણુબોમ્બની સામે પ્રાર્થનામય કર્મ કામિયાબ બને તેવી મારી શ્રદ્ધા છે.'

(૮) એક પાદરીએ ગાંધીજીને પૂછ્યું : 'બાપુ, તમારી સેવા પાછળ કોઈ સિદ્ધાંત પ્રત્યેનો પ્રેમ છે કે માનવ પ્રત્યેનો પ્રેમ ?'

ગાંધીજી : 'માનવ પ્રત્યેનો પ્રેમ. જો હું માનવીની સેવા ન કરી શકું, તો સિદ્ધાંત પ્રત્યેનો પ્રેમ નિષ્પ્રાણ છે.'

(૯) એક વખત આચાર્ય કૃપાલાનીજીએ ગાંધીજીને પૂછ્યું કે : 'બાપુ, આમ અહિંસક આંદોલનથી દુનિયાનો કોઈ દેશ સ્વતંત્ર થયો હોય એવું ઇતિહાસમાં બન્યું નથી.' આ સાંભળી ગાંધીજીએ કહ્યું હતું : 'કૃપાલાની, તમે ઇતિહાસ ભણાવો છો, પણ આપણે એક ઇતિહાસ રચવાનો છે.'

(૧૦) દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ જનરલ સ્મટ્સ સામે ભારતીયોના હક્ક માટે લડત આદરેલી. પણ બાપુ તો દરેક મોરચો સામેનાને જાણ કરીને માંડતા. આ જોઈ ગાંધીજીને જનરલ સ્મટ્સે કહેલું તે કાન દઈને સાંભળો :

'ગાંધી, તમારી સામે તો કઈ રીતે કામ લેવું ? તમે તો જાતે સહન કરીને લડો છો. અમારું કશું બગાડતા નથી. મનમાં પણ અમારું બૂરું ઇચ્છતા નથી. અમે આફતમાં હોઈએ ત્યારે ઊલટાના તમારી લડત સંકેલી લો છો. જે શિસ્ત તમારા માટે તમે પોતે નકકી કરી હોય, તે બરાબર પાળો છો. તમને તે શું કરવું ?'

સાંભળી ગાંધીજી મરક મરક હસેલા.

(૧૧) એક માણસે મહાત્મા ગાંધીજી સાથે ગૌસુરક્ષા બાબતે માર્ગદર્શન માટે સમય માગ્યો. બાપુએ વહેલી સવારે પાંચ વાગ્યે આવવાનો સમય આપ્યો. એ ભાઈ પાંચના સમયે આવી શકયા નહીં. બાપુ તો સમય જતાં બીજા કામે જતા રહ્યા. પુનઃ સમય માગ્યો, ત્યારે ગાંધીજીએ કહ્યું : 'સવારે પાંચના ટકોરે આવો.'

પેલો માણસ કહે : 'તમે આપેલ સમયે અવાય નહીં તો ?'

ગાંધીજીએ કહ્યું : 'મને લાગે છે કે તમારે માત્ર વાતો જ કરવી છે, ગૌરક્ષાની વાત ગૌણ છે. જે માણસ સમયને વફાદાર રહી શકતો નથી તે કંઈ જ કરી શકતો નથી. માટે ભાઈ, હવે આવતી કાલે આવશો નહીં.

(૧૨) એક વાર શ્રીરામ ચિંચલીકરે સ્વામી આનંદને પૂછ્યું હતું : 'તમે ગાંધીજી તરફ શી રીતે ખેંચાયા ?'

સ્વામી આનંદ : 'સાધુઓની સંગતમાં મેં વર્ષો સુધી વિવિધ પ્રકારનાં તપ કરેલાં. તે વખત સુધીમાં પ્રકાશિત થયેલાં 'ગીતા' વિશેનાં સેંકડો પુસ્તકો મેં ઉથલાવી નાખેલાં. આ માણસ એવો લાગ્યો, જે કહેતો હતો તે કરતો હતો.'

(૧૩) એક વખત બાપુ અને રાજાજીને વાતોમાં રાત્રિના પોણા દસ થઈ ગયા. ત્યારે રાજાજીએ કહ્યું : 'હવે મારે જલદીથી જવું જોઈએ, કારણ કે વાતોમાં મોડું થઈ ગયું છે અને હું આપને ચાહું છું'

ગાંધીજી : 'હા, તમે ભાગો હું પણ મારી જાતને ખૂબ ચાહું છું.'

●---------●●●--------●●●---------●

મધુવન સોસાયટી, જેસર રોડ, ખોડલ પાનવાળી શેરી, મું. સાવરકુંડલા- ૩૬૪૫૧૫, મો. ૯૯૭૯૧૮૭૫૮૭

## (૦૩) ગાંધીજીની દોઢ શતાબ્દી-૦૬
## ફિનિક્સ આશ્રમ એટલે (અન ટુ ધીસ લાસ્ટનું સંતાન)

- હિરજી નાકરાણી

ઈ.સ.૧૮૯૩ના એપ્રિલ માસમાં ગાંધીજી પોતાનું નસીબ અજમાવવા દ.આફ્રિકા જવા ઉપડ્યા ને મે માસની આખરમાં તેઓ નાતાલ બંદરે પહોચ્યા. ત્યાં તેમને તેમના અસીલ શેઠ અબ્દુલ્લા લેવા માટે આવેલા. નાતાલમાં કેટલાક ગોરાઓનો પરિચય થયો. તેમાં સૌથી નજીક હતા મિ.એ.એચ.વૅસ્ટ. તેમનો પરિચય એક નિરામિષાહારી ભોજન ગૃહમાં થયેલો. તે જ રીતે બીજા મિત્ર એચ.એસ.એલ. પોલાકનો પણ તે જ ભોજનગૃહમાં થયો હતો.

જે ટેબલ પર ગાંધીજી બેઠા હતા ત્યાંથી થોડે દૂરના ટેબલ પર એક નવ જુવાન બેઠો હતો, ગાંધીજીને મળવાની ઈચ્છાથી ગાંધીજી ઉપર ચિઠ્ઠી મોકલી. વાંચીને ગાંધીજીએ તેઓને પોતાના ટેબલ પર આવવા નોતર્યા. આગંતુકે પોતાનો પરિચય આપતાં કહ્યું.

"હું 'ક્રિટિક'નો ઉપતંત્રી છું. તમારો મરકી વિશેનો કાગળ વાંચ્યાં પછી તમને મળવાની મને બહુ ઈચ્છા થઈ. આજે હું એ તક મેળવું છું." મિ.પોલાકની આવી નિખાલસતાથી ગાંધીજી તેમના તરફ આકર્ષાયા ને તે દિવસથી એક બીજાને ઓળખતા થઈ ગયા.

ગાંધીજી નાતાલથી એક સાપ્તાહિક 'ઈન્ડિયન ઓપિનિયન' પ્રગટ કરતા હતા. તેની જવાબદારી મિ. વૅસ્ટને આપવામાં આવી હતી. પણ શહેરમાં તેના ખર્ચને પહોંચી વળાય એવી શક્યતા ન રહી એટલે તેને કોઈ ગામડાંમાં લઈ જવાનો વિચાર કરતા હતા. એવામાં વેસ્ટનો પત્ર આવ્યો. તેથી તેઓ પોતે વૅસ્ટને મળવા નાતાલ ઉપડ્યા. મિ.પોલાક બધી વાત જાણતા હતા. મિત્ર પોલાક ગાંધીજીને સ્ટેશને મૂકવા ગયા. તેમણે તે વેળા એક પુસ્તક ગાંધીજીના હાથમાં મૂકીને કહ્યુ;

"આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેવું છે, તે વાંચી જજો. તમને ગમશે" એમ કહીને તેમણે રસ્કિનનું પુસ્તક "અન ટુ ધિસ લાસ્ટ" ગાંધીજીના હાથમાં મૂક્યું. વાંચ્યા પછી ગાંધીજી સત્યના પ્રયોગોમાં લખે છે.

"આ પુસ્તક લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી લીધો. જોહાનિસબર્ગથી નાતાલ ચોવીસ કલાકનો રસ્તો હતો. ટ્રેન સાંજે ડરબન પહોંચતી હતી. પહોંચ્યા પછી આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઈરાદો કર્યો."

આ પહેલા રસ્કિનનું એક પણ પુસ્તક તેમણે વાંચ્યું નહોતું. વિદ્યાભ્યાસ કાળમાં પાઠ્ય પુસ્તકો સિવાય અન્ય વાચન નહીં જેવું જ હતું. કામની અતિ વ્યસ્તતાને કારણે સમય ઘણો ઓછો મળતો હતો. જે થોડો ઘણો જ બચતો હતો. પરાણે પાળેલા સંયમથી તેઓ કહે છે; "મને નુકસાન નથી થયું એમ હું માનું છું. પણ જે થોડાં પુસ્તકો વાંચ્યાં છે તેને હું ઠીક પચાવી શક્યો છું, એમ કહી શકાય. એવાં પુસ્તકોમાં જેણે મારી જિંદગીમાં તત્કાળ મહત્ત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો એવું તો આ પુસ્તક જ કહેવાય."

તેમણે 'અન ટુ ધિસ લાસ્ટ' વાંચીને તેનો ગુજરાતી અનુવાદ 'સર્વોદય'ના નામે પ્રકાશિત કર્યો છે.

તેઓ લખે છે; "જે વસ્તુ મારામાં ઊંડે ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું ને તેથી તેણે મારી ઉપર સામ્રાજ્ય જમાવ્યું. ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો. આપણામાં જે સારી ભાવના સૂતેલી હોય તેને જાગ્રત કરવાની શક્તિ જે ધરાવે તે કવિ છે. બધા કવિની બધા ઉપર સરખી અસર નથી પડતી, કેમકે બધામાં બધી સારી ભાવનાઓ એક સરખા પ્રમાણમાં હોતી નથી.

રસ્કિનના 'અન ટુ ધિસ લાસ્ટ' ને સમજીને તેમણે 'સર્વોદય' નામે જે અનુવાદ કર્યો તેમાં માત્ર ત્રણ સિદ્ધાંતો

રજૂ કરીને જીવનના રહસ્યને પ્રગટ કરી દીધું.

૧. બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

૨. વકીલ તેમજ વાળંદ બન્નેના કામની કિંમત એક સરખી હોવી જોઈએ, કેમકે આજીવિકાનો હક્ક બધાને સરખો છે.

૩. સાદું મજૂરનું, ખેડૂતનું જીવન ખરું જીવન છે.

તેઓ સમજ આપતાં આગળ લખે છે;

પહેલી વસ્તુ હું જાણતો હતો.

બીજીની હું ઝાંખી જોતો હતો.

ત્રીજીનો તો મેં વિચાર જ નહોતો કર્યો.

પહેલીમાં બીજી બન્ને સમાયેલી છે. એ મને 'સર્વોદયે' દીવા જેવું દેખાડ્યું. સવાર થયુંને હું તેનો અમલ કરવાના પ્રયત્નોમાં પડ્યો.

જો કે રસ્કિને પોતાના વિચારોનો અમલ કરી બતાવવાનું આયોજન તો કરી જ રાખેલું પણ સંજોગોવશાત અમલ કરી શક્યા નહીં, તેથી છેલ્લે સુધી મનમાં રંજ રહી ગયો હતો. તેનો અમલ કરવાનું ગાંધીજીના શિરે લખાયેલું હશે, તો જ પુસ્તક તેમના હાથમાં આવ્યું અને પોલાકે સમજીને આ પુસ્તક વાંચવા કહેલું. પુસ્તક છે તો સાવ નાનકડું ૧૧૨ પેજનું અને ગુજરાતી અનુવાદ (સર્વોદય) તો માત્ર ૩૨ પેજનું જ છે. પણ રસ્કિને ગાગરમાં સાગર ભરી દીધો હતો. આ નાનકડાં પુસ્તકે અમીર-ઉમરાઓમાં ખળભળાટ મચાવી દીધો હતો. (આ પુસ્તકના વિચાર બીજે દક્ષિણ આફ્રિકામાં એક બાળકને જન્મ આપ્યો જેનું નામ રાખ્યું ફિનિક્સ આશ્રમ)

બીજા દિવસે તેમણે જે આખી રાત મનોમંથન કર્યું હતું, તેમાંથી એક નવો વિચાર આવ્યો તે મિ.વૅસ્ટને વિગતે કહીને એવું સૂચન પણ કર્યું, 'ઈન્ડિયન ઓપિનિયન'ને એક ખેતરમાં લઈ જવું. ત્યાં સૌ એક સરખો ખાધા-ખરચ પૂરતો ઉપાડ કરે. સૌ પોતાને ફાળે મળતી જમીન પર ખેતી કરે અને બચતા વખતમાં 'ઈન્ડિયન ઓપિનિયન'નું કામ કરે. વૅસ્ટને સૂચન ગમ્યું. તેણે તેનો સ્વીકાર કર્યો. દરેકનું ખાધા-ખરચ ઓછામાં ઓછું ત્રણ પાઉંડ થાય એવી ગણતરી કરી. આમાં ગોરા-કાળાનો ભેદ નહોતો રાખવામાં આવ્યો. પણ પ્રેસમાં તો દશેક કામ કરનારા હતા. બધાને જંગલમાં વસવું અનુકૂળ આવે કે નહીં એ સવાલ હતો અને બધા એક સરખો ખાવા-પહેરવા જોગો જ ઉપાડ કરવા તૈયાર થાય કે નહીં એ ત્રીજો સવાલ હતો.

ગાંધીજી કહે છે; "અમે બન્નેએ તો એવો નિશ્ચય કર્યો કે જે આ યોજનામાં દાખલ થઈ શકે તે પોતાનો પગાર ઉપાડે. ધીમે ધીમે બધા સંસ્થાવાસી થઈને રહે એ આદર્શ રાખવો."

ગાંધીજીએ આ દૃષ્ટિનો ખ્યાલ રાખી કામદારોને વાત કરવી શરૂ કરી. પ્રથમ મદનજીને તો વાત ગળે ન ઉતરી. એને બીક લાગી કે જે વસ્તુમાં પોતે પોતાનો આત્મા રેડ્યો હતો તે પોતાની મુર્ખાઈથી એક માસમાં ધૂળ-ધાણી થઈ જવાની. એટલે તેમણે કહ્યું; "ઈન્ડિયન ઓપિનિયન નહીં ચાલે, પ્રેસ પણ નહીં ચાલે ને કામદારો ભાગી જશે."

ગાંધીજીના ભત્રીજા છગનલાલ ગાંધી પણ પ્રેસમાં કામ કરતા હતા. તેમને પણ ગાંધીજીએ વૅસ્ટની સાથે જ વાત કરી. છગનલાલ પર કુટુંબનો બોજો હતો પણ નાનપણથી જ તેણે ગાંધીજી હેઠળ તાલીમ લેવાનું ને કામ કરવાનું પસંદ કર્યું હતું અને ગાંધીજી પર તેમને બહુ વિશ્વાસ પણ હતો એટલે દલીલ કર્યા વગર તે જોડાઈ ગયા.

ત્રીજો ગોવિંદસામી નામનો યંત્ર ચાલક હતો, તે પણ જોડાયો. બીજા સંસ્થાવાસી ન હતા પણ તેમણે ગાંધીજી પ્રેસને જ્યાં લઈ જાય ત્યાં આવવા કબૂલ કર્યું.

ગાંધીજીએ છાપામાં ડરબનની નજીક કોઈ સ્ટેશન પાસે જમીનના ટુકડા માટે જાહેરખબર મૂકી. આના જવાબમાં ફિનિક્સની જમીનનું કહેણ આવ્યું. એટલે તે જમીન જોવા ગાંધીજી વૅસ્ટને લઈને ગયા. સાત દિવસમાં ૨૦ એકર જમીન લઈ લીધી. તેમાં એક નાનાકડો પાણીનો ઝરો હતો. જમીન પર કેટલાંક નારંગીનાં અને આંબાનાં વૃક્ષો હતાં. આ જમીનની જોડાજોડ એક ૮૦ એકરનો મોટો ટુકડો પણ હતો. તેમાં પણ વધારે ફળઝાડ અને એક ઝૂંપડું પણ હતું. તે પણ થોડાં દિવસ પછી ખરીદી લીધું. આમ ૧૦૦ એકર જમીનના તેમણે ૧૦૦૦ પાઉંડ આપી ખરીદી લીધું.

ગાંધીજીએ શેઠ પારસી રુસ્તમજીને પોતાની આખી યોજના સમજાવી. તેઓ ગાંધીજીના સાહસોના ભાગીદાર હતા. એટલે એમને પણ યોજના ગમી ગઈ. એટલે તેમણે એક મોટા ગોડાઉનનાં પતરાં પડ્યાં હતાં, એટલે છાપરા બાંધવા સાવ મફતમાં આપી દીધાં. એટલે થોડા સમયમાં બાંધકામ શરૂ કરી દીધું. કેટલાક હિન્દી સુથારો અને સલાટો તેમની સાથે સત્યાગ્રહની લડતમાં જોડાયા હતા તેમની મદદથી છાપકામનું કારખાનું બાંધવાનું શરૂ કર્યું. એક માસમાં એક મકાન તો તૈયાર થઈ ગયું તે પણ ૭૫ ફૂટ લાંબુ અને ૫૦ ફૂટ પહોળું હતું. વૅસ્ટ અને અન્ય સાથીઓએ પોતાના શરીરના જોખમે કડિયા-સુથાર સાથે વસવાટ શરૂ કર્યો.

ફિનિક્સમાં અવાવરુ જમીનમાં ખૂબ ઘાસ થયેલું હતું અને વસતિ તો મુદ્દલ હતી જ નહીં, તેથી સર્પોનો ઉપદ્રવ બહુ હતો. તેની વચ્ચે પ્રથમ તો તંબૂ તાણીને સૌ સાથે રહ્યા. મુખ્ય મકાન તૈયાર થઈ ગયું, એટલે એક અઠવાડિયામાં ઘણોખરો સામાન ગાડાં થકી ફિનિક્સ લઈ જવાયો. ડરબન અને ફિનિક્સ વચ્ચે માત્ર તેર જ માઈલનું અંતર હતું. અને દરિયા કાંઠેના ગામથી સ્ટેશન તો અઢી માઈલ જ છેટું હતું. માત્ર એક જ અઠવાડિયું નાતાલના મર્ક્યુરી પ્રેસમાં 'ઈન્ડિયન ઓપિનિયન' છપાવવું પડ્યું.

ગાંધીજી સાથે જે જે સગાંઓ ગયેલાં તે બધાં વેપારમાં લાગી ગયાં હતાં. તેમને પોતાના મતમાં ભેળવવાનો અને ફિનિક્સમાં લઈ જવાનો તેમણે પ્રયત્ન કર્યો. આ બધાં તો દ્રવ્ય એકઠું કરવા હોંશે હોંશ દક્ષિણ આફ્રિકા આવેલાં તેમને સમજાવવાનું કામ મુશ્કેલ હતું, પણ તેમાંનાં કેટલાંક સમજ્યાં પણ ખરાં. આ બધામાંથી તેમણે મગનલાલ ગાંધીનું નામ તારવી કાઢ્યું, કેમ કે બીજા જે સમજ્યા હતા તે થોડો-ઘણો વખત ફિનિક્સમાં રહી પાછા દ્રવ્ય સંચયમાં પડી ગયાં, પણ મગનલાલ ગાંધી તો પોતાનો ધંધો સંકેલીને ગાંધીજી સાથે જ ત્યારથી રહ્યા ને પોતાના બુદ્ધિ-બળથી, ત્યાગ-શક્તિથી ને અનન્ય ભક્તિથી તેમના આંતરિક પ્રયોગોમાંના તેમના મૂળ સાથીઓમાં મુખ્ય હતા. ને સ્વયંશિસ્ત કેળવનારા કારીગર તરીકે તે તેઓમાં ગાંધીજીની દૃષ્ટિએ અદ્વિતીય સ્થાન ભોગવતા હતા.

ગ્રીસની પુરાણકથામાં ફિનિક્સ નામનું એક કાલ્પનિક પક્ષી આવે છે. જે ૫૦૦ વર્ષ સુધી જીવ્યા બાદ જાતે બળીને ભડથું થઈ ગયું. તે પછી એની ભસ્મમાંથી જ એ પાછું સજીવન થયું. સત્યમય જીવનનો વિચાર બળીને ખાખ થાય તો પણ એ ખાખમાંથી પાછો ઊભો થશે એવી શ્રદ્ધાને પોષનાર આ નામ હોવાથી ગાંધીજીએ આ વસાહતને પણ એ જ નામે ઓળખાવી. આપણે તેને અગ્નિપૂત કે સંજીવની કે અમર આશ્રમ કહીએ.

રસ્કિનના અન ટુ ધિસ લાસ્ટ ગ્રંથની ગાંધીજીના ચિત્તપટ ઉપર જાદૂઈ અસર થઈ હતી. બીજી બાજુ ડરબનમાં રહીને કારીગરોને વધારે વળતર આપીને 'ઈન્ડિયન ઓપિનિયન' કાઢવું એ મોંઘું પડી રહ્યું હતું. તેને બદલે ગામડે લઈ જઈને છાપુ ચલાવીએ તો થોડી છાપકામની મજૂરી અને બાકી દરેક જણને ભાગે આપવામાં આવનાર ત્રણ એકર જમીનમાંથી કમાણી મેળવીને કામ નભશે એવી કલ્પના હતી. મિ.વૅસ્ટ અને ગાંધીજી બન્નેએ આયોજનમાં ભળીને યોજનાને કારગર બનાવી. ગાંધીજી કહે છે; "આપણે તૈયાર તો ફિનિક્સ આશ્રમમાં જ થઈ શકીશું. સ્મશાનમાં સૂતા પણ નીડર રહેવું એ કર્તવ્ય છે. પણ સ્મશાનમાં સૂવાનું શરૂ કરનાર માણસ જ ભયથી મરી રહે એવો સંભવ છે તેમ તમારું અને મારું હિન્દુસ્તાન હાલ સ્મશાનરૂપ છે. તેમાં પથારી કરી મીરાબાઈનું ભજન "બોલમા બોલમા..."- વગરે કરી શકીએ એ તૈયારી અહીં જ કરવાની ઘટે.

મારી હયાતીમાં આપણે ફિનિક્સમાં સંપૂર્ણ ગરીબાઈ ભોગવીએ એમ હું ઈચ્છું છું. તેવો વખત આપે એવું ઈશ્વર પાસે માગું છું. પણ ચિહ્નો તો બધા વિપરીત જ જોઉં છું. આવતી કાલ માટે પાઈ નથી, તો કેમ થશે એવો અલભ્ય લાભ આપણને નથી મળવાનો, એમ થયા કરે છે. એ લાભ હું અલભ્ય ગણું છું કેમકે તે સ્થિતિ દુનિયાના મુખ્ય ભાગની છે. તે સ્થિતિ બુદ્ધિની હતી, અને હવે પછી હશે. તે વિના આત્મારામ ન જાણી શકાય એમ ચોક્કસ થયા કરે છે.

ગાંધીજીની સામૂહિક પ્રાર્થનાનો આરંભ થયો ફિનિક્સ આશ્રમથી. એની પરિસમાપ્તિ થઈ સને ૧૯૪૮ના જાન્યુઆરી-૩૦ના રોજ દિલ્હીની એમની પ્રાર્થના

સભાઓથી. ફિનિક્સ સેટલમેન્ટમાં દિવસના અંતે બધાં ભેગાં થતાં એને તેઓ મિટિંગ કહેતા હતા. ક્વેકર સંપ્રદાયના લોકો બલ કે ક્વેકરોમાં મિટિંગ શબ્દ પ્રાર્થનાના પર્યાય તરીકે વપરાય છે, તેવું ફિનિક્સ આશ્રમના પ્રારંભમાં નહોતું. એ સીધું સાદું સાંધ્ય મિલન જ હતું. આમ મળનાર લોકોની પ્રકૃતિએ એ મિલનને પ્રાર્થનાનો ઘાટ આપ્યો.

ફિનિક્સમાં ભેગાં થયેલાં ગાંધી કુટુંબના એકથી વધારે સભ્યો બહુ મધુર સ્વરે ભજનો ગાતાં હતાં. તેમાં કદાચ કાશીબહેન છગનલાલ ગાંધી સૌથી શ્રેષ્ઠ ગણાવી શકાય. ગાંધીજી પોતે પણ ભજનોમાં ભળતા હતા. પણ તેને તેઓના પુત્ર દેવદાસના જેવું મધુર ગાન ન કહી શકાય.તેમાં શ્રીમદ રાજચંદ્રનું આત્મસિદ્ધિમાં લખાયેલું, "અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?" મહાકષ્ટ પામ્યા વિના કૃષ્ણ કોને મળે? જેવાં ભજનો ગવાતાં હતાં.

પારસી રુસ્તમજી જ્યારે પણ ફિનિક્સ આવે ત્યારે તેઓ પ્રાર્થનામાં લીન થતા હતા. જેલમાં પણ એમણે ભજનોની રમઝટ જમાવેલી. આગળ જતાં ફિનિક્સમાં જ સવારની પ્રાર્થના પણ શરૂ થઈ હતી. પાયખાના સફાઈ અંગે પ્રયોગો પણ ફિનિક્સથી શરૂ થયા. દશેક વર્ષમાં આશરે અરધો ડઝન જેટલાં પાયખાનાંના પ્રકારો અજમાવાયા હશે. ફિનિક્સમાં આ કામ મુખ્યત્વે મગનલાલ ગાંધીએ ઉપાડી લીધું હતું. જ્યારે ઘણા આશ્રમવાસીઓ લડતમાં અને જેલમાં ગયા ત્યારે કામ કરનારાઓની ખેંચ પડવા માંડી હતી. ઈન્ડિયન ઓપિનિયન નિમિતે વધારાનું કામ મગનલાલને માથે આવ્યું ત્યારે પણ સવારે સ્નાન પહેલાં પાયખાનાં સફાઈ કરી લેવાનો એમનો આગ્રહ હતો. જ્યારે બીજાં બાળકો અને મગનલાલ એકલા જ મોટી ઉંમરના રહ્યા અને લગભગ એકલા હાથે તેમણે ઈન્ડિયન ઓપિનિયન કાઢવું પડતું હતું, ત્યારે એ કામ દેવદાસ અને પ્રભુદાસ ગાંધીને સોંપ્યું એ કામ કેટલું અઘરું હતું તેનું કંઈક વધારે પડતું લાંબુ પણ આબેહૂબ વર્ણન પ્રભુદાસભાઈએ "જીવનના પરોઢ"માં કર્યું છે.

આશ્રમના પાયખાનાની સફાઈ હાથે કરી લેવાના આગ્રહથી ગાંધીજીએ એક સાથે ઘણા હેતુઓ સર કરેલા હતા. આ દુર્ગંધયુક્ત કામ એક જાતિને સોંપી, વળી એ જાતિ પ્રત્યે તિરસ્કાર કેફવીને હિન્દુસ્તાનના હિન્દુઓએ કરેલાં પાપને ધોવાનો તેમાં પ્રયાસ હતો. મનુષ્ય મળથી ઉત્પન્ન થતું અત્યંત ઉપયોગી સોનખાદ વાપરવાની તેમણે ટેવ પાડી. માખીઓથી બચવાના ઉપાયો વિચાર્યા. ફિનિક્સમાં શરૂ થયેલા આ પ્રયોગોની પરંપરા ત્યાર બાદ સ્થપાયેલા આશ્રમોમાં ચાલુ રહી.

ફિનિક્સ આશ્રમમાં નાનાં-મોટાં સ્ત્રી-પુરુષો પોતાની જવાબદારી અને પોતાની શારીરિક શક્તિ મુજબ અલગ અલગ પ્રકારનાં કામો કરતાં હતાં. પણ તેમાં સાંજની પ્રાર્થના, બે વખતનું ભોજન અને એક વખત નાસ્તો અને વિદ્યાર્થીનું ભણવું કે તેમને ભણાવવું એ સાથે મળીને થતું હતું. પ્રેસ અને ખેતીવાડીનું કામ ઘણાં ખરાં કરતાં હતાં. વિદ્યાર્થીઓ ત્રણ કલાક વર્ગોમાં, બે કલાક ખેતીમાં અને બે કલાક પ્રેસનાં કામમાં મદદ કરવા બેસતા હતા. રસોડામાં એકથી બે કલાક કામ થતું હતું. રસોડામાં કામ કરતી વખતે અને ખેતીકામ કરતી વખતેની વાતચીતોમાંથી પણ તેમને ઠીક ઠીક શિક્ષણ મળતું હતું. ફિનિક્સ સેટલમેન્ટની સ્થાપના પાછળ જો કે રસ્કિનના 'અન ટુ ધિસ લાસ્ટ' પુસ્તક વાંચવાથી થયેલી ઊંડી અસર કામ કરતી હતી.

ફિનિક્સનાં બાળકો ગાંધી પરિવારનાં હતાં અથવા ગાંધીજી સાથે સમજપૂર્વક રહેવાં આવેલાં કિશોરો હતાં. ફિનિક્સ આશ્રમ સત્યાગ્રહીની લડતમાંથી આવીને અહીં આશરો લેનારા ગિરમીટિયા કે હડતાલિયાઓની શરણાર્થી છાવણી જેવો થઈ ગયો હતો અને આવનાર લોકોએ ભોગવેલ કષ્ટો જોઈ, સાંભળી અસલ આશ્રમવાસીઓના દિલ દ્રવી ઉઠતાં હતાં, પણ એ અભણ, મહેનતું હિન્દીઓની શ્રદ્ધા એમની તિતિક્ષા અને ધ્યેયને વળગી રહેવાની એમની ચીવટ અને ધારણા શક્તિ જોઈને એ લોકો મુગ્ધ થતા હતા.

સને ૧૯૦૪માં ગાંધીજીએ ફિનિક્સ સેટલમેન્ટની સ્થાપના કરી હતી. અને એક વર્ષ અગાઉ ડરબનથી નીકળતું ઈન્ડિયન ઓપિનિયન ફિનિક્સ ખસેડવામાં આવ્યું હતું. પ્રેસમાં કામ કરનારને ૩-૩ એકર જમીન ખેતી માટે અપાઈ

હતી. બીજાં કામો માટે પણ ગાંધીજીએ પોતાના ખિસ્સામાંથી પૈસા જોડવા પડતા હતા. એ વખતે તેમની વકીલ તરીકેની કમાણી સારી હતી એટલે ઘણો વખત તો દર માસે ૭૫ પાઉન્ડ જેટલી રકમ એમને જોડવી પડતી હતી. ફિનિક્સમાં બાળકો માટે એક છાત્રાલય સ્થપાયું હતું. તેની મદદ ગાંધીજીના લંડન કાળમાં બનેલા આજીવન મિત્ર ડૉ.પ્રાણજીવનદાસ મહેતાએ કરેલી હતી. અવાર-નવાર ગાંધીજીના બીજા મિત્ર પારસી રુસ્તમજી પણ ફિનિક્સ આશ્રમને એક યા બીજા નિમિત્તે આર્થિક સહાય કરતા હતા.

પોતે દક્ષિણ આફ્રિકા છોડ્યું તેનાથી લગભગ એક વર્ષ પહેલાં ગાંધીજીએ ફિનિક્સ આશ્રમની બધી સંપત્તિ એક ટ્રસ્ટ બનાવીને તેને સોંપી હતી. આ વિચાર પણ રસ્કિનની ટ્રસ્ટીશીપની ભાવના અનુસંધાને લેવાયો હતો. ગાંધીજી ૧૯૧૪માં દક્ષિણ આફ્રિકા છોડી ગયા હતા. ૧૯૧૫માં તેમના બીજા દીકરા મણિલાલ ગાંધી પાછા દક્ષિણ આફ્રિકા આવ્યા અને તેમણે બાકીનું પુરું જીવન ફિનિક્સ આશ્રમ અને ઈન્ડિયન ઓપિનિયનની સેવામાં ગાળ્યું હતું. જીવનના ઘણા કપરાં દિવસોમાં તેમણે આ બન્ને કઠણ કામો સંભાળ્યાં-વિકસાવ્યાં હતાં. આ કામ દરમિયાન જ તેમણે લગ્ન પણ કર્યાં હતાં. એમને ત્રણ સંતાનો હતાં, તેમાંથી મોટી દીકરીનું અવસાન થયું છે, પણ તેનાં બાળકો હાલ દક્ષિણ આફ્રિકામાં જ વસે છે. મણિલાલ ગાંધીનો દીકરો અરુણ એની પત્ની સાથે મેમ્ફિસ એમેરિકામાં એમ. કે. ગાંધી ઈન્ટીટ્યુટ ચલાવે છે. સૌથી નાની દીકરી ઈલાએ આખું જીવન દક્ષિણ આફ્રિકામાં ગાળ્યું છે. તે અને તેના એક કાળના પતિ એવા રામગોવન ફિનિક્સ સેટલમેન્ટના ટ્રસ્ટી છે. બન્ને દક્ષિણ આફ્રિકાની પાર્લામેન્ટનાં સભ્યો પણ છે. ૧૯૫૫માં ફિનિક્સ ટ્રસ્ટમાં થોડા સુધારા-વધારા કરવામાં આવ્યા છે. ૧૯૫૬માં મણિલાલ ગાંધીના મરણ પછી ફિનિક્સના વ્યવસ્થાપક તરીકે તેમનાં પત્ની સુશીલા મણિલાલ ગાંધીએ કામ સંભાળ્યું હતું.

૧૯૮૫માં ફિનિક્સ આશ્રમ ક્વાઝૂલુ નાતાલની બે રાજનૈતિક પાટીઓ ઈંક્રાથા અને યુનાઈટેડ ડેમોક્રેટિક ફંડના આપસી ઝઘડાનું શિકાર બન્યું હતું. આ હુલ્લડો પછી ત્યાંની જમીનનો કબજો આઠેક હજાર જેટલાં સ્થાનિક લોકોએ લઈ લીધો હતો. લોકશાહી મુજબની ચૂંટણી પછી નેલસન મંડેલા દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ બન્યા, ત્યાર બાદ આ પરિસ્થિતિમાં ઠીકઠીક સુધારો થયો છે.

ફિનિક્સ આશ્રમનું નામ પોતાની ભસ્મમાંથી આજે ફરી બેઠું થઈ રહ્યું છે. મૂળ વસાહતનાં ઘણાં ખરાં મકાનો ફરી ઊભાં થયાં છે. ટ્રસ્ટના હવેના કાર્યક્રમોમાં માત્ર પોતાનું સમૂહજીવન ચલાવવાનો નહીં પણ આસપાસના બામ્બાચી લોકોની વસાહતોને ઉપયોગી થાય એવા આરોગ્ય, નાના ઉદ્યોગો અને લોક શિક્ષણના કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવે છે.

દક્ષિણ આફ્રિકાના લોકોને લોકશાહી અધિકારો અપાવવામાં ગાંધીજીના સત્યાગ્રહના સિદ્ધાંતોએ બહુ મોટો ભાગ ભજવ્યો છે. આજની ત્યાંની સરકાર આ હકીકતને સમજે છે. અને એટલે જ ગાંધીજીની સ્મૃતિને ટકાવવામાં એને રસ છે. સને-૨૦૦૦નો વિચાર કરીએ તો આજે દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના સિદ્ધાંતોનું અધ્યયન કરવામાં અને એમની સ્મૃતિને તાજી કરવામાં અપૂર્વ રસ જાગ્યો છે.

રસ્કિનનું પ્રાણવાન પુસ્તક એક વ્યક્તિના જીવનને બદલી નાખે, જેનો રંગ બીજાને પણ લાગી જાય એવો ચમત્કાર બતાવતાં 'અન ટુ ધિસ લાસ્ટ' પુસ્તકે ઈંગ્લેન્ડના લોકોમાં જે અસર કરી, તેનાથી વિશિષ્ટ પ્રકારની અસર ગાંધીજી પર થઈ હતી.

માણસ જન્મે છે અને સમય પૂરો થયે મરી જાય છે. પણ એના મુખમાંથી નીકળેલી વાણી કે તેની કલમમાંથી લખાયેલાં અક્ષરો, શબ્દો, વાક્યો અને તેમાં પૂરાયેલ સત્વશીલ વિચારો ક્યારેય મરતા નથી, એની પ્રતીતિ ગાંધીજીનાં જીવનમાં થયેલ ચમત્કારથી આપણે જાણી શકીએ છીએ. શબ્દબ્રહ્મનું આ જ સૌથી મોટું રહસ્ય છે, અને ચમત્કાર પણ છે.

ભલું થજો રસ્કિનનું, ભલું થજો 'અન ટુ ધિસ લાસ્ટ'નું અને ભલું થજો ગાંધીજીના 'સર્વોદય'માં છુપાયેલ અંત્યોદયનું.

## (૦૪) હૃદ્‌ગતિ અનિલ ભટ્ટ

- પ્રકાશ શાહ

અમારા પરિવારમાં ઉત્તરોત્તર પિતૃમાતૃભ્રાતૃમૂર્તિવત્, મારા તો જોકે બહુધા બિરાદર જેવા બની રહેલા મનુભાઈએ વર્ષો પર નયનાની શૈક્ષણિક મથામણ અને કંઈક વ્યાકુળ વૈષ્ણવી આરત જોઈને એને કહેલું કે તું અનિલભાઈને મળ. આ લખું છું, ત્યારે જોઉં છું કે મનુભાઈ લૉબીનું પગથિયું ઊતરવામાં છે અને એક હાથ ઊંચો કરી, અનાયાસ જ ઊંચે દીવાલ ભણી તર્જની ચીંધી કહે છે : ‘હું તો કેળવણીકાર છું, પણ શિક્ષક તો અનિલ છે.’ બનતાં બની આવેલી એમની આ મુદ્રા સંભારું છું, ત્યારે એમનાં અતિપ્રિય બાઇબલ વચનો સ્મૃતિમાં દડી આવે છે કે દીવાને ટોપલા તળે ઢાંકશો મા. એને તો ડુંગરટોચે સ્થાપો, જેથી સૌને એનો પ્રકાશ મળે.

નયનાને તો પછી પણ એમને અનિલભાઈ સાથે ઉપનિષદ યોજવા કહ્યું હશે, પણ અનિલભાઈને પછીનાં વરસોમાં દર્શક ઍવૉર્ડ મળવાનો હતો એનો અવસર અમારે આંગણે તો આમ જાણે કંઈ કેટલાં વરસ આગમચ ઊજવાઈ ગયો ન હોય ! જોકે મનુભાઈએ અનિલભાઈને શિક્ષક કહી એમનું સમુચિત ગૌરવ કીધું હશે એ સાચું; પણ જેમને ‘કોડિયું’માં પ્રસંગોપાત્ત અનિલભાઈની નોંધો વાંચવાનું કે કોઈ વિશેષ વ્યાખ્યાન વાંચવા-સાંભળવાનું બન્યું હશે - મને તો કેટલાંક વરસ એમના વાર્ષિક હેવાલમાંથી પસાર થવાનો લહાવો મળ્યો હશે - એને લાગ્યા વિના નહીં રહે કે દેખીતી દર્શક-પરંપરાના છતાં અનિલભાઈ સ્વતઃ એક શિક્ષણચિંતક પણ છે - અને તેય વ્યાપક નાગરિક નિસબતમાં ચોપાયેલા.

એમનો પિંડ શી-શી વાતે બંધાયો હશે એ વિચારું છું, ત્યારે જોઉં છું કે એ સ્વરાજ આંદોલનનું સંતાન છે. એ ગાંધીયુગનું સંતાન છે, અને એથી સમાજ- નવરચનાના મંથનમનોરથનો પુટ પણ ચડેલો છે. એક વાર કંઈક વાત કરવાનું બન્યું ત્યારે એમની કનેથી, મધુબહેનના પિતાજી છોકરાને (અનિલ આત્મારામ ભટ્ટને) ‘જોવા’ આવ્યા તે ક્ષણની અનિલભાઈની ખેડૂતમુદ્રા વિશેય સાંભળવાનું બન્યું છે. નવરચના સંદર્ભે, વ્યક્તિગત જીવન પ્રકૃતિ સાથે સંકળાઈ પરિશ્રમી કમાણીએ કોળતું હોય એવી બુનિયાદી સમાજનિસબત એમાંથી ફોરતી હશે. ટૉલ્સ્ટૉયે, જાલિમ પ્રેમમૂર્તિ ટૉલ્સ્ટૉયે જે અનેકનો પીછો છોડ્યો નથી, ‘ત્યારે કરીશું શું’ના વાચને કાકાસાહેબના શબ્દોમાં જીવન દૂધમાં ખારો કાંકરો પડી ગયા જેવું થઈ જાય છે, એનો સંસ્કાર પણ એમાં કામ કરતો હશે.

રહો, ટૉલ્સ્ટૉયની વાત ઘડીક રહીને. હમણાં એમને મેં સ્વરાજસંતાન કહ્યા, પણ જીવનના પ્રાથમિક ઘડતરનું શ્રેય તે સ્વરાજસંગ્રામના એકંદર માહોલનાં પ્રતિરૂપ શાં માતાપિતાને આપવા સાથે દક્ષિણામૂર્તિને (સવિશેષ કદાચ ગિજુભાઈ સર્જ્યા વાયુમંડળને) આપે છે. સોટી-શિક્ષણ અને ગોખણપટ્ટીથી હટીને પ્રેમ ઉર્ફે અહિંસાથી, વિકસતાં બાળુડાંની કર્મેન્દ્રિયોની સહજ સંડોવણી સોતી કેળવણીનો જે કીમિયો વીસમી સદીના પૂર્વાર્ધમાં મનુષ્યજાતિ સમક્ષ આવ્યો, મેડમ મોન્ટેસૉરીનો, એનું એક પોતીકું અવતરણ ને આવિષ્કરણ ગુજરાતમાં ગિજુભાઈ મારફતે આવ્યું. અને એ પ્રક્રિયા મોન્ટેસૉરી પદ્ધતિના દેશકાળલાયક નવસંસ્કરણની પણ હતી.

સ્વરાજસંગ્રામ (એટલે કે અહિંસક પરિવર્તનનો ગાંધીયોગ) અને નવી તરેહનું બાળમંદિર (એટલે કે મોન્ટેસૉરીયોગ) આ બેઉની સહોપસ્થિતિ અનિલભાઈને મન કેવળ જોગાનુજોગ નથી. પરસ્પરં ભાવયન્તઃ એવી આ બે પ્રવૃત્તિ અને પ્રક્રિયા છે; કેમકે બંને અહિંસાથી કામ લેવા ચહે છે. અનિલભાઈના વ્યક્તિત્વ અને કર્તૃત્વ વિશે એમના સાંધ્યજીવનની લાલિમામાં ઊભી જોવા વિચારવાનું બને છે, ત્યારે આ જોગસંજોગ સાથેનું એમનું આજીવન સંધાન સુપેરે ઊપસી રહે છે.

દક્ષિણામૂર્તિ અને ઘરશાળામાં થયેલું પ્રાથમિક-માધ્યમિક ઘડતર અને પછી વેડછીમાં થયેલું ઘડતર એમને

પહેલે તબક્કે, બેલાશક પ્રથમ પસંદગીપૂર્વક ખેડુજીવન ભણી જ લઈ ગયું હતું. પણ હરિજનો સાથે આભડછેટ વગરના સહજ વ્યવહારને કારણે આ ખેડૂતને સાથીની ટાંચ પડી, મોટા ભાગની મહેનત-મજૂરી પોતાને હિસ્સે આવી પડી. આ આકરા પરિશ્રમે સ્વાસ્થ્યને જે હાણ પહોંચાડી એથી ખેડુજીવનથી હટવાનું અનિવાર્ય બની ગયું એમ સમજાય છે.

પ્રકારાન્તરે એ ઠીક જ થયું, કેમકે એથીસ્તો આત્મારામ ભટ્ટ પરિવારથી સુપરિચિત દર્શક અનિલભાઈને પંચાયત તાલીમવર્ગ માટે ખેંચી લાવ્યા અને મહેનતમજૂરીના સાદા એટલા જ સંસ્કારી જીવનને સમર્પિત જીવ સહજક્રમે શિક્ષણમાં સંયોજાતો ચાલ્યો. માંહ્યલો એટલે કે અંતરને ગોખલે બેઠો પેલો ખેડુ અલબત્ત જાગતોજ્યોત હતો એટલે કેળવણીના ચાલુ જંતરડાથી ઉફરાટે બુનિયાદી શિક્ષણ આપવાની દિશામાં કંઈક વિશેષ સજ્જતા પણ હતી - અનેક રીતે આવકાર્ય પણ શહેરી મધ્યમવર્ગમાં બદ્ધ મોન્ટેસૉરી-પરંપરા (દક્ષિણામૂર્તિ)થી આગળ, કેવળ ગામડાંમાં નહીં પણ રૂંવેરૂંવે ગામડાંની નિશાળ(ગ્રામદક્ષિણામૂર્તિ) ભણી લઈ જઈ શકે એવું એ એક સંબલ હતું.

સમજવાનું જો કે એ છે કે શહેરી કહેતાં જે નાગરિક અભિજ્ઞતાનું વાનું છે, એનો આ સંક્રાન્તિમાં નિષેધ નહોતો ને નથી. બલકે, કહેવું હોય તો કહી શકાય કે, આ અભિજ્ઞતાએ સ્તો છેવાડાના જણ અને ગ્રામભારત સાથેના તાદાત્મ્યપૂર્વક નઈ તાલીમની લહે લગાડી.

અહીં પાછા પેલા ટૉલ્સ્ટૉયને સંડોવશું જરી? ટૉલ્સ્ટૉય જેમ 'ત્યારે કરીશું શું' ના તેમ 'વૈકુંઠ તારા હૃદયમાં છે' નાયે લેખક છે, દ્રષ્ટા છે. ગાંધીને ટૉલ્સ્ટૉય ગુરુવત્ વરતાયા એ આ બીજા પુસ્તકને પ્રતાપે. એક પા પોતે ધર્મજિજ્ઞાસાથી પરિચાલિત હતા, તો બીજી પા નાગરિક અને નાગરિક વચ્ચે ભેદ કરતી હકૂમત સાથે કામ પાડવાની નિયતિ હતી. મુમુક્ષુ ટૉલ્સ્ટૉયે ધર્મને પ્રેમ સ્વરૂપે ઘટાવ્યો અને ધર્મ(પ્રેમ)ને વહેવારમાં ઉતારવાની ધખના એમને દુષ્કાળપીડિતો વચ્ચે લઈ ગઈ. જોયું કે પીડિતો ખ્રિસ્તી, શોષક શાહુકારો પણ ખ્રિસ્તી, અને એ શાહુકારોને સાચવી લેતા શાસક પણ ખ્રિસ્તી ! પ્રેમધર્મને અમલમાં મૂકવા નીકળેલા ટૉલ્સ્ટૉયને આ સાક્ષાત્કારક ક્ષણે સમજાઈ રહ્યું તે એ કે પરમ ગહન એવા સેવાધર્મ હો યા પ્રેમધર્મ, રાજ્ય ને રાજનીતિ પરત્વે વિવેક કેળવ્યા વિના, આલોચનાત્મક દૃષ્ટિબિંદુ કેળવ્યા વિના ધર્માર્થીમાત્રને ચાલવાનું નથી. રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્ર)થી પોતાની ધર્મમૂંઝવણોમાં સમાધાન લાધ્યાનું કહેતા ગાંધી થાકતા નથી. પણ બીજા જિજ્ઞાસુઓ ને મુમુક્ષુઓ કરતાં, શ્રીમદ્ રાજચંદ્ર કરતાં પણ, ગાંધી ન્યારાનિરાળા એ મુદ્દે છે કે એ જાહેરજીવનથી અને અન્યાય પ્રતિકારથી પરહેજ કરતા નથી.

આ ગાંધીપણું શ્રીમદ્‌ને નહીં એટલું ટૉલ્સ્ટૉયને અનુસરતું છે. 'ત્યારે કરીશું ?' જેમ સમર્પિત સેવાયજ્ઞની અહાલેક જગવવાની હદે ઝંઝેડી નાખે છે તેમ એ અને 'વૈકુંઠ તારા હૃદયમાં છે' બેઉ મળીને રાજ્ય અને રાજકારણ પરત્વે આલોચનાવિવેકની અનિવાર્યતા ઊપસાવી રહી છે. સંગઠિત ધર્મ પરત્વે તેમ અર્થકારણ-સમાજકારણ પરત્વે પણ આવો આલોચનાવિવેક અનિવાર્ય છે. દેખીતી રીતે જ, નિશાળેથી નીસરી જવું પાંસરા ઘેર, અગર તો બૉર્ડિંગ સ્કૂલબદ્ધ ઢબછબ આદિના વશની આ વાત નથી. ઉત્પાદક એ નાગરિક નથી અને નાગરિક એ ઉત્પાદક નથી. આ જુવારાંને ભાંગવા કરતો અભિગમ નજર સામે રહે, તો ગ્રામદક્ષિણામૂર્તિ પ્રયોગની વિશેષતા શી વાતે છે તે અને એમાં અનિલભાઈએ પૂરેલ સમિધનો મહિમા શી વાતે છે એ સમજાય. કૃષિ-ગ્રામવિદ્યાના સ્નાતકને પ્લેટોથી માર્ક્સની વિશ્વવિચારણાનો પરિચય હોવો જોઈએ તે નાનાભાઈ-મનુભાઈની પહેલથી સ્વીકારાયું, અને અનિલભાઈ પણ દક્ષિણામૂર્તિ, વેડછી થઈ ગ્રામદક્ષિણામૂર્તિ પહોંચી વગર ભણતરે આ નવી સ્કૂલના સ્નાતક જ નહીં પણ આચાર્ય કહેતાં ચાન્સેલર થઈ ગયા !

આ ચાન્સેલર એ રવીન્દ્ર-પરંપરામાં 'આચાર્ય' તરીકે ઓળખાય છે, જેમ ઉમાશંકર જોશી શાંતિનિકેતનના આચાર્ય થયા હતા. વસ્તુતઃ રવીન્દ્રનાથ અને શાંતિનિકેતનને અહીં ચહીને સંભાર્યા છે. રવીન્દ્રનાથ ગ્રામલક્ષ્મીને, પ્રકૃતિને ચાહનારા અને સૌંદર્યના ઉપાસક હતા. આપણે ત્યાં ક્વચિત્ શ્રેયસ કે ક્વચિત્ ચી. ન. વિદ્યાવિહાર જેવી શાળાઓને સાચદિલ પણ હુલાવીફુલાવીને શાંતિનિકેતન કહેવાયેલ છે. કરાંચી-માંગરોળના શારદાગ્રામ વિશે પણ આવી

સરખામણીનો સહજ ઉમળકો પ્રસંગે પ્રગટ થયેલ છે. પણ આંબલા જેવા ગામડામાં, વંચિતબહુલ શાળામાં સૌંદર્યાનુભવ શક્ય બને ત્યારે તે આ બધાં ઉદાહરણોને વટી જતી ગાંધી-રવીન્દ્ર મિલનભૂમિની એક નવી જ મિસાલ કાયમ કરે છે.

તપસીલમાં તો શું ને કેટલું જાઉં, પણ ગ્રામ ટેક્નોલોજી-વ્યવહારુ ગૃહવિજ્ઞાન - સમાજનવરચના જેવા વિષયો દાખલ કરવામાં અનિલભાઈ અને સાથીઓ નિમિત્ત બન્યા તેમાં નઈ તાલીમની વિકસી શકતી ક્ષિતિજોનાં દર્શન થાય છે, એટલું તો ખસૂસ નોંધવું જોઈએ.

સમાજ નવરચનાની જિકર નીકળી જ છે તો વાત સમેટતે-સમેટતે એક-બે નાનામોટા મુદ્દા કરી જ લઉં. દરેક છાત્ર(કે છાત્ર ટુકડી) પોતાપણું અનુભવી પોતાની રીતે સર્જનાત્મક રસ લઈ નિર્માણ કરે, એવી એક મોકળાશ અને પહેલ - સોઈ 'વાડોલિયું' પ્રયોગ વાટે અનિલભાઈના અવિધસરના ચાન્સેલરપદે મળતી રહી છે. લોકઆંદોલનનાં રચનાત્મક સ્પંદનો અહીં ક્યારેક કોઈક વાડોલિયાને જેપીનું નામ આપીને પણ ઝિલાયાં છે ! નવનિર્માણ વખતે લોકદક્ષિણામૂર્તિમાં ભણતર ચાલુ રહ્યું ત્યારે બહારથી છાત્રોજોગ બંગડીઓ આવી હતી. લોકદક્ષિણામૂર્તિના છાત્રોએ તેના પ્રતિભાવમાં ઊંબી મોકલી, આંદોલનનાં મૂલ્યોની સાથે રહી સર્જનાત્મક શક્યતાઓ ચીંધી બતાવી હતી.

આંબલાના પ્રયોગો નઈ તાલીમની નાનકડી દુનિયામાં મશહૂર છે. એ બહાર પહોંચવા જોઈએ એ તો ખરું જ; પણ જે બીજું એક વાનું તત્કાળ કરવા જેવું છે, તે તો એ કે જે તે પ્રયોગને 'કેસ સ્ટડી' ગણી એના સ્વાધ્યાય-મુદ્દાઓને શિક્ષણપોથી તરીકે ગુજરાતના વિદ્યાસમાજ સમક્ષ રમતા મૂકવા જોઈએ. કોઈ સ્થળવિશેષમાં એકાદ વ્યક્તિવિશેષ પોતીકી મૌલિકતા ને સર્જકતાથી કશુંક કરે તે ઠીક જ છે. પણ શિક્ષણપદ્ધતિ રૂપે એનો વ્યાપક સ્વીકાર અને ધોરણસર અમલ થાય તે માટે હમણાં કહી એવી પોથીઓ વિદ્યાસમાજવગી થવી ઘટે છે.

વિધિસરના ભણતરમાળખાથી નિરપેક્ષપણે, આછાપાતળા ભણતરજોરે પેટિયું રળી ખાતો વ્યાપક વર્ગ પોતપોતાના વ્યવસાયમાં નવકૌશલ પ્રાપ્ત કરે અને આજુબાજુની દુનિયાને સમજવાજોગ માહિતી મેળવે - કહો કે નાગરિકતાના પાઠ ભણે - એવો જે માઈધાર પ્રયોગ દર્શકે બીજા સ્વરાજ પછી તરતનાં વર્ષોમાં હાથ ધર્યો એમાં એમના આ અનુજ તો હોય જ. એક રીતે, સાદા ગ્રામજીવનના ખયાલે ખેડૂત બનવા નીકળેલ જણને શિક્ષણના કામમાં પડવાનું થયું તે પછી ઉત્તરકાળે પાછા બંને તબક્કાની મિલાવટ શો 'નવી ગિલ્લી-નવો દાવ'નો આ એક ઉદાત્ત ઉધામો હતો. સમાજ નવરચનાના સિપાહીઓ વચ્ચે શિક્ષક જેવા અને શિક્ષકો વચ્ચે સિપાહી જેવા મનુભાઈ-અનિલભાઈની આ એક રમતાં રમાય એવી ઇનિંગ્ઝ હશે સ્તો. અનિલભાઈના એક પુત્ર ચૈતન્યભાઈ છેલ્લાં વર્ષોથી ઢેઢુકીમાં દાવ લઈ રહ્યા છે. પોતે જેમને પિતા, મિત્ર, શિક્ષક ત્રણે કહ્યા છે, એ અનિલભાઈ સાથે ચૈતન્ય સંવાદ કરે - શિક્ષણ અને ગ્રામપુનર્નિર્માણને અનુલક્ષીને - એવું કાંક ન બની શકે ? જેને આપણે 'કમ્પેરિંગ નોટ્સ' કહી શકીએ, એવી ખાસી વિધાયક સામગ્રી એમાંથી મળી રહે, તે નિઃશંક.

આરંભે શિક્ષક અનિલભાઈ અને નઈ તાલીમનો ઉછેર નહીં એવી 'હાર્ડ નટ ટુ ક્રૅક વિથ' છાત્રાનો ઉલ્લેખ કરતે-કરતે 'ઉપનિષદ' જેવો શબ્દપ્રયોગ સહજ જ ચાલ્યો આવ્યો હતો. સદ્ભાગ્યે બે'ક વરસ પર અનિલભાઈ સાથે થોડા મિત્રોનો, આવો ઉપનિષદયોગ બની આવ્યો અને એમાંથી એક પછી એક એમ ત્રણ પુસ્તકોની યોજના શક્ય બની. આ બીજું પુસ્તક છે અને ત્રીજું તરતમાં જ પ્રેસમાં જશે. આગળ ચાલતાં ત્રણેનાં પુનરાવર્તનો ગાળી, જરૂરી ઉમેરણ સાથે એક નવો સમન્વિત ગ્રંથ પણ બની શકે. અને હા, પેલી શિક્ષણપોથીઓ પણ રાહ જુએ છે.

આ પ્રક્રિયાને શગ ચઢતી હશે, ત્યારે દર્શક વળી બોલતા સંભળાશે - હું નહોતો કહેતો, અમારામાં શિક્ષક તો અનિલ જ. અને રમેશ સંઘવીને બાઇબલ વચનો સંભારી એ શ્રેય પણ ખતવતા જણાશે કે દીવો ટોપલા તળે ઢંકાઈ રહે નહીં એ સારુ તેં કામ તો રૂડું કીધું.

૨૨ ડિસેમ્બર, ૨૦૧૫

(પ્રસ્તાવના, 'હૃદયકોષે અનિલભાઈ', સંપાદન : રમેશ સંઘવી, પ્રકાશક : ગ્રામદક્ષિણા મૂર્તિ ટ્રસ્ટ, પહેલી આવૃત્તિ : ૨૦૧૬, + ૧૨૫/-રૂ.)

## (૦૫) કેળવણીના કીમિયાગર : સ્વ. અનિલભાઈ ભટ્ટ
## યાત્રા : દક્ષિણામૂર્તિથી ગ્રામદક્ષિણામૂર્તિ

---

**- રમેશ સંઘવી**

(૧૧ મી જુલાઈએ જ જેમનું અવસાન થયું તે અનિલભાઈ ભટ્ટ નઈ તાલીમના અગ્રયાત્રી. પ્રયોગશીલ, ઉત્તમ-અનોખા કેળવણીકાર હતા. ગુજરાતનું શિક્ષણજગત તેમનાથી પરિચિત હશે, પણ તેમનાં જીવન, કેળવણીદર્શન અને કેળવણીના પ્રયોગો વિશે એટલી વ્યાપક જાણકારી કે સમજ નથી. નમ્રતા, સહજતા અને કાર્યને જ સમર્પિત અનિલભાઈએ તેની ખેવના પણ નથી કરી. અહીં તેમના વિશે સંક્ષેપમાં થોડી વાત મૂકી છે.)

૧.

૧૯૪૫-૪૬ની આ વાત છે. અનિલભાઈ પંદર-સોળ વરસના. 'ઘરશાળા'માંથી દસમું ધોરણ પાસ કરેલું. વેડછીથી જુગતરામભાઈ દવે – જુ'કાકા ભાવનગર આવેલા અને અનિલભાઈના ઘરે જ તેમના ધામા હતા. જુ'કાકાએ સહજ જ આ કિશોરને પૂછ્યું: 'હવે શું કરવું છે?' અને કિશોર અનિલભાઈનો ફટાક જવાબ આવ્યો: 'ગાંધીનું કામ !'

તેમના માટે આ જવાબ સહજ હતો. કારણ, અનિલભાઈ એટલે સ્વરાજ આંદોલનનું, ગાંધીયુગનું સંતાન. દેશના તાર-તારમાં સ્વાતંત્ર્યનો, ત્યાગનો, બલિદાનનો, ગાંધીની ગુંજનો પ્રબળ પ્રભાવ. વાતાવરણ આઝાદીના અને ગાંધીના તરંગોથી તરંગિત. પિતા આત્મારામભાઈ તો નરવીર, અનૂઠા સત્યાગ્રહી. ટેક અને નિર્ભયતાની પ્રતિમૂર્તિ. અન્યાય અને અસત્યનો રોમ રોમ પ્રતિકાર કરે. માતા દુર્ગાબહેન પણ સત્યાગ્રહી, વાત્સલ્યમૂર્તિ. મનુભાઈ પંચોળી 'દર્શક' લખ્યું છે: 'આત્મારામભાઈ જેવા નિર્ભય ભાગ્યે જ કોઈ હોય અને દુર્ગાબહેન જેવાં શાંત, ધીરજવાળાં, વહાલસોયાં પણ થોડાં જ હોય.'

જન્મ ૧૦ જાન્યુઆરી, ૧૯૩૦. દાંડીકૂચને બસ બે જ મહિનાની વાર હતી. મીઠાના સત્યાગ્રહના સવિનય કાનૂનભંગના એ આંદોલનમાં માતા-પિતાની ધરપકડ થઈ અને નવ-દસ મહિનાના અનિલને તેડીને માતા-પિતા જેલમાં ! જાણે આખુંય કુટુંબ જેલવાસી ! અનિલભાઈ હજુ વરસનાય માંડ થયા છે, બોલવા-ચાલવાનુંય શીખતા હશે, એ બ્રિટિશરાજકૃપાએ શૈશવનો એ મહત્ત્વનો કાળ, જેલાનુભવ કરાવ્યો ! સાલ હતી ૧૯૩૧.

પછી ત્રણેક વર્ષની ઉંમરે ૧૯૩૩માં ગિજુભાઈના બાલમંદિર-દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં પગ મૂક્યો. મૂછાળી મા ગિજુભાઈનું એ બાલમંદિર એટલે બાળકોનું સ્વર્ગ, જાણે જાદુનગરી ! ત્યાં રમાડાતી શાંતિની રમતની રમતને અનિલભાઈ આજીવન સંભારતા રહ્યા અને નવમા દાયકામાં પણ તેઓ કહેતા: 'આજેય ક્યાંક મૂંઝવણ થાય કે કોઈ ન ગમતી ઘટના બને ત્યારે બાળપણમાં ગિજુભાઈએ રમાડેલી એ શાંતિની રમત રમું છું !' એ વખતે દક્ષિણામૂર્તિનો દબદબો હતો. નવી કેળવણીની ઉષાનાં રશ્મિઓ ઊઘડતાં-ફેલાતાં જતાં હતાં. ભય, સજા, સરખામણી, માર, લાલચ, ઈનામ, સ્પર્ધાથી મુક્ત પ્રેમ છલકતું-મોકળું વાતાવરણ ત્યાં હતું. નાનાભાઈ, હરભાઈ, ગિજુભાઈની ત્રિપુટીએ કેળવણીની નવી અને ખરી દિશાઓ ખોલી આપેલી. અને કેળવણીની નવી-તાજી હવા ત્યાંના વાતાયનોમાંથી પ્રસર્યા કરતી. ગિજુભાઈ દ્વારા અનિલભાઈનું પ્રારંભિક શિક્ષણ અને પછી દક્ષિણામૂર્તિમાં જ પ્રાથમિક શિક્ષણ. દક્ષિણામૂર્તિના એ ઊર્જાભર્યા-ઉત્સાહથી થનગનતા દિવસો ! અનિલભાઈનો માહ્યલો પિંડ અદીઠ રીતે ત્યાં બંધાયો. પછી સમર્થ કેળવણીકાર હરભાઈની 'ઘરશાળા'માં ૧૯૪૧માં પ્રવેશ અને માધ્યમિક શિક્ષણ ૧૯૪૩માં. બાપુજી આત્મારામભાઈ ભાવનગર હતા, ત્યાં બીમાર પડ્યા એટલે પુનઃ બા સાથે જેલમાં. ત્યાંથી દફતર ખભે ભેરવી 'ઘરશાળા'માં ભણવા જાય ! માધ્યમિક શિક્ષણ હજુ પૂરું નથી થયું, ત્યાં જુ'કાકા સાથે મુલાકાત-સંવાદ, જેમાં એ કિશોર કહી ઊઠે છે: 'મારે તો ગાંધીનું કામ કરવું છે!'

બાળપણનું એક વિશિષ્ટ સ્મરણ તેમના અનુજ મહેન્દ્રભાઈએ વાગોળ્યું છે. લખે છેઃ અમારા ભાવનગરના ઘર પાસે વીજળીનો થાંભલો અને વીજળીના તાર ઉપર રોજ એક પોપટ આવી ને બેસે. અનિલભાઈ બારી પાસે ઊભા રહે. હાથમાં થોડાં શીંગચણા હોય. પોપટ વીજરેષેથી ઊતરી, બારીમાંથી પ્રવેશે અને પ્રથમ અનિલભાઈના ખભે બેસે અને પછી હળવેકથી હથેળી પર ટેસથી બેસી શીંગચણા આરોગે ! બંનેની આ દોસ્તી ભાવનગર રહ્યાં ત્યાં સુધી રહી. કવિવર રવિ ઠાકુરની એક સુંદર કવિતા છેઃ 'શુકેર શિક્ષા'. લાગે છે, પિંજરવાસી એ પોપટ છૂટીને અહીં આવી ચડ્યો હશે અને અનિલભાઈના ખભે બેસી કાનમાં કહેતો હશેઃ 'દોસ્ત, આજની કેળવણીની જેલમાંથી બાળકોને છોડાવજે હોં ને !' જાણે અનિલભાઈના ભાવિ કાર્યની રૂપરેખાના મંત્રની ફૂંક મારતો હોય !

પરિવાર, દક્ષિણામૂર્તિ, ઘરશાળા, થોડું ઈધરતીધર અને હવે યુવાન. બસ, હજુ વીશીમાં પ્રવેશતો નથી, ત્યાં ૧૯૪૭માં જુ'કાકાએ દીધેલ આમંત્રણને સંભારી વેડછી પહોંચે છે. ત્યાં બે વર્ષ ગ્રામસેવાની તાલીમ લઈ, થોડો સમય શિક્ષક તરીકે ત્યાં જ જોડાય છે. પછીથી લોકભારતીમાં અધ્યાપક રહી ચૂકેલા યોગેશભાઈ ભટ્ટ એ વખતે ત્યાં હતા. વેડછીના તે દિવસો સંભારતાં તેઓ લખે છે : "ત્યારના 'ફાનસઘર'ની બાજુના ઘરમાં એક યુવાન, નીચે બેઠો બેઠો ભીંતે ટેકવેલ એક નાના કાળા પાટિયામાં, વારંવાર ઝડપથી કંઈક લખે છે ને ભૂંસે છે." યોગેશભાઈ તો નાના. પૂછે છેઃ 'તમે આ શું કરો છો ?' યુવક જવાબ આપે છેઃ 'મારે રાત્રિશાળામાં ભણાવવા જવાનું છે ને તેથી આ પાટિયામાં લખતાં શીખું છું.' અને પછી એ જ યુવાન વેડછી આશ્રમના 'મહાભારત ચોક'માં ગરીબીના કાર્યક્રમ વખતે 'કુંજલડી રે સંદેશો અમારો.....' રણકતી મીઠી હલકથી ગાય છે અને 'સ્વરાજ સાધના' માટેના આ 'સ્વરાજ આશ્રમ'માં રાષ્ટ્રગીતો કે ભજનોને બદલે એક નવા જ પ્રકારના ગીતના સ્વર રેલાય છે ! 'સ્વરાજ આશ્રમ'ની એ રંગોળીમાં એક જુદી ભાત ઊપસી આવે છે. દર્શક ઍવૉર્ડની સ્વીકારવેળા પોતાનાં પ્રેરણાસ્થાનો વિશે વાત કરતાં તેમણે સંભારેલુંઃ 'સૌથી પહેલાં પ્રણામ માતા-પિતા, બાળમિત્રો, બાલમંદિરનું શિક્ષણ, શિશુવિહાર, દક્ષિણામૂર્તિના વાતાવરણને, જેમાં ભય, માર, રજા, લાલચ, સ્પર્ધા નહોતાં. સ્વાતંત્ર્ય અને નવસર્જન દ્વારા સ્વનિયમનના માર્ગે સફળ રીતે કેળવણી ત્યાં અપાતી હતી. બીજા પ્રણામઃ ઋષિસમા પૂ. જુગતરામ ભાઈને, જેઓએ દેશના અવગણાયેલા લોકોની સેવામાં જીવન અર્પણ કર્યું અને અમને એ સેવાના જીવનમાં ઉત્કર્ષ અને આનંદ માણવાનું શીખવ્યું.' અને પછીઃ ત્રીજા પ્રણામ દર્શકજીને..... સંસ્થામાં આવવાનું નિમંત્રણ, પ્રાથમિક શાળા સોંપી, ઉપનિયામક, નિયામકનાં કાર્યો સોંપ્યાં અને લોકવિદ્યાલયના પ્રયોગમાં સાથીદાર બનાવ્યો.'

અને તેમના ત્રીજા આ ચરણની તો એક વિશિષ્ટ-ભાતીગળ કથા છે, પણ એ પહેલાં આ પ્રયોગવીરનો 'શ્રમ કરી આજીવિકા મેળવવી' તેની વાત કરવી રહી.

વેડછી હતા ત્યાં જ તેઓ ભાવિ જીવનનો વિચાર કરવા લાગેલા. ટોલ્સ્ટોયનું 'ત્યારે કરીશું શું ?' પુસ્તક તાજેતરમાં જ વાંચેલું. અને તે પુસ્તક તેમના માટે 'જીવનગીતા' રૂપ બની ગયેલું. અનિલભાઈ નોંધે છે : 'ટોલ્સ્ટોય કહે છે, તમારે હૈયે જો દલિતો, પીડિતો પ્રત્યે સહાનુભૂતિ હોય, તમારું જીવન તમે ન્યાયી, પ્રેમમય બનાવવા ઇચ્છતા હો તો પહેલું કામ એ કરવું રહ્યું કે તમે તરત જ પીડિતોની પીઠ ઉપરથી નીચે ઊતરી જાવ.' ટોલ્સ્ટોયનું 'ત્યારે કરીશું શું' પુસ્તકનો ઘેરો પ્રભાવ તેમના પર પડ્યો જ પણ તેવા જ ટોલ્સ્ટોયના બીજા પુસ્તક 'ઈવાન ધ ફૂલ', 'મુરખરાજ'નો પણ જબરો પ્રભાવ પડ્યો. અનિલભાઈએ નોંધ્યું છેઃ 'કેળવણીના મારા ચિત્રમાં આવા પાગલો 'મુરખરાજ' વધે તેમ કરવાની નેમ છે !' ગાંધીજી પર પણ ટોલ્સ્ટોયના વિચારોનો પરિવર્તનકારી પ્રભાવ પડેલો જ અને ઈશુકથન 'તું તારા પસીનાની રોટી ખાજે' તેમણેય વાંચીને તુરત અમલમાં મૂકેલું.

ટોલ્સ્ટોયના આ વિચારોની એવી અસર પડી કે તેમણે શરીરશ્રમ દ્વારા જ આજીવિકા મેળવવાનું અને સાથે સાથે ગ્રામસેવા કરવાનું નક્કી કર્યું. ગાંધીસંસ્કારો તો હતા જ. સમજાયું તે મુજબ જીવવાનું. શ્રમ કરીને જીવન ગુજારવું, કોઈનું શોષણ કરવું નહીં અને ગામડાંની સેવા અને તે દ્વારા રાષ્ટ્રની સેવા કરવી. આ હતો તેમનો આગળનો નકશો.

આ ભાવ હૈયે ભરી વેડછીથી આવી ભાવનગર જિલ્લાના તળાજા ગામની પાસેના એક ગામડામાં ૧૯૫૦માં ચાલીસ વીઘા જમીન મેળવી ખેતી શરૂ કરી. સખત પરસેવો પાડે. પણ એમની વાડીના કૂવે તેમણે હરિજનોને પાણી ભરવા દીધું અને ગ્રામજનોનો જે વિરોધ થયો કે કોઈ દાડીએ ન આવે ! બહિષ્કાર ! આટલી જમીન, ગાય-બળદ, પાર વગરનું કામ. અનિલભાઈ ખેડ કરે, કોસ હાંકે, પાણી વાળે, ઢોર ચારે, રાત્રે રોઝડાં તગડે ! કાળજાતૂટ મહેનતથી શરીર ભાંગી પડ્યું. વૈદ્ય કહેઃ 'હવે ખેતી છોડો, સ્વાસ્થ્ય સુધારો. આમ ખેતી કરશો તો બચવું મુશ્કેલ થશે.' સ્વાસ્થ્ય માટે ખેતી છોડવી પડી. પણ છેલ્લે સુધી તેમને ખેતી કરવાની ઝંખના હતી. થોડાં વર્ષ પૂર્વે એટલે તેમની ૮૬-૮૭ વર્ષની ઉંમરે તેમની સાથે ગોષ્ઠિ કરી ત્યારે કહેલું : 'આવતો જન્મ મળે તો મને ખેડૂતનો અને મજૂરનો મળે તેમ માંગવું છે.' પાંચ વર્ષ ખેતી કરી એ વિશિષ્ટ અનુભવ બની રહી. તે દરમ્યાન ૧૯૫૪માં મધુબહેન સાથે લગ્ન.

અને સ્વાસ્થ્યસુધારણાના એ ગાળા દરમ્યાન જ દર્શક સાથે ભાવનગર જ મળવાનું થયું. દર્શક કહે : 'આંબલા આવો.' અનિલભાઈએ કંઈક અવઢવ સાથે તે સ્વીકાર્યું. ૧૯૫૫માં આંબલામાં ત્યાં ચાલતા પંચાયત તાલીમ વર્ગમાં ગૃહપતિ અને અધ્યાપક તરીકેનું કામ. કામ જામ્યું. અઢી વરસ પણ થઈ ગયાં'તાં. ત્યાં એક દિવસ અચાનક દર્શક કહેઃ ' અનિલ, આપણી પ્રાથમિકશાળા સંભાળ. ત્યાં ઘણું કામ કરવા જેવું છે. તારાથી થઈ શકશે.' અનિલભાઈ માટે તો સાવ જ અનપેક્ષિત દરખાસ્ત ! બાળશિક્ષણનું સીધું કોઈ કામ કરેલું જ નહીં કે તેની તાલીમ લીધેલી નહીં. શું કરવું એવી ગડમથલ અનિલભાઈના મનમાં ચાલી. થયુંઃ ' સમગ્ર કેળવણીની દૃષ્ટિએ વિચારવાનું, કામ કરવાનું રહે. જ્યારે પોતે જ એવું કશું ભણ્યો નહોતો, વિચાર્યુ પણ નહોતું, પણ પડકાર ઝીલી લેવાની વૃત્તિએ હા પાડી.' હેલન કેલરનું એ પ્રસિદ્ધ કથનઃ 'જિંદગી એ પડકાર આપતું સાહસ નથી તો કંઈ નથી.' બસ ૧૯૫૮થી આંબલાની પ્રાથમિકશાળા સંભાળી અને કેળવણીના નઈ તાલીમના ઇતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું.

અનિલભાઈ લખે છેઃ તે દિવસથી 'મારી કેળવણી શરૂ થઈ અને હજુ પણ ચાલે છે.' અસ્તિત્વએ જે કામ તેમની પાસેથી લેવા ધાર્યું હશે, કાળદેવતાએ તે સામે જ ધર્યું. અને ગુજરાતને નઈ તાલીમની શક્યતા અને સંભાળવાનો અનોખો આવિષ્કાર અનુભવાયો.

૨.

ગ્રામદક્ષિણામૂર્તિ પ્રાથમિકશાળા, આંબલાના કેળવણીના એ અદભુત પ્રયોગો. જેમ મહાત્મા ગાંધીનું જીવન એટલે 'સત્યના પ્રયોગો' તેમ અનિલભાઈનું જીવન એટલે 'કેળવણીના પ્રયોગો.' ગાંધીજીએ પણ પચીસી પછી જાગૃતિપૂર્વક રોમરોમથી સત્યના પ્રયોગો કર્યા. જે કર્યું તે સત્યની કસોટીએ કસીને જોયું, તેમ અનિલભાઈએ પણ પોતાની પચીસી પછી કેળવણીના પ્રયોગો કર્યા અને જે કંઈ કરવાનું આવ્યું તે કેળવણીની દૃષ્ટિએ જ કર્યું અને તે કસોટીએ કસ્યું. તેમણે જ કહ્યું છેઃ 'ગિજુભાઈના બાલમંદિરે જે આપ્યું હતું, તે હૃદયના કોઈક ખૂણામાં છુપાયું હતું તે જાગી ઊઠ્યું. અને શાળાના પ્રથમ દિવસથી જ વિદ્યાર્થીઓને પોતાના કરવાની ગુરુચાવી મેળવી લીધી. અનિલભાઈ લખે છેઃ 'તરતાં આવડતું ન હોય પણ બીજાને તરતાં જોઈને એમ થાય કે તરવું તો સાવ સહેલું છે, એમ સમજીને નદીમાં ભૂસકો મારે અને જેવી સ્થિતિ થાય તેવી કાંઈક સ્થિતિ પહેલા દિવસે શાળામાં ગયો, ત્યારે મારી હતી. નાનાં નાનાં વિદ્યાર્થીઓ મારા મોઢા સામે ઉત્સુકતાભર્યા કૌતુકથી જોતાં હસુહસુ થઈ રહ્યાં હતાં. જાણે પૂછતાં હતાં કે 'અમારી સાથે વાત કરવી છે ?' 'અમારા દોસ્ત બનશો ને ?' અને અનિલભાઈએ આ પડકાર ઝીલી લીધો. શરૂ થઈ જાગૃતિપૂર્વકની તેમની કેળવણીની સફર. એટલે જ યશવંતભાઈ ત્રિવેદી કહે છે તેમઃ 'નઈ તાલીમના તેઓ અગ્રયાત્રી' બની શક્યા.

અનિલભાઈ એટલે ગુજરાતના પાયાની કેળવણી યજ્ઞના અનોખા અધ્વર્યુ. નઈ તાલીમ વિચારને શાસ્ત્રીય સ્વરૂપ આપનાર ડૉ. ઝાકીર હુસેન દેશભરની બુનિયાદી શાળાઓ અને તેની સ્થિતિ જોઈને ખૂબ નિરાશ બનેલા અને એ મતલબનું બોલી ઊઠેલાઃ 'બુનિયાદી શિક્ષણ એ હવે મૃત બાળક છે.' પણ તેઓ જ્યારે ઉપરાષ્ટ્રપતિ હતા અને આંબલા આવેલા ત્યારે ત્યાંનું શિક્ષણ, ત્યાંના પ્રયોગો અને ત્યાંનું વાતાવરણ અને આંબલાનું કામ જોઈને રાજી થઈ બોલી

ઉઠેલા: 'હું નઈ તાલીમમાં વિશ્વાસ અને શ્રદ્ધા લઈને જાઉં છું.' નળાખ્યાનમાં આવે છે કે દમયંતીના હાથમાં મરેલાં માછલાં પણ જીવંત થઈ જતાં, જાણે તેવું જ થયું. દેશભરમાં નાભિશ્વાસે પડેલી નઈ તાલીમ અહીં અનિલભાઈની નિશ્રામાં જીવંતપણે ધબકતી; શક્તિથી, સ્ફૂર્તિથી કાર્યરત હતી.

વિનોબાજી નઈ તાલીમને 'નિત્ય નઈ તાલીમ' કહેતા. તેઓ કહેતા: 'જે આજે છે તે કાલે નહીં રહે.' કેળવણીએ યુગાનુરૂપ નવો અવતાર ધારણ કરવો પડે. આજની જરૂરિયાત અને પડકારોને કેળવણી દ્વારા ઉકેલવાં જ પડશે. દર્શક કહેતા: 'સનાતન સાથે નૂતનની કલમ કરો.' સનાતનતા અને સામયિકતાના મણિકાંચનયોગથી નિત્યનૂતનતા પાંગરે છે. ગ્રામ દક્ષિણામૂર્તિ-આંબલા તો આમ્રકુંજો વચ્ચે સોહંતી દશાંગુલ સંપૂટ-શી નાની-શી શાળા. સાદાં થોડાં કાચાં મકાનો અને થોડા નીમપાગલો એ તેનો અસબાબ ! પણ ત્યાંનું સર્જન, આનંદ અને મૈત્રીથી છલકતું વાતાવરણ જ અનોખું હતું. આંબલાનું શિક્ષણ એટલે જલસો ! બાળક કેન્દ્રમાં. તેનાં રસ અને રુચિ, તેનાં કુતૂહલ અને જિજ્ઞાસા, તેનાં સર્જનશીલતા અને મૌલિકતા, તેનાં તત્ક્ષણતા અને તત્પરતા કેન્દ્રમાં. બાળકની ભોમભીતરનો રસ, ખોજ અને સાહસને અનુકૂળ વાતાવરણ. ચાર દીવાલો વચ્ચેનું શિક્ષણ નહીંવત્. નાનાભાઈ તો કેળવણીના ઋષિ. તેમણે જે કેળવણીનું દર્શન આપ્યું તે અહીં પાયામાં હતું. દર્શક તેમની વાત આમ મૂકતા: 'નાનાભાઈ માટે કેળવણી એ મહાત્મા ગાંધીની સત્ય અને અહિંસાની શોધને શિક્ષણ ક્ષેત્રમાં કેમ લાગુ પાડવી, તેની મથામણ હતી. એ કેળવણી કેવી હોય ?' દર્શક કહે છે: 'એ કેળવણી જીવન સાથે નાડીસંબંધ ધરાવનારી હોય, તેમાં ઉત્પાદિત પરિશ્રમ, જ્ઞાન-વિજ્ઞાન અને કાવ્ય-સાહિત્યનો સમન્વય થયો હોય. તેમાં સહશિક્ષણ હોય, દંડને સ્થાન ન હોય. તેમાં વિદ્યાર્થી-અધ્યાપક વચ્ચે માત્ર સંપર્ક જ નહીં પણ કુટુંબભાવના હોય. તે વિદ્યાર્થીની રુચિ તથા વયની જરૂરિયાતોને લક્ષમાં રાખીને ચાલતી હોય. અભ્યાસની પ્રેરણા અંદરથી આવતી હોય. તે કોઈને આશરે ન હોય. તેમાં સૌથી નીચેની કક્ષાની કેળવણીમાં સૌથી ઉત્તમ માણસો અને ઉત્તમ સાધનો રોકાતાં હોય, સામાજિક અને અન્ય ઉચ્ચનીચના ભેદભાવનો તેમાં પ્રવેશ ન હોય.

આવી કેળવણી આ દેશ માટે અમૃતસંજીવનીરૂપ બને'.

૩.

'માસ્તર ! આને ભણાવવો છે' એમ કહી એક વૃદ્ધ માએ પોતાના પુત્રને અનિલભાઈને સોંપ્યો. 'એનો બાપ જંગલમાંથી મધ, કેરડા લાવે, દાડી-દપાડી કરે, પણ આને ભણાવવો છે. લ્યો તમને સોંપ્યો. હું જાઉં છું ત્યારે. આ છોકરો તમને ભળાવ્યો !' અને આ રીતે અનિલભાઈ પાસે બાળકો આવતા રહ્યાં.

એક છોકરો સુખી કુટુંબનો, શહેરનો, ૧૩-૧૪ વર્ષનો. અનિલભાઈને સોંપતા તેના પિતા કહે: 'સાવ ઠોઠ છે. ભણતો જ નથી. આખો દિવસ રખડ્યા કરે છે. ટ્યુશન રાખ્યાં તોય ભણતો નથી. ખાવા ન આપું, ઓરડીમાં પૂરી રાખું, કશી અસર જ નહીં. મીંઢો છે સાવ મીંઢો, ઢોર જેવો !'

અનિલભાઈ કહે : 'તમે એને અહીં મૂકી જાઓ. દસેક દિવસ પછી આવો ત્યારે ખ્યાલ આવશે કે તેને અહીં ફાવશે કે નહીં.' પિતા તો હસમુખને સોંપીને જતા રહ્યા. પણ હસમુખ કોઈની સાથે ન બોલે. અનિલભાઈએ વાત કરવાનો પ્રયત્ન કર્યો તોય અસહકાર જ. કંઈક તિરસ્કાર પણ ખરો. જમવાની ના. રમવાની ના.

પણ પછી તો હસમુખ સાચે જ હસ-મુખ બની રહ્યો. અનિલભાઈએ તેના રસ-રુચિ મુજબ તેની સર્જનશક્તિને આવિષ્કૃત કરી. તેને આનંદ આનંદ વરતાઈ રહ્યો. સુંદર માર્ગદર્શક કથા છે.

જાત જાતનાં બાળકો. મારામારી થાય, ચોરી થાય. કોઈ લાચાર બાળકો કોઈ એકલસૂનું, કોઈ ભયભીત હોય.

પણ સર્જનશક્તિ સ્વાવલંબન અને સ્નેહથી બાળકો નવજીવન પામ્યાં.

હંસા તો ચોથા ધોરણમાં. સૌથી નાની અને નબળું કાઠું. તેને રેટિંયા દ્વારા વસ્ત્ર સ્વાવલંબનમાંથી પ્રેરણા મળી કે 'મારે તો મારા મોટાભાઈ માટે ખમીસ અને રુમાલ તૈયાર કરવાં છે.' તેણે ગણતરી માંડી, રક્ષાબંધનને હવે આટલા

દિવસ છે, દરરોજ ૫૩૦ તાર કાંતવા પડે. હંસા એકધ્યાનથી કાંતે અને તેનું આયોજન પૂરું થયું. રક્ષાબંધનને દિવસે બહેને મોટાભાઈને પહેરામણી કરી !

આંબલા પ્રાથમિકશાળામાં વર્ગખંડોની કમી. બહાર ખુલ્લામાં ઝાડ નીચે ભણવા બેસવાનું. પણ પછી અનિલભાઈએ પ્રેરણા આપી તો સુંદર ચોરસ વાંસના લતામંડપ થયા. જમીન સફાઈ, પાયો ખોદવો, પત્થર લાવવા, ચણવું, વાંસના વિવિધ આકાર કરવા, ફૂલછોડ વાવવાં - બધું જ બાળકોએ કર્યું ! પણ પછી બાળકોને થયું, બધી શાળામાં ઓરડા છે અને આપણે કેમ નહીં ? સહુ અનિલભાઈને કહેઃ 'ગામની શાળામાં સરકારે ઓરડો બાંધી આપ્યો છે. તો અનિલભાઈ તમે સરકારને કહોને કે આપણે ત્યાં બાંધી આપે.' બસ, અનિલભાઈને કેળવણીનો મુદ્દો મળી ગયો. અનિલભાઈએ ભાવનગર જિલ્લા પંચાયતમાં બાળકો પાસે અરજી કરાવીને મોકલી, પણ એમ કંઈ મંજૂરી થોડી મળે ! આખરે બાળકો કંટાળ્યાં અને અનિલભાઈએ ખેલ છોડ્યો. બાળકો જ કહે, 'અનિલભાઈ ! હવે સરકારની આશા છોડો, આપણે જ બાંધીએ તો કેમ ?' અનિલભાઈ આ જ ક્ષણની રાહ જોઈ રહ્યા હતા. કેટલા ચોરસફૂટ જોઈએ. ક્યાં કરીશું, માટી ક્યાંથી લાવીશું, ઈંટ પાડવી, ચણવી..... કેટકેટલાં કામો ? અને ૬૦' બાય ૪૦' ના બે ઓરડા બાળકોએ ચણ્યા ! ભૂગોળ, ઇતિહાસ, નાગરિકશાસ્ત્ર, ગણિત, વિજ્ઞાન, ઈજનેરી વિદ્યા, ભાષાઓ શું શું ન શીખવા મળ્યું આ પ્રોજેક્ટથી !

બસ આવા પ્રોજેક્ટ્સ દ્વારા શિક્ષણ ચાલ્યું.

વાલીઓને જરૂર હતી બાળકોને ટપાલ-લખતાં વાંચતાં આવડે અને હિસાબ રાખતાં આવડે તેની અને તેમાંથી શરૂ થઈ પોસ્ટ ઑફિસ ! પ્રત્યેક શિક્ષકે વિદ્યાર્થીને પત્ર લખવાના અને વિદ્યાર્થી શિક્ષકને લખે. એક હોય પોસ્ટ માસ્ટર, એક હોય પોસ્ટ મેન ! ટપાલપેટીઓ લાગી ગઈ અને બાળકો ટપાલ લખતાં-વાંચતાં સરસ શીખી ગયાં. અને ગણિતને 'નામાપ્રધાન ગણિતશિક્ષણ'માં ફેરવી નાખ્યું. રોજબરોજની આવક-જાવક, ખરીદી-ખર્ચ. બસ, તેની નોંધ અને પછી નામું લખવાનું. તેમાંથી જ સરવાળા-બાદબાકી, ગુણાકાર-ભાગાકાર, નફો-તોટો, કેટલુંય આવડી ગયું !

શિક્ષણને શી રીતે સામાજપયોગી બનાવી શકાય તેની આ રીત. ગાંધીજીએ કહેલું : 'જ્યાં સુધી હિંદુસ્તાનમાં નિશાળો અને આપણાં ઘરોની વચ્ચે અનુસંધાન(અનુબંધ) નહીં હોય, ત્યાં સુધી નિશાળિયાવ ઉભયભ્રષ્ટ થશે.' અનિલભાઈએ સહજતા, સ્વાભાવિકતામાં કુતૂહલ, વિસ્મય, હૃદયના ભાવો ઉમેરીને આ કાર્ય કરી બતાવ્યું. બાળકોમાં આ ભાવો પ્રધાનપણે છે જ, અનિલભાઈએ તેનો વર્તમાનમાં, કેળવણીમાં સરસ વિનિયોગ કર્યો.

શિક્ષણના આ પ્રયોગની અજીબોગરીબ દાસ્તાં છે. દીકરો ચૈતન્ય સાવ નાનો. પહેલા કે બીજા ધોરણમાં. ત્યાં મીનાને તેણે ધક્કો માર્યો. મીના પડી અને થોડું વાગ્યું. અનિલભાઈને ખબર પડી. ચૈતન્ય તો દોડતો દોડતો આવે, બાપુજી હમણાં તેડી લેશે. પણ બાપુજી કહેઃ 'તારી સાથે હું નથી બોલતો !' અને તેમાંથી ચૈતન્યને શિક્ષણ આપ્યું કે આ રીતે ધક્કો ન મરાય, અને જા, મીનાને કહી આવ કે 'હવે હું આવું નહીં કરું.'

સ્વાવલંબનના પણ કેટલાક પ્રયોગો ! છાત્રાલય પાસે જ ઉબડખાબડ જમીન હતી. અનિલભાઈની સર્જકદૃષ્ટિએ તે જોઈ લીધું. છાત્રાલયમાં બહુધા ખેડૂત કે ખેતમજૂરનાં બાળકો. તેમણે બાળકો દ્વારા જમીનને નવસાધ્ય બનાવી અને લીલી નાઘેર રચી દીધી ! મકાઈના ડોડા, કાકડી, ટામેટાં, રીંગણાં, વાલોળ, દૂધી-તૂરિયાં, ભીંડા-ચોળી-ગુવાર ખાધાં ન ખૂટે ! તેમાં ખાતર નાખવું, ધરુ કરવું, ક્યારા કરવા, વાવણી-ઓરણી, નિંદવું,-પારવવું, પાણી આપવું - બધાં કામો વિદ્યાર્થીઓ કરે અને સાથે સાથે ગણિત-વિજ્ઞાન, ઇતિહાસ-ભૂગોળ, ભાષા-પર્યાવરણ બધું પામતાં રહ્યા. ત્યાં એક વખત પપૈયાં વાવ્યાં અને અઢળક થયાં. બાળકોએ પેટ ભરીને ખાધાં અને પછી હિસાબ માંડ્યો તો લાગ્યું, બજારભાવે તો આપણને ખોટ ગઈ ! ખાતર, પાણી, બિયારણ, શ્રમના કલાકો આ બધું ગણતાં !

ભલે આર્થિક ખોટ ગઈ હશે પણ નફા-ખોટ શીખવા તો મળ્યું અને સર્જનનો-ઉત્પાદનનો, સ્વાશ્રય અને સ્વાવલંબનનો જે આનંદ માણ્યો તે કેટલો બધો ! અને કેટકેટલું શીખ્યાં, કેળવણી થઈ, કૌશલ્યો કેળવાયાં તેનો હિસાબ કેમ માંડવો !

અનેક અનેક પ્રસંગોને, બાળકોની કલ્પનાને, બાળકોની ઇચ્છાઓ અને જરૂરતોને અનિલભાઈએ કેળવણીમાં ફેરવ્યાં છે. કોઈ બાળક વેકેશનમાં ગામમાં આઇસ્ક્રીક બનતો જોઈને આવે અને આંબલા આવી અંબર ચરખાની પૂણી માટેના સાધન બેલણીમાં(આજે બેલણી નથી વપરાતી) તેનો પ્રયોગ કરે. અનિલભાઈ ઉત્તેજન આપે, ખામી સમજાવે અને તેનું સંશોધન ચાલે અને છેવટે સફળ થાય ! લક્ષ્મણ નામનો વિદ્યાર્થી ત્યાં ભણતી વખતે વાયરિંગ શીખ્યો અને પછી ભણીને મોટર બાંધવાનો અને આગળ વધી પોતાની મોટર બનાવવાનો ઉદ્યોગ જ શરૂ કર્યો અને તેમાં નામના મેળવી.

એવો જ પ્રયોગ છાયાનાટકનો. ગામમાં ભવાયા આવ્યા, બાળકોને થાય આપણે જોવા જઈએ. અનિલભાઈએ છાયાનાટક દ્વારા રામાયણ ભજવવાની વાત કરી. અને પછી તો નાની હોડી બની, તીર-કામઠાં બન્યાં. નાનાં-નાનાં બાળકો રામ-લક્ષ્મણ-સીતા બન્યાં, કોઈ હનુમાન તો કોઈ વાનરસેના ! પડદો સીવાયો, તેની પાછળ પ્રકાશની એવી ગોઠવણ કે દૃશ્ય છાયાચિત્રરૂપે પ્રેક્ષકોની સામે ઊપસે, અદભુત અદભુત ! કેટકેટલું શીખવા મળ્યું ? ક્ષેત્રફળ કાઢવું, માપણી કરવી, સ્કેલમાપ, સુથારીકામ, દરજીકામ, રંગકામ, સાથે કળા-સંગીત-નૃત્ય. ઇતિહાસનું જ્ઞાન, સંસ્કૃતિ અને ભાષાનું જ્ઞાન. સમગ્ર શાળા આ સર્જનયાત્રામાં જોડાઈ. પ્રત્યેક ઘટના કે પ્રસંગ કેળવણી કેવી રીતે આપી જાય તે અનિલભાઈની વિશેષતા. લોકભારતીના મુખ્ય ટ્રસ્ટી ડૉ. અરુણભાઈ દવે અનિલભાઈના વિદ્યાર્થી. તેઓ લખે છે; 'આનંદ, મોજ અને રચનાત્મક સર્જનશીલતા જ્યારે ઉત્પાદક બની જાય ત્યારે તેમાંથી સમગ્ર વિશ્વના, માનવજાતના પ્રશ્નો ઉકેલી શકાય તેવી સક્ષમ કેળવણીનો જન્મ થાય છે.' આગળ લખે છે; 'હું બાલમંદિરથી ડૉક્ટરેટ સુધીનું ભણ્યો, ભારતની પંદર પૈકી એક એવી રાષ્ટ્રીય સંશોધન સંસ્થામાં પણ અભ્યાસ કર્યો. અમેરિકા, ઇઝરાઈલ, યુરોપ-આફ્રિકાના દેશોમાં જવાનું થયું, ઘણાબધા શિક્ષકો, પ્રોફેસરો, વિદ્વાનો, અનુભવીઓ, તજજ્ઞોના સંપર્ક-પરિચયમાં આવવાનું થયું છે અને થઈ રહ્યું છે. આ બધામાં મને કોઈ એક શિક્ષક વધારે જીવંત અને રુંવાડે રુંવાડે શિક્ષક લાગ્યા હોય તો તે છે અનિલભાઈ ભટ્ટ !'

અનિલભાઈએ અમદાવાદની શ્રેયસ શાળાના વિવિધ દેશ-પ્રદેશના મેળા જોઈ, આંબલા પ્રાથમિકશાળામાં પણ તે પરંપરા શરૂ કરી. જે દેશ કે પ્રદેશનો મેળો હોય તેને સમગ્ર રીતે જીવતો કરવાનો, લોકજીવન, ભાષા, સંસ્કૃતિ, ભૂગોળ, ઇતિહાસ, કવિઓ-લેખકો, સંતો-મહાપુરુષો, મંદિરો, સ્થાપત્યો બધું જ. એક વર્ષ મૈસૂરનો મેળો, આજનું કર્ણાટક. રમેશભાઈ વીરમગામી ત્યાં શિક્ષક અને તેમની ટીમને ભાગે મૈસૂરના ભવ્ય શિલ્પી બાહુબલિનું સર્જન કરવાનું આવ્યું હતું. રમેશભાઈ લખે છે; ' ધોરણ ૬-૭ના વિદ્યાર્થીઓ છગન, તુલસી, રઝાક વગેરેએ શિલ્પના સાહિત્યનો અભ્યાસ શરૂ કર્યો. બાહુબલી કોણ, એ મૂર્તિની ઊંચાઈ-પહોળાઈ વગેરેનો અભ્યાસ કરી એક લેખ તૈયાર કર્યો. હવે મૂર્તિ બનાવવાની. તેનું સ્કેલમાપ કાઢ્યું. અઠ્ઠાવન ફૂટની મૂર્તિને નવ ફૂટમાં સમાવવાની. તેનાં લંબાઈ, પહોળાઈ, જાડાઈનું માપ કાઢ્યું. મૂર્તિ બનાવવાની શરૂ કરી, રાત જાગી તે બનાવી અને સવારે જોવા ગયા તો બાહુબલી પડી ગયેલા ! અનિલભાઈને વાત કરી અનિલભાઈ સમજાવે છેઃ શરીરમાં જેમ હાડકાં-પાસળાં ન હોય તો શરીર ટટ્ટાર રહે ખરું ? આપણે બાહુબલિના શરીરમાં હાડકાં-પાંસળાંની જગ્યાએ વાંસ-લાકડાંનું માળખું ઊભું કરીએ તો કેમ ? અને પછી કામ શરૂ થયું. માળખું ઊભું કર્યું, સ્નાયુ જેવી સીંદરી-કાથીથી બંધાતું ગયું, આસપાસ ગારો ચડતો ગયો અને મૂર્તિ તૈયાર થઈ. ત્યારે સર્જકતાનો સાચો આનંદ બાળકોની નસેનસમાંથી નીતરતો હતો !'

જાપાનના મેળાની વાત પણ આંતરરાષ્ટ્રીય સમજ અને એકતા માટે કેવી મહત્ત્વની છે ! એક વર્ષે જાપાનનો મેળો ભરવામાં આવ્યો. એ વખતે ભારત દેશ ખાતેના જાપાનના પ્રતિનિધિઓને આમંત્રણ આપેલું. અદભુત મેળો. સાદો છતાં પ્રભાવક. જાપાનના મહેમાનોનું જાપાનના રાષ્ટ્રગીતથી વિદ્યાર્થીઓએ સ્વાગત કર્યું. એ પહેરવેશ અને માહોલ ! આવેલ પ્રતિનિધિઓ ગદગદ, તેઓની આંખો છલકાઈ ઊઠી.

એવું જ પંજાબનો મેળો. થોડાં વર્ષ પછી અમૃતસરના સુવર્ણ મંદિર પર બોમ્બ પડ્યો અને પંજાબના મેળામાં

સુવર્ણમંદિર બનાવનારી બાળકી ઘવાઈ ઊઠી. 'મારા સુવર્ણમંદિર પર બોમ્બ પડ્યો છે !'

દર્શકે કહેલું, 'અનિલ આ શાળાને વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રયોગો દ્વારા નમૂનેદાર બનાવવી.' પછી કહેલું, 'હું કેળવણીકાર જબરો, પણ શિક્ષક તો અનિલ જ.' 'તે નસેનસ શિક્ષક છે.'

અનિલભાઈના પ્રયોગોની યાદી જ લાંબી થાય તેમ છે. શાળાપંચાયત અને તે દ્વારા લોકશાહીની અને નાગરિકતાની કેળવણી, સૂતરબેંક દ્વારા જરૂરી વસ્તુઓ મેળવવી અને બેંકિંગનો અનુભવ, રિસાઇકલિંગ કરવું, ઉત્સવોની ઉજવણી, પ્રવાસો, પગપાળા પ્રવાસો, પૂનમની ગરબી અને સમૂહભોજન, સાંસ્કૃતિક ગ્રામશિબિર, ખજાનાની શોધ, બીડમાં બોર ખાવા અને ધોધમાં નહાવા જવાના કાર્યક્રમો, દાંડિયારાસ, નૃત્યનાટિકાઓ, ભાષાશિક્ષણ માટે જોડણીકોશનો ઉપયોગ, પુસ્તક પરિચય અને વાચન, સ્વાધ્યાય યોજના, ડોલ્ટન પ્લાન, પરીક્ષાને બદલે મહાસ્વાધ્યાય, સ્વાવલંબનના પ્રયોગો. પ્રયોગો જ પ્રયોગો. પ્રયોગોની યાદી લાંબી થાય છે. આ બધાં વચ્ચે શાળેય શિક્ષણ પણ ચાલ્યું જ. સાથે સાથે બાળકોમાં રહેલી શક્તિઓ-સર્જનશક્તિ અને સામાજિકતાનો વિકાસ, અનુભવ અને અનુબંધ દ્વારા કેળવણી. પગાર, સલામતી ઇંક્રીમેન્ટ સમય, સિનિયોરીટીની વાત નહીં. બસ કેળવણીને સમર્પણ. અનિલભાઈનેય પરિવાર હતો, જરૂરિયાત હોય જ પણ કયારેય તેવી વાત નહીં. ત્યાં ભણેલા દિનેશભાઈ સંઘવી નોંધે છેઃ 'એમના પોતાના ઘરની તેઓ કેવી અને કેટલી ચિંતા કરતા એ તો રામ જાણે, પણ છાત્રાલયમાં બાળકોને દૂધ અને છૂટથી ગોળ મળે તે માટે સદા ચિંતિત. દૂધ અને દૂધની મીઠાઈ ઉપરાંત ગોળ-ઘી આખુંય વર્ષ અખૂટપણે ચાલ્યા કરે.' આ લખનારે પણ ત્યાં શિક્ષણ લીધું છે અને ખૂબ વાંચ્યું, માણ્યું. આજે શિક્ષણકારો જીવન શિક્ષણની વાત કરે છે. આંબલામાં તો એ સિવાય કાંઈ નહોતું જાણે !

આવા અનિલભાઈને કોઈએ કસબી કહ્યા તો કોઈએ જાદુગર. રમેશભાઈ વીરમગામી કહે છે, 'તેઓ મારા ઘડતરના સાથી હતા.' મનસુખભાઈ સલ્લા તેમને યોગ્ય રીતે 'પ્રયોગધર્મી જન્મજાત શિક્ષક' તરીકે ઓળખાવે છે. યોગેશભાઈ કહે છે, 'અનિલભાઈ એટલે શિક્ષણ ત્રિવેણી સંગમના સમન્વયી નવોન્મેષી તીર્થયાત્રી.' છ દાયકા સુધી સાથે કામ કરનાર લાલજીભાઈ નાકરાણી 'આંતરબાહ્ય શિક્ષક' કહે છે; તો મીરાબહેન ભટ્ટ તેમને 'માળી જેવા શિક્ષક' કહે છે. નયનાબહેન શાહ તો તેમની પાસે સીધા ભણેલાં નહીં એટલે પોતાને અનિલભાઈની જીવનશાળાની વિદ્યાર્થિની' તરીકે ઓળખાવે છે. હાજીભાઈ બાદી પોતાને 'બાળશિક્ષણના મારા દીક્ષાગુરુ' કહી એક સરસ પ્રસંગ આપે છે. તે વખતે અનિલભાઈ માયધારનું લોકવિદ્યાલય સંભાળે. હાજીભાઈ લખે છેઃ બાળકો સાથે ખેતીમાં સતત શ્રમ કરીને સંસ્થામાં પરત આવ્યા ત્યારે જોયું કે અનિલભાઈએ મધુબહેનની પીળા રંગની સાડીમાંથી એક નાનકડી ઝૂંપડી બનાવી હતી. વિગતે જાણતાં ખ્યાલ આવ્યો કે આજે પૌત્રી કૂજનનો જન્મદિન છે, તેથી દાદાએ દીકરી માટે નાનકડી ઝૂંપડી બનાવી છે ! બાળકોને આ રીતેય વહાલ કરી શકાય તે શીખવા મળ્યું. કેળવણીમાં આંતરિક આનંદ પ્રાણરૂપ છે. સત્ય, શિવ, સુંદર અને આનંદ એ જ કેળવણી. આંબલાની આ શાળામાં કોઈ નિયત પાઠ્યપુસ્તકો નહીં, બેલ પડે અને વર્ગ બદલે તેવુંય નહીં ! પરીક્ષા જ નહીં તો ચોરી કેવી ? અને છતાં કેટકેટલુંય શીખવા મળ્યું છે. વાંચવા-સાંભળવા મળ્યું છે !

તો, આવા અનિલભાઈનું કેળવણીનું દર્શન શું હતું ? તેમણે પોતાના 'મુક્તશીલા કેળવણી'માં વિગતે તે વિચારો અને પોતાના અનુભવો આપ્યા છે. ગાંધી તો એમના માટે શ્રદ્ધાસ્થાને-પ્રેરણાપુરુષ હતા જ, પણ તેઓ પનપ્યા હતા અને પુષ્ટ થયા હતા નાનાભાઈ, ગિજુભાઈ, હરભાઈની ધારામાં અને પછી દીક્ષિત થયા હતા મનુભાઈ, મૂળશંકરભાઈ અને બુચભાઈની ધારાથી. દર્શક કહેતા, 'નઈ તાલીમનાં બે માધ્યમોઃ સમાજ અને ઉદ્યોગ' પછી દર્શક આગળ કહે છે : 'બહુ ઓછા લોકોએ તેની શક્તિ પીછાણી છે.' અનિલભાઈએ તેની શક્તિ પીછાણેલી અને તેમણે સમાજ-ઉદ્યોગમાં કેળવણી સાથે મોજનું અને ખોજનું તત્ત્વ ઉમેરેલું. 'આનંદ વિના, સાહસ વિના કેળવણી નથી. તે જ તેનો પાયો છે અને પ્રાણ છે. અનિલભાઈએ કહેલું,

'સેવી તો છે મનુષ્યની અંદર પડેલી ચેતનાને, રચનાત્મક સર્જન કરવાની વૃત્તિને, ને તેને જ કેળવણીનું માધ્યમ માન્યું છે.' તેઓ 'જીવન સાથે કેળવણીને જોડવા' ઇચ્છે છે અને 'બાળકોને પ્રકૃતિ, સમાજ તેમ જ રોજનાં સમાજોપયોગી કાર્યો સાથે જોડી આંનદપૂર્વક જીવન જીવવાની કળા આપવા' ઇચ્છે છે. અનિલભાઈ ઉમેરે છેઃ 'આ પ્રયોગમાં(નઈ તાલીમમાં) મારો વિશ્વાસ દઢ થયેલો છે.' અનિલભાઈએ કેળવણી અંગે તલાવગાહી વાંચ્યું છે અને ઊંડાણથી વિચાર્યું છે. તેઓ કેવળ પ્રયોગવીર હતા તેમ કહેવું તે અધૂરું ગણાશે. તેઓ નઈ તાલીમના, જીવનની કેળવણીના ચિંતક પણ હતા. એટલે તેમના પ્રયોગોની પાછળ એક દર્શન હતું, સમજ હતી. તે વિચારને અમલીકૃત કરવા માટેનું માધ્યમ તેમના વિવિધ પ્રોજેક્ટ્સ-પ્રયોગો હતા. અનિલભાઈએ કેળવણી અંગે વ્યાખ્યાનો આપ્યાં છે અને લખ્યું પણ છે. તેમની પ્રસિદ્ધ વ્યાખ્યાનમાળા 'નિર્ભયતા, અનુભૂતિ અને સર્જન' એ કેળવણીએ જે કામ કરવા જેવું છે તેનો પાયો છે. કેળવણીની બુનિયાદ છે આનંદ. નિર્ભયતા, અનુભૂતિ અને સર્જનનાં ત્રિરત્નમાં અનિલભાઈએ કેળળવણીનું આગવું દર્શન આપ્યું છે. અનિલભાઈનાં આ વ્યાખ્યાનો પૂરાં થયા પછી એ સમયના લોકભારતીના નિયામક શ્રી કુમુદભાઈએ પૂછ્યું, 'તમારી વાત તો સાચી, પણ સાલુ કેળવણીમાં આ નિર્ભયતા, અનુભૂતિ અને સર્જન આવે કેમ ?' અનિલભાઈએ જાણે પગથિયાં ઊતરતાં ટૂંકો જ જવાબ આપેલો, 'પ્રયોગો, પ્રયોગો, સતત પ્રયોગો.'

નિર્ભયતા એટલે સ્વનિયમન અને સ્વાધીનતા. દર્શક ઍવૉર્ડ સ્વીકારતી વખતે તેમણે કહેલું, 'ગિજુભાઈએ ભય, લાલચ, સ્પર્ધા સિવાય સર્જન અને સ્વનિયમન દ્વારા નવા શિક્ષણની કેડી કંડારી આપી છે, તેનાં મીઠાં ફળ શિક્ષકજીવનમાં મેં અનુભવ્યાં છે.' પ્રવૃત્તિ દ્વારા 'સ્વાધીનતા' અને 'આનંદ પ્રાપ્તિ'ની વાત મોન્ટેસરીએ કરી જ હતી. તેને જ અનિલભાઈએ માધ્યમ બનાવ્યું અને 'આનંદ એ તેનો પાયો છે, પ્રાણ છે' તેમ સમજાવ્યું.

નિર્ભયતા, અનુભૂતિ અને સર્જનનું શિક્ષણ શબ્દથી ન આપી શકાય. દર્શક ઍવૉર્ડ સ્વીકારતા પ્રતિભાવમાં જ તેમણે કહેલું, 'ચાલુ શિક્ષણ તો શબ્દ ઉપર બધો મદાર રાખી કેળવણી આપવા મથે છે. તેમાં પરિવર્તન કર્યા વગર કેળવણી બોજારૂપ જ રહેવાની. ભાર વગરનું શિક્ષણ કરવું હોય તો કેળવણીએ આચરણ અને અનુભૂતિને કેન્દ્રમાં લાવવાં પડશે.' પછી મહત્ત્વની વાત ઉમેરતાં કહે છે, 'સાથોસાથ શબ્દ પહેલાં અનુભવને મૂકવો પડશે. કારણ કે શબ્દ જેનો પ્રતીક છે તે પદાર્થ, ભાવ કે ઘટનાનો 'અનુભવ' તે પહેલી જરૂરી વસ્તુ છે. 'અનુભવ' વગરનો 'શબ્દ' તે માત્ર તૂંબડીના કાંકરા જ રહેવાના.'

શાંતિનિકેતનના આચાર્ય ક્ષિતિબાબુના એક કથનનો ઉલ્લેખ મનુભાઈ કરતા રહેતા, 'આપણા દેશની સમસ્યા શી છે ?' ક્ષિતિબાબુએ કહેલું, 'જ્યાં જીવન છે ત્યાં શબ્દ નથી અને શબ્દ છે ત્યાં જીવન નથી.' એટલે મનુભાઈએ સૂચવેલું, 'આનો સાર એ છે કે બાળકને પ્રાથમિક શિક્ષણમાં બને તેટલા અનુભવો આપવાનું ગોઠવીએ.'

આ નિર્ભયતા, અનુભૂતિ અને સર્જન માટે અનિલભાઈએ પ્રયોગો કર્યા. ગાંધીજીએ કેળવણીના ત્રણ પાયા પ્રબોધેલાઃ પ્રકૃતિ-કુદરત, સમાજ અને ઉદ્યોગ. ગાંધીજીનું આ દર્શન ટુકડા-ટુકડા, ખંડ-ખંડમાં સમજાયું અને ક્રિયામાં મૂકાયું અને તેથી લક્ષ્ય અંકાયું. આંબલાના શિક્ષણમાં આ ત્રણેનો અદભુત સમન્વય હતો. ઉદ્યોગ-શ્રમ તો થાકી જવાય, પરસેવો નીતરે એટલો હતો. આજે તો બાળકો છાત્રાલયમાં સફાઈ કરે કે શાક સમારે તો પણ અધિકારી કહેશે 'તમે બાળમજૂરી કરાવો છો, આ ગુનો બને છે.' આંબલામાં તો એવો શ્રમ 'ખેતી, ગૌશાળા, મકાન બાંધકામ, જમીન સમતળ કરવી, વાવવું, વાઢવું, લણવું, ઊણપવું, વૃક્ષોનાં ખામણાં કરવાં, પ્રુનિંગ કરવું, જાતજાતનું કામ; પણ અનિલભાઈએ આ કાર્યોમાં 'સર્જન', 'શિક્ષણ', અને 'મોજ'નું તત્ત્વ એવું તો ઉમેરેલું કે કામ કરનારને કદી થાક નથી લાગ્યો. શિક્ષકો સાથે ને સાથે. અને આ શ્રમ-ઉદ્યોગ દ્વારા જે શીખવાનું મળે, નિર્ભયતા-આત્મવિશ્વાસ આવે તે અન્યથા ન આવે. ઉદ્યોગ દ્વારા કેળવણીનો અનુભૂત-અદભુત પ્રયોગ ત્યાં ચાલ્યો. આ શ્રમ પણ ઉત્પાદક અને સમાજોપયોગી. અનિલભાઈએ લખ્યું છે, 'ઉદ્યોગ પ્રવૃત્તિને હું સર્જન કહું છું. અને તેને કેળવણી સાથે જોડવા મથ્યો છું. વિદ્યાર્થી સ્વાશ્રયી બને તે પ્રક્રિયા જ ખુમારી પેદા કરે છે.

આ પ્રક્રિયાથી વિદ્યાર્થીની અંદરની ઊર્જાને સર્જનમાં પલટાવી શકાય છે. વિદ્યાર્થીઓને પોતાની જાત વિશેનો આત્મવિશ્વાસ આપી આનંદપૂર્વક જીવતો કર્યો છે.

અનિલભાઈએ શ્રમનો વિદ્યાર્થીની કેળવણી માટે વિશિષ્ટ રીતે વિનિયોગ કર્યો, તેવો જ છાત્રાલય જીવનનો, સમૂહજીવનનો કર્યો. છાત્રાલય એ પણ નઈ તાલીમનો મહત્ત્વપૂર્ણ પાયો. વિદ્યાર્થીઓને સહજીવન, સમૂહજીવન, સમાજજીવનનો અનુભવ છાત્રાલય દ્વારા મળે. સ્વાશ્રય અને સ્વાવલંબનનાં કૌશલ્યો, સંસ્કાર અને મૂલ્યો વ્યક્તિગત તેમ જ પ્રજાજીવનમાં અનિવાર્ય છે. આંબલાનું છાત્રાલય એટલે પરિવારજીવન જ. પરિવારનાં જ ભાવ-મૂલ્યોને કેળવણીમાં સંક્રાન્ત કરવાનાં. પરિવાર એટલે કાળજી-ચિંતા, વિશ્વાસ-ભરોસો, હેત-હૂંફ, સ્વીકાર, સ્વાતંત્ર્ય, પરસ્પરાવલંબન. કોઈ ઔપચારિકતા-કૃત્રિમતા નહીં. સહજતા અને સાદગીનું સૌંદર્ય. એકલી ચડ્ડી પહેરીને રખડી શકાય. ભણવા બેસી શકાય ! તેમાં કશું અજુગતું-અનુચિત ન લાગે. સ્નાન માટે બાથરૂમ નહીં, સ્નાનઘાટ પર જ નહાવાનું અને ત્યાં જ કપડાં ધોવાનાં. જીવન એટલે જ સંબંધો. દૃષ્ટિપૂર્વક ચાલતું છાત્રાલય એ સંબંધોની કેળવણી આપી રહે. નાનાભાઈએ કહેલું, 'આપણે પશુ મટી વધારે ઊંચા માણસ થવાનું છે.' કેળવણી દ્વારા આ જ કાર્ય કરવાનું રહે અને તે માટે સાથે રહેતાં શીખવું પડે. વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે, વિદ્યાર્થી-શિક્ષક વચ્ચે, વિદ્યાર્થી-વાલી વચ્ચે પ્રેમનું, અભયનું સામ્રાજ્ય નહીં હોય તો મોન્ટેસોરી કહેતાં હતાં તેવો 'ડંખ વગરનો માણસ' પેદા નહીં થઈ શકે.

છાત્રાલય એટલે વ્યાપક-બૃહત્ પરિવારજીવન. આપણા જીવનનો, સંસ્કૃતિનો પાયો પરિવાર છે. કેળવણી દ્વારા આ પરિવારભાવને જ પુષ્ટ કરવાનો છે. અને તેની બુનિયાદ છે સ્નેહ-સરળતા, સ્વતંત્રતા-વિશ્વાસ, સર્જનાત્મકતા-સ્વાવલંબન.

આંબલા પ્રાથમિક શાળામાં પરિવારનું જ વાતાવરણ અને તેને પુષ્ટ કરવામાં અનિલભાઈનાં પત્ની સ્વ. મધુબહેનનું મહત્ત્વનું યોગદાન. ભરતભાઈ ભટ્ટ લખે છેઃ 'અનિલભાઈ-મધુબહેને પોતાની ગૃહસ્થીને સંસ્થામાં એકરૂપ કરી દીધી હતી.' અનિલભાઈ હલકથી ભાવભરી રીતે ગાય અને મધુબહેન પણ. આંબલા પ્રાથમિક શાળામાં ગીત-સંગીતનું સુંદર વાતાવરણ મધુબહેનને લીધે. બુચભાઈએ નોંધ્યું છેઃ 'અનિલભાઈ-મધુબહેનનાં બાળકો અને તેમના વિદ્યાર્થીઓ વધુ સ્વસ્થ-સહકારભર્યા સહજીવનનાં પરિણામો' અનિલભાઈના સાથી શિક્ષક ફાજલભાઈ લખે છે, 'અનિલભાઈ અને મધુબહેન પાસે હું અને જેનમ ઘડાયાં.'

અનિલભાઈનું મહત્ત્વનું પ્રદાન એટલે કેળવણીનું તેમનું આ દર્શન-ચિંતન અને તેને ધરાતલ પર લાવવા પ્રયોગો-પ્રવૃત્તિઓ. તેની બહુ થોડી વાત અહીં મૂકી છે. આ લખનાર દ્વારા સંપાદિત અને ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલા (જિ.ભાવનગર) દ્વારા પ્રકાશિત અનિલભાઈના કેળવણી વિષયક લેખોનો ગ્રન્થ 'મુક્તશીલા કેળવણી' અને અનિલભાઈના પ્રયોગોના સાક્ષીઓએ તેમના વિશેના લેખોનો ગ્રંથ 'હૃદયકોષે અનિલભાઈ' વાંચવા વિનંતી છે. અનિલભાઈ ૧૯૬૨માં ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલાના ઉપનિયામક અને એ જ વર્ષે જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ-ભાવનગરના અધ્યક્ષપદે રહ્યા. સાથે 'કોડિયું' માસિક પત્રના સંપાદક અને ગુજરાત નઈ તાલીમ સંઘના મંત્રી બન્યા. ૧૯૭૦માં તેઓને ગ્રામ દક્ષિણામૂર્તિનું નિયામક પદ સોંપાયું. ૧૯૭૮થી દસ વર્ષ લોકવિદ્યાલય માતૃધારાના સંચાલક રહ્યા. ત્યાંનાં કામો-પ્રયોગોની વાત પણ અહીં નથી મુકાઈ. ૧૯૯૭માં ગુજરાત નઈ તાલીમ સંઘના પ્રમુખ બન્યા અને તે જ વર્ષે તેમને દર્શક ઍવૉર્ડ મળ્યો. ૨૦૦૭ પછી સંસ્થાગત પદો, વૈધાનિક કાર્યોમાંથી નિવૃત્તિ લીધી, પણ પોતાની રીતે પ્રવૃત્ત રહ્યા. વચ્ચે થોડાં વર્ષો લોકભારતીના મૅનેજિંગ ટ્રસ્ટી પણ રહ્યા અને આ બધી સંસ્થાઓના ટ્રસ્ટી તરીકે તો સેવા આપતા જ રહ્યા. તેમનાં આ બધાં પાસાંઓની વાત અહીં નથી મૂકી. શિક્ષક થવું અને હોવું એ જ જબરું ઉત્તરદાયિત્વ છે. વિનોબાજી કહેતા, શિક્ષક એ શીલવાન, કરુણાવાન અને પ્રજ્ઞાવાન હોય. અર્થાત સંતત્વ, માતૃત્વ અને વિદ્વત્તત્ત્વથી વિભૂષિત હોય. અનિલભાઈએ પણ લખ્યું છે, 'જેણે સારું ભણાવવું છે તેણે સતત ભણતા રહેવું જોઈએ' અને તેમણે અન્યત્ર કહેલું તેમ, 'નઈ તાલીમ માટે પરીક્ષાના

**(અનુસંધાન પાના નં. ૨૯ ઉપર)**

## (૦૭) ધૂણી રે ધખાવી ગ્રામ દક્ષિણામૂર્તિ, અમે તારા નામની !

- ભદ્રાયુ વચ્છરાજાની

નઈ તાલીમ માટે અંગદનો પગ બની રહેનાર અનિલભાઈ ભટ્ટને અલવિદા...

દસમાના વેકેશનમાં ઘરે જુગતરામ દવે આવ્યા. એમણે પૂછ્યું : 'મોટા થઈને શું કરવું છે ?' જવાબ દીધો : 'ગાંધીનું કામ.' જુ'કાકા કહે, 'તો ચાલ, અમારા આશ્રમે.' અને અનિલ ભટ્ટ ચાલતા થયા જુ'કાકાની આંગળી પકડીને. સ્વરાજ આશ્રમ, વેડછીમાં ચાર વર્ષ રહ્યા. બે વર્ષ ભણ્યા, બે વર્ષ ભણાવ્યું. જીવન ઘડતરની મજા માણી વેડછીમાં જુ'કાકાની નિશ્રામાં ! અહીં વાંચ્યાં યાદગાર ત્રણ પુસ્તકો : 'ટોલ્સટોયનું જીવનચરિત્ર', 'ત્યારે કરીશું શું ?' અને અપ્પાસાહેબ પટવર્ધનનું 'સેવાધર્મ.' આ પુસ્તકોમાંથી સમજાયું કેઃ 'કોઈની કાંધે બેસી ખાવું બરોબર નહીં, શ્રમ કરી કમાવું એ જ સાચું.' વેડછી છોડ્યું ને તળાજા શેત્રુંજી કાંઠે જમીન લઈ અનિલભાઈ શ્રમજીવી ખેડૂત બન્યા. સતત પાંચ વર્ષ સુધી એમણે ઢોર ચાર્યા, ગાયો દોહી, બળદ જોડી ખેતી કરી, પાણી વાળ્યું ને પાકનું રખોપું કર્યું. એમાં છૂતાછૂત નડ્યું ને અનિલભાઈ પર શ્રમ વધ્યો, તબિયત કથળી, વૈદરાજે દસ વર્ષ ખેતી કરવાની મનાઈ ફરમાવી. બીમાર પણ યુવાન અનિલભાઈના ખબર કાઢવા મનુભાઈ પંચોળી ઘરે આવ્યા. બધી વાત સાંભળી આંબલા આવી જવા કહ્યું. ૧૯૫૫ના જુલાઈમાં અનિલભાઈ ભટ્ટ ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલા પહોંચ્યા, તે છેક ૨૦૧૯ના જુલાઈમાં પરલોક સિધાવ્યા ત્યાં સુધી જાણે 'ધૂણી રે ધખાવી, અમે તારા નામની.'

માતાપિતા બન્ને ગાંધીરંગે રંગાયેલાં. દાંડીયાત્રા અને પછી ધરાસણા સત્યાગ્રહમાં માતા જેલમાં ગયેલાં ત્યારે નવ-દસ મહિનાના અનિલે પણ જેલવાસ ભોગવેલો. બા કહેતી કે, 'તેં સૌ પહેલાં જેલના રોટલા ને મીઠું ખાધાં છે !' ભય-સજા-માર-લાલચ-ઈનામ-સ્પર્ધાથી મુક્ત કેળવણીના સંસ્કારો સિંચાયા ને ભારોભાર સર્જનાત્મક પ્રવૃત્તિઓ વચ્ચે પ્રાથમિક શિક્ષણ થયું. ૧૯૭૦થી ૨૦૦૫ એમ પાંત્રીસ વર્ષ એક આસને નિયામક તરીકે ગ્રામ દક્ષિણામૂર્તિ, આંબલામાં અનિલભાઈ જાણે ઓગળી ગયા.

અનિલભાઈ કહેતા, 'જેમાં જીવનના પ્રયોગો હોય તે કેળવણી, જેમાં પુસ્તકિયા પ્રયોગો હોય તે શિક્ષણ...' જોકે, આટલું કહીને સંતોષ માને તો અનિલભાઈ શાના ? નવી કેળવણી સામેના વાલીના વિરોધને સમજવા અનિલભાઈ ગ્રામજનોની વચ્ચે બેઠા. લોકો કહે, બીજું જે ઉમેરો તે ભલે, પણ અમારાં બાળકોને બે બાબતો આવડે તો તમારી કેળવણી સાચી. (૧) પત્ર લખી શકે ને બહારથી પત્ર આવે તે વાંચી શકે. (૨) રોજ-બ-રોજના ઘર-ખેતીના હિસાબો લખી શકે... અનિલભાઈએ શાળામાં બે કાર્યક્રમો શરૂ કર્યાઃ (૧) પોસ્ટ ઑફિસ (૨) ખેડૂત કુટુંબના ઘરના હિસાબો આધારિત શિક્ષણ. દરેક શિક્ષકે દર સપ્તાહે દસ વિદ્યાર્થીઓને પત્ર લખવાનું શરૂ કર્યું. વર્ગમાં જ પોસ્ટ માસ્તર, પોસ્ટમેન, ટપાલ પેટી ! ત્રણ જ મહિનામાં ગ્રામજનોની પહેલી માંગ સંતોષાઈ ગઈ ! ગણિત શિક્ષણની ચાલુ પદ્ધતિ બંધ કરીને કુટુંબના રોજમેળ અને નામા પદ્ધતિને ગણિતમાં સમાવી દીધું. ધો. ૫, ૬, ૭ના વિદ્યાર્થીઓને છ જ મહિનામાં ઘરના-ખેતરના બધા જ હિસાબો લખતાં ને મેળવતાં આવડી ગયું. એક વખત તો જબરી મોજ થઈ. અંબર ચરખાની બેલણી કે જેમાં પૂણી બનતી તે જોઈને સિહોરનો એક વિદ્યાર્થી અનિલભાઈને કહે કે, મારાં માસીને ત્યાં તો આવી કોઠીમાં આઇસ્ક્રીમ થાય છે, તો આમાં કેમ ન થાય ? અનિલભાઈ તો છોકરાને લઈને ઊપડ્યા એનાં માસીને ઘરે સિહોર. બધું સમજી લીધું કે આઇસ્ક્રીમના સંચામાં શું થાય છે ? આવીને અનિલભાઈએ સૌને ધંધે વળગાડ્યા ને છેવટે અંબરની બેલણીમાં આઇસ્ક્રીમ બનાવીને સૌને ખવડાવ્યો. આ હતી અનિલભાઈએ સર્જેલી કેળવણી. ને એટલે તો ગ્રામીણ શિષ્યોને મન અનિલભાઈનું ભણતર અદકેરું હતું.

અનિલભાઈ તળપદી લ્હેકાથી લોકબોલીમાં વાત

કરતાઃ 'કામના ઢસરડા કરે ખેતી ન થાય. ખેતી કરવા માટે જમીન સાથે, ઊભા પાક સાથે દોસ્તી કરવી પડે. આપણો જીવ તેના પ્રાણ સાથે મળવો જોઈએ. ચાલ, આ બાજરાને પૂછ કે ભાઈ તને શી મુશ્કેલી છે ? ખેતી કરવી હોય તો છોડવે છોડવાની સાથે વાતું કરવી પડે, બેટા !' નવ દશક એકધારી શિક્ષકત્વની સાચી જાગીર સાચવી બેઠેલા અનિલભાઈએ કામ કરવાની એક પંચપદી આપેલીઃ (૧) વાસ્તવિક પરિસ્થિતિ સમજવી. (૨) તેમાં પ્રશ્ન કે મૂંઝવણ હોય તે સમજવાં (૩) કામ અંગેના બીજાના અનુભવો સમજવા (૪) તે અંગેનાં પુસ્તકો વાંચી જવાં (૫) પછી કામ પાછળ બરાબર લાગી જઈ ઓતપ્રોત થઈ જવું... બસ, પછી કામનું પરિણામ સારું આવીને જ રહે... કેળવણીના પ્રયોગોની જીવતી જાગતી પ્રયોગશાળા એટલે અનિલભાઈ ભટ્ટ. 'અ' આંબલાનો, 'અ' અનિલભાઈનો ને હવે 'અ' અલવિદાનો પણ...

સારસંચય :

મને ત્યારે જ લાગ્યું દોસ્ત, રાઘવ કામમાં આવ્યો
જગતમાં જે ઘડી માનવને માનવ કામમાં આવ્યો.
- કવિ ગૌરાંગ ઠાકર

**(અનુસંધાન પાના નં. ૨૭ ઉપરથી)**

ગુણ કરતાં નઈ તાલીમનું જીવન જીવતા હોય તેવા શિક્ષકો' જરૂરી છે. અનિલભાઈમાં નમ્રતા અને સહૃદયતા એવાં કે પોતાનો ઢોલ પીટવાથી સદાય દૂર રહ્યા છે. જીવન દ્વારા જીવનનું શિક્ષણ અને તે સહેલાઈ, સહજતા, સ્વભાવ અને સ્વાચરણ વિના સંભવે નહીં. અનિલભાઈએ પૂરાં નિષ્ઠા અને નિસ્બતથી લગાવ અને લગનથી, પૂરા હૃદયભાવે-સમર્પણભાવે બુનિયાદી પ્રાથમિક કેળવણીની ઉપાસના કરી. તેમનો હૃદયધર્મ જ કેળવણી. એક શ્રદ્ધાપૂર્વક, સમજણપૂર્વક અને સાતત્યપૂર્વક કરેલા પ્રયોગો અને તેનાં મેળવેલાં સુખદ પરિણામોની આ દાસ્તાં કેળવણીનાં સંભાવના અને ખોજને, ઓજ અને ઉજાસને, ભીતરી શક્યતા અને શક્તિને ઉપસાવી શકશે. તે જ ધરપત, હિંમત વિશ્વાસ અને પ્રેરણા આપશે. કેળવણી આખરે તો જાત અને જગત સાથે, ખંડ અને અખંડ સાથે, સ્વ-પર અને પરમ સાથે જોડતી અવિરામ યાત્રા છે. અનિલભાઈની એ યાત્રા અદીઠ રીતે દક્ષિણામૂર્તિથી શરૂ થઈ અને પ્રત્યક્ષ રીતે ગ્રામદક્ષિણામૂર્તિમાં વિરમી. ક્યાંક વાંચેલું, 'જીવવું બહુ સહેલી વાત છે, પણ કોકને જ જીવતાં આવડે છે. મોટા ભાગના માત્ર શ્વાસ લે છે.' એક જીવંત શિક્ષકને, કેળવણીના આચાર્યને, મારા તો ગુરુને હૃદયથી શ્રદ્ધાપૂર્વક આદરાંજલિ.

**આગામી કાર્યક્રમો અંગેની પૂરક વિગતો**

| તારીખ | વાર | ઉત્સવ/કાર્યક્રમ/વ્યાખ્યાન | વક્તા/મહેમાન |
|---|---|---|---|
| ૨૯-૦૮-૧૯ | ગુરુવાર | સ્વ.પૂ.મનુભાઈ પંચોળી પુણ્ય તિથિ 'દર્શક' વ્યાખ્યાનમાળા અને<br>લોકભારતી પૂર્વ વિદ્યાર્થી સન્માન<br>(૧) મા.શ્રી મુક્તાબેન સંઘવી (ભાવસાર), નીલપર<br>(૨) મા.શ્રી પ્રદીપભાઈ આસ્તિક, સોનગઢ<br>(૩) મા.શ્રી અરવિંદભાઈ ત્રિવેદી, ભાવનગર<br>(૪) મા. શ્રી રવીન્દ્રસિંહજી સરવૈયા, ભાવનગર<br>(૫) મા. શ્રી યોગરાજસિંહજી ગોહિલ, સોનગઢ | શ્રી માધવ રામાનુજ |

## (૦૭) જીવનલક્ષી કેળવણીનો અખૂટસ્રોત : અનિલભાઈ

**- અરુણ દવે**

(લોકદક્ષિણામૂર્તિ સંસ્થાઓનું વર્ષો સુધી માર્ગદર્શન કરનાર અને આજીવન લોકસેવક બનીને જીવનલક્ષી કેળવણીને ઉજાગર કરનાર વત્સલ શિક્ષક શ્રી અનિલભાઈ આત્મારામભાઈ ભટ્ટનું તા.૧૧-૦૭-૨૦૧૯ના રોજ ૯૦ વર્ષની વયે આંબલા ખાતે દેહાવસાન થયું છે. તેમના એક વિદ્યાર્થીની આ ગુરુવંદના-સ્મૃતિવંદના...)

હું બાલમંદિરથી ડૉક્ટરેટ સુધીનું ભણ્યો. સણોસરા, આંબલા, જામનગર, ભાવનગર અને ભારતની પંદર પૈકી એક એવી રાષ્ટ્રીય સંશોધન સંસ્થા સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ, ભાવનગરમાં પણ અભ્યાસ કર્યો. અમેરિકા, ઈઝરાઈલ, યુરોપ-આફ્રિકાના દેશોમાં જવાનું થયું. ઘણા બધા શિક્ષકો, પ્રોફેસરો, વિદ્વાનો, અનુભવીઓ અને તજજ્ઞોના સંપર્ક-પરિચયમાં આવવાનું થયું છે અને થઈ રહ્યું છે. આ બધામાં મને કોઈ એક શિક્ષક સૌથી વધારે જીવંત અને રૂંવાડે રૂંવાડે શિક્ષક લાગ્યા હોય તો તે છે શ્રી અનિલભાઈ ભટ્ટ.

મારી ઉંમર અને અભ્યાસના પ્રમાણમાં મને ઘણી બધી દેશ-વિદેશની સંસ્થાઓએ સભ્યપદ-માન-સન્માન આપ્યાં છે, તેમ જ મેં જયાં જયાં અને જે જે ક્ષેત્રમાં કામ કર્યું, ત્યાં સારી એવી કદર થઈ છે. આ સફળતા કે સંતોષનો જયારે હું વિચાર કરું છું ત્યારે મારી સૂઝ-શકિતને, દૃષ્ટિને અને કૌશલ્યને વિકસાવવામાં પાયાનું શિક્ષણ જયાંથી મળ્યું, તે આંબલા પ્રાથમિકશાળા અને એ સમયના શિક્ષકોના આગેવાન શિક્ષક અનિલભાઈને જ પૂરો યશ આપું છું.

મારો ઋણાનુબંધ અનિલભાઈ સાથે એવો રહ્યો કે હું પ્રાથમિક શાળામાં રહ્યો, ત્યાં સુધી તેઓ ત્યાં આચાર્ય હતા. લોકશાળામાં ગયો, તો ત્યાં સંચાલક-નિયામક થયા અને જયારે લોકભારતીમાં કામે ચડ્યો ત્યારે તેઓ ટ્રસ્ટી તરીકે નિમાયા !

જેમ બ્રહ્માંડના ઉદ્‌ભવ, અસ્તિત્વ, વિકાસ અને ભવિષ્ય વિશે જાણવું-સમજવું અત્યંત અઘરું, રોમાંચક, કલ્પનાતીત અને જટિલ હોવા છતાં આઇન્સ્ટાઇનના મતે આપણું બ્રહ્માંડ એ સમજી શકાય તેવું છે, એ આપણા માટે જેમ પરમ આશ્ચર્યની ઘટના છે; તેમ શિક્ષણના ક્ષેત્રના જેવો ગૂંચવાડો-અજંપો-અસ્થિરતા-નિરાશા અન્ય કોઈ ક્ષેત્રમાં આજે ન હોવા છતાં જો અનિલભાઈના શિક્ષકત્વને પામી શકીએ તો આ ક્ષેત્ર કેવું સરળ, રસિક, ઉપયોગી અને સસ્તું હોવા ઉપરાંત જીવનનો સંતોષ અને આનંદ આપનારું મૂલ્યનિષ્ઠ છે તેની પ્રતીતિ થયા વગર રહે નહીં.

અનિલભાઈની સમગ્ર અભિવ્યકિત-બોડી લેંગ્વેજ એક આદર્શ શિક્ષકની રહી હોવાથી તેમના સંપર્કમાં આવનાર કોઈ પણની કેળવણી સહજ રીતે ભાર વગરની થતી રહી છે. કોઈ પણ પ્રસંગ, ઘટના, ઉત્સવ, પ્રક્રિયા, મૂંઝવણ વગેરેને સહજ રીતે કેળવણીનું સ્વરૂપ આપીને મૂલ્યનિષ્ઠ ઉકેલ લાવી આપવાની અનોખી કલાના તેઓ મહાન કલાકાર હતા. મનુષ્યને હસ્તગત એવી તમામ કલાઓમાં જીવન જીવવાની કલાને સર્વોત્તમ અને સૌથી અઘરી ગણાવવામાં આવે છે. અનિલભાઈ માટે આ કલા સૌથી પ્રિય અને ઈશ્વરકૃપાએ ડાબા હાથના ખેલ જેવી બની રહી હોવાથી અનેક વિદ્યાર્થીઓનાં હૃદયમાં તેઓને સહજ સ્થાન મળ્યું.

તેમના અને આપણા સદ્‌નસીબે તેમને પરિવારની ગળથૂથી તો અમૃતમય મળી હતી પણ મનુભાઈ, મૂળશંકરભાઈ અને બુચભાઈની વત્સલતાસભર ત્રિવેણી જ્ઞાન-કેળવણી-ગંગા સાથે પોતાના જીવનમટકામાં નાનાભાઈનું અધ્યાત્મ-તેજ ભરવાનો અનોખો લ્હાવો મળ્યો. આ કેળવણી-તેજનું મટકું તેમણે પોતાના અભ્યાસ-સમજણ-ચિંતન-વ્યવહારથી એવું અખૂટ-અક્ષય બનાવ્યું કે હજારો વિદ્યાર્થીઓને પાન કરાવવા છતાં છલોછલ ભરેલું જ રહ્યું.

'ડ્રીંક કોકાકોલા, ઈટ કોકાકોલા, સ્લીપ કોકાકોલા' જેવી જાહેરાતની જેવી અનિલભાઈની સમગ્ર જીવનચર્યાના પારાઓ કેળવણીના દોરામાં જ પરોવાએલા રહ્યા હોવાથી તેઓ સમજવા-માણવા-ચાહવા એટલા બધા સરળ અને

સહજ રહ્યા કે કદાચ તેથી જ તેઓ કહેવાતા કેળવણીકારો જેવા અને જેટલા પ્રસિદ્ધ થયા નથી ! ગાંધીજીથી લઈને જ્યોતિભાઈ દેસાઈ સુધીના અનેક કેળવણીકારો પાસેથી પૂરા હકારાત્મક અભિગમથી અને શિષ્યભાવે અનિલભાઈએ કેળવણીના ક્ષેત્રમાં અનેક રીતે અનુભવજન્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું હોવા છતાં અને તેઓ બધો જશ તેમના આ બધા વડીલો-પૂજ્યો-ગુરુજનોને-સાથીઓને-વિદ્યાર્થીઓને આપતા હોવા છતાં પણ પૂરી નમ્રતા અને વિવેક સાથે કહેવું જોઈએ કે એ પછી પણ અનિલભાઈ પાસે કેટલીક કેળવણીવિષયક બાબતોની સ્પષ્ટતા એવી હતી કે જે તેમની પોતાની મૌલિક હતી. ક્યારેક પ્રથમ નજરે એમ લાગે કે આ તો નઈ તાલીમની વાત છે પણ મારો તેમની સાથેનો જન્મથી છેક સુધીનો નાતો એવો રહ્યો છે કે આજે મને એમ કહેવાનું મન થાય કે "અનિલભાઈ જે ભણાવતા-સમજાવતા-જણાવતા તે નઈ તાલીમમાં પણ સૂચવાયું છે !"

વિદ્યાર્થીને સૌથી પ્રિય એવી રમત, ગીત, નૃત્ય, નાટક, પ્રવાસ, વાર્તા, સર્જન-પ્રવૃત્તિઓ વગેરેને શિક્ષણનાં ઉત્તમ અને અસરકારક માધ્યમો બનાવીને અનિલભાઈએ કરેલા શિક્ષણના પ્રયોગો નિઃસંકોચ અત્યંત ઉચ્ચ કક્ષાના ગણાવી શકાય તેવા છે. બાળકોના આનંદસ્રોત એ જ એમનાં તો જીવનમૂલ્યો છે. આનંદ, મોજ અને રચનાત્મક સર્જનશીલતા જ્યારે ઉત્પાદક બની જાય ત્યારે તેમાંથી સમગ્ર વિશ્વની માનવજાતના પ્રશ્નો ઉકેલી શકાય તેવી સક્ષમ કેળવણીનો જન્મ થાય છે.

જીવનને અખંડદર્શનથી સમજીને જાતને જગત સાથે જોડી આપવાની અનોખી આવડત આંબલાની ધૂડી પ્રાથમિકશાળાના આ 'અનિલ માસ્તર'માં અમે છેક ૧૯૫૫થી જોતાં-અનુભવતાં-પામતાં આવ્યાં.

શિક્ષણ ક્ષેત્રનો સૌથી મોટો કોયડો એ છે કે બાળકને જે જાણવું-સમજવું-ભણવું છે, તે શિક્ષકને આવડતું નથી અને શિક્ષકને જે આવડે છે તે વિદ્યાર્થીને ભણવું નથી ! આથી સર્વાંશે શિક્ષણની પ્રક્રિયામાં કોઈને આનંદ-સંતોષ મળતા નથી. એક દિવસ આણંદે વાત કરી કે સિહોરમાં તેની માસીને ત્યાં તેણે એક કોઠી જોઈ અને તેમાં દૂધ નાખી ગોળ-ગોળ ફેરવવાથી આઇસક્રીમ થએલો અને સૌએ પેટ ભરીને ઝાપટેલો. તેણે અનિલભાઈને કહ્યું કે આ પૂણી બનાવવાની બેલણીમાં દૂધ નાખીને આઇસક્રીમ કેમ ન થાય ? અનિલભાઈએ આ ઘટનાને કેળવણીના એક જીવંત પ્રયોગ તરીકે સ્વીકારી લીધી. તેમણે 'આમાં પૂણી સિવાય કાંઈ ન થાય, કાંઈ સમજે છે કે નહીં' તેમ કહીને આણંદને ખખડાવી નાખવાને બદલે એક અનોખો ખેલ નાખ્યો. હકીકતે એ સમયે નાના અંબર ચરખાની પૂણી બનાવવા માટે એક અલગ સાદું-સરળ સાધન 'બેલણી' વપરાતું. તેની રચનામાં પાંચેક ઈંચના વ્યાસના અને સાતેક ઈંચની લંબાઈના એવા મજબૂત પતરાના ગોળાકાર ડબ્બાની નીચે પૂલી ફીટ કરવામાં આવતી. પૂલીને માળ દ્વારા મોટા ચક્ર સાથે જોડવામાં આવતી. ચક્રને હેન્ડલથી ફેરવવામાં આવે ત્યારે ઉપરથી પીંજાએલ રૂની સમાન પટ્ટી બે રોલ વચ્ચે પીસાઈને આવતી જાય અને ગોળ-ગોળ ફરતા ડબ્બામાં વળ ચડતાં ચડતાં ગોઠવાતી જાય ! ડબ્બો ભરાઈ જાય એટલે એ ગુંચળું સાચવીને બહાર કાઢીને અંબર ઉપરના ખાસ ફીરકી-સ્ટેન્ડમાં ગોઠવીને તેમાંથી સૂતર કાંતવામાં આવતું. આવી બેલણીમાં આણંદે આઇસસ્ક્રીમ બનાવવાની હઠ પકડેલી. અનિલભાઈએ સૌને ભેગા કરી આણંદ પાસે ફરી વખત આ ઘટનાની અને આણંદની ઇચ્છાની વાત કરાવડાવી. ટુકડીઓ પાડવામાં આવી. હમીર ખાંડ લાવ્યો. આશા દૂધ લાવી. પ્રોજેક્ટ સંપૂર્ણ નિષ્ફળ ! નિષ્ફળતાનાં કારણો તપાસવામાં આવ્યાં. આણંદની આગેવાનીમાં સિહોર માસીને ત્યાં વૈજ્ઞાનિક આધાર-પૂરાવા લેવા ટુકડી મોકલવામાં આવી. ટુકડીએ આવીને પ્રોજેક્ટમાં રહેલી ભૂલોની સમીક્ષા કરીને નવેસરથી પ્રયત્ન શરૂ કર્યા. બરફ, મીઠું, ગોળ-ગોળ ફેરવવું, દૂધનું જામવું વગેરે વિશે ચિંતન-મનન-અભ્યાસ-ચર્ચા-નિદર્શનો અખતરા વારંવાર થયાં. દિવસો સુધી ચાલેલા આ આઇસક્રીમ પ્રોજેકટના અંતે પૂણી બનાવવાની બેલણીમાં આઇસક્રીમ જમાવ્યો અને પ્રયોગવીરોને ખવરાવીને અનિલભાઈએ પ્રોજેકટને સંપૂર્ણ સફળ જાહેર કરેલો. બેલણીમાં જામ્યો હતો તો આઇસક્રીમ પણ હકીકતે એ અમારી જીવન-કેળવણીની જમાવટ હતી ! કેળવણીની જીવનમીઠાશ આઇસક્રીમના ગળપણની સરખામણીએ સેંકડો ગણી ચડિયાતી હતી, તે વર્ષો પછી આજે સમજાય છે. આમ, કેળવણીના ક્ષેત્રમાં સાધ્યની સ્પષ્ટતા થયા પછી જ ઉચિત સાધનની વાજબી પસંદગી થઈ શકે છે. વિદ્યાર્થીને

જે તાલીમ આપવી છે તે તાલીમ માટેનું સાધન એવું હોવું જોઈએ કે જે તે વિદ્યાર્થીના કાબૂમાં અને સમજમાં પણ હોય. જયારે વિદ્યાર્થીને તેની ક્ષમતા બહારનું સાધન આપવામાં આવે છે ત્યારે એ પ્રક્રિયા નિરાશા-નિષ્ફળતાનો એવો અનુભવ કરાવે છે કે છેવટે વિદ્યાર્થી ડાંડાઈ કરવા પ્રેરાય છે !

આવો એક બીજો યાદગાર પ્રસંગ જોવા-જાણવા-માણવા જેવો છે. ગામમાં ભવાયા ભવાઈ રમવા આવ્યા. વિદ્યાર્થીઓએ એ જોવા જવા માટે રજાની માંગણી કરી. અનિલભાઈએ આ ઘટનાને સંપૂર્ણપણે સર્જનાત્મક-રચનાત્મક-કલાત્મક-સાંસ્કૃતિક-ધાર્મિક વગેરેનો વિદ્યાર્થીઓ સાથેનો સમન્વય સાધી આપતો પ્રસંગ બનાવવાનું મનોમન આયોજન કરીને અમને પ્રોત્સાહિત કર્યા - 'એલા, હાલો આપણે આપણી નિશાળમાં આપણે જ રામાયણ ભજવીએ.' અમે કહ્યું કે, 'મોટી ગદા, તીર-કામઠાં, હોડી, જંગલો, દરિયો વગેરે આપણે કયાંથી કાઢીશું ? અમે તો નાનાં ટાબરિયાં છીએ - દસ માથાળો રાવણ ક્યાંથી કાઢવો ?' અનિલભાઈ કહે, 'અરે, આ બધું તમને હું કરી આપીશ અને તમને મોટાં તો ચપટી વગાડતાં કરી દઈશ.' જેમના વાલી ધોતિયાં પહેરતાં હતાં તે મંગાવાયાં. વિશાળકાય પડદો તૈયાર થયો. વાંસ ખોડીને પડદો બંધાયો. ટુકડીઓ પડી ગઈ. ફાજલભાઈ, છગનકાકા, સવિતાબહેન, અરુણાબહેન, મધુબહેન, પ્રેમજીભાઈ વગેરે શિક્ષકો-પરિવારજનો પણ ટુકડીમાં સક્રિય માર્ગદર્શક તરીકે જોડાયાં. સમગ્ર શાળા એક સર્જનશાળામાં ફેરવાઈ ગઈ. ગદાઓ, કુટિર, પૂંછડાંઓ, મૂછો, મુગટો, જંગલો, દરિયો, તીર-કામઠાંઓ ધમધોકાર બનવાં લાગ્યાં. વાર્તા-સંવાદ-ગીતો તૈયાર થયાં. પંદરેક દિવસના અંતે અનેરાં જોમ-જુસ્સા સાથે સૌ તૈયાર થયાં. રિહર્સલ ગોઠવાયું. લાઇટ તો હતી નહીં. ખાલી તેલના એક ડબ્બાની એક બાજુને ખુલ્લી કરીને તેમાં મૂકી પેટ્રોમેકસ. પેટ્રોમેકસનું ફોકસ પડદા ઉપર; પેટ્રોમેકસ અને પડદા વચ્ચે જરૂરી જુદાં જુદાં અંતરે પાત્રો અને સાધન-સામગ્રીઓની ગોઠવણ કરવામાં આવી. પ્રેક્ષકોને પડદાની આગળ બેસવા જણાવાયું. જયારે નાનકડી હોડીને હાથમાં પકડીને અને પાત્રોને યોગ્ય અંતરે પડદાની પાછળ ઊભાં રાખવામાં આવ્યાં. જયારે રિહર્સલ શરૂ થયું ત્યારે અમારી તો ડાબલીઓ જ ખુલ્લી રહી ગઈ ! નાનકડી એવી વાંસમાંથી બનાવેલી હોડી જયારે મહાકાય પડદે મસ મોટી હોડી દેખાણી, ત્યારે અમે સૌ તો આશ્ચર્યચકિત થઈ ગયાં. અમારા ટેણિયા સાથીદારને જયારે મહાકાય રાવણના સ્વરૂપે જોયો ત્યારે હસીહસીને બઠ્ઠાં પડી ગયાં ! વાહ જાદુગર અનિલભાઈ ! ડિઝનીલેન્ડ ગયો ત્યારે ત્યાં દર્શાવાતી અનેકવિધ ફિલ્મી ટ્રિક્સ અને 'ટાઇટેનિક' ફિલ્મ જોઈને જયારે સૌ આશ્ચર્ય અનુભવતા હતા ત્યારે હું મારી આ હોડીની યાદોમાં ખોવાઈ ગએલો. હકીકતે તો અનિલભાઈએ અમને આપેલા વચન પ્રમાણે અનુભવ અને પ્રવૃત્તિ દ્વારા અપાતી કેળવણીના ક્ષેત્રમાં ચપટી વગાડતાં મોટાં કરી દીધાં હતાં, જે આજે તેનાં શૈક્ષણિક મૂલ્યો સાથે સમજાય છે.

અને ભાઈ, અમે તો પછી પૂરી તૈયારી સાથે રામાયણ ભજવ્યું. ગામમાં ચોરે ને ચૌટે એક જ વાત સંભળાય કે નિશાળિયાઓએ કમાલ કરી. છાયાચિત્ર દ્વારા આ રામાયણ-ભજવણી દિવસો સુધી ચાલી. દિવસે તૈયારી અને રાત્રે ભજવણી. કયારે રાત પડે તેની રાહ જોવામાં આખો દિવસ જાય ! આ ભજવણી દરમિયાન અમે પ્રકાશનું, પડછાયાનું, ક્ષેત્રફળનું, સ્કેલમાપનું, ઇતિહાસનું, ભૂગોળનું, એન્જિનિયરિંગનું, સીલાઈ કામનું, સુથારી કામનું, રંગકામનું, કલા-સંગીત-નૃત્ય-વાદ્યનું, અરે કેટલું બધું વિજ્ઞાન-ગણિત, પર્યાવરણ સહિતનું કૌશલ્ય પ્રાપ્ત કર્યું; તેની તો વાત જ જવા દો ! મારા માટે તો આ સ્મરણ આજે પણ અત્યંત રોમાંચકારી બની રહે છે કારણ કે હું તો રામ બનેલો ને !

શિક્ષણના ક્ષેત્રમાં શીખવા-શીખવવા માટેની ગુરુ-શિષ્ય પરંપરાને એક આદર્શ અને પવિત્ર પરંપરા માનવામાં આવે છે. શિષ્યનું છાત્રાલય, ભણવાનું વિદ્યાલય, વહીવટી કાર્યાલય અને ગુરુ-ગૃહ જયારે એક જ કેમ્પસ પર હોય ત્યારે અનેરું એકત્વ સધાય છે. અહીં ગુરુ ઉપદેશથી નહીં પણ તેના આચરણથી શીખવે છે. ગુરુને શીખવવાનો અને શિષ્યને શીખવાનો ભાર કે સભાનતા પણ રહેતી નથી. બધું જ 'ઇનબિલ્ટ સિસ્ટમ'ની જેમ આપમેળે સંવાદિતાથી ચાલ્યા કરે અને બંને પક્ષે પરિણામ માત્ર નિજાનંદ સિવાય કાંઈ ન મળે ! અહીં ગુરુની કે શિષ્યની કે શિક્ષણની શોધ કરવાનો ઉપક્રમ જ ખલાસ થઈ જાય છે. બધું સ્ફટિકમય

સ્પષ્ટ અને ઝળાંહળાં જ દિસે છે. અહીં દરેક પ્રવૃત્તિના વ્યવહારની કરન્સી માત્ર અને માત્ર નિસ્વાર્થ પ્રેમ જ છે !! બંને પક્ષે ઉલેચાઈ જવાનું છે અને એ હળવાશ-ખાલીપો જ ભૌતિક-લોભામણા-સ્થૂળ અસ્તિત્વનાં બંધનોના ગુરુત્વાકર્ષણમાંથી છોડાવીને નિજાનંદને અમાપ-અનંત જીવન-આકાશમાં વિહાર કરાવે છે. ગુરુ-શિષ્ય પરંપરા જ સૂક્ષ્મમાં પ્રવેશવાની અને વિરાટમાં વિહરવાની કેળવણી આપી શકે તેમ છે તેની ખાતરી આજે અમને અનિલભાઈના સહવાસથી થઈ ચૂકી છે. (એક નોંધનીય ઘટના એ બની છે કે યુનેસ્કોની કરોડો ડૉલરની શૈક્ષણિક યોજનાના અંતે ઓસ્ટ્રેલિયામાં થયેલા પ્રયોગોએ દિવસો સુધીનાં સંશોધનોને આધારે તારવ્યું છે કે જયારે શિક્ષણ લેનાર અને આપનાર એક કેમ્પસ પર જ રહે છે, ત્યારે પરિણામ મૂલ્યનિષ્ઠ આવે છે.)

આ ગુરુ-શિષ્ય પરંપરાથી બીજી જીવનકેળવણી એ થતી હતી કે મનુષ્ય અંતે અખંડ છે. તેને શરીર, બુદ્ધિ અને આત્મા એમ ખંડોમાં વહેંચીને તેની કેળવણી કરવી એ સંપૂર્ણ અવૈજ્ઞાનિક છે. ઈશ્વરે આપણને મગજ સાથે હાથ-પગ પણ આપ્યા છે. હવે જો બુદ્ધિનો કે શરીરનો ઉપયોગ કર્યા વગર માત્ર પ્રાર્થનાથી જ બધું થઈ જતું હોય તો આ રચના જ ભૂલ ભરેલી સાબિત થાય ! આ બંનેનો સાથોસાથ વિવેકપૂર્વક ઉપયોગ કરવો એ જ કુદરતનો આદેશ છે. શિક્ષણની પ્રક્રિયામાં આજે વિશેષ કરીને બુદ્ધિનો જ વિચાર થાય છે. થોડોક શરીરનો થાય છે પણ આત્માનો કે અધ્યાત્મનો તો થતો જ નથી. આ ત્રણેની કેળવણી સાથોસાથ થાય તો જ માનવીય અભિગમની કેળવણી થાય. અમારી સહજ-સ્વાભાવિક રીતે થએલી આ કેળવણીએ અમને જીવનમૂલ્યોનું અમૂલ્ય ભાથું બંધાવીને જીવનની સમગ્રતા ને અખંડિતતા સમજાવી છે.

અમારા એ સમયના ગુરુજીઓ ભાગ્યે જ એકલા ભણાવતા, અમારા ગુરુજીઓ સઘળી કેળવણી સહજ રીતે સજોડે જ આપતા !! અમને ત્યારે એ સામાન્ય જણાતું પણ આજે સમજાય છે કે પારકાંને પોતાનાં કરીને પોતાનું સઘળું તેમાં ઠાલવી દેવાનો પ્રામાણિક સફળ પ્રયત્ન કરવો એ કેટલી મોટી તપશ્ચર્યાનું અને સમર્પણતાનું પરિણામ છે.

ટાગોર સમજાવે છે તેમ વિદ્યાલયો તો સમાજભૂમિમાં જ ઊગેલાં વૃક્ષ સમાન હોવાં જોઈએ અને તે સમાજમાંથી રસકસ ચૂસીને સમાજને સુફળ આપતાં હોવાં જોઈએ. વિદ્યાલયોમાં જરૂર જેટલી જ સાધન-સામગ્રી હોવી જોઈએ. સાધન-સંપત્તિના પ્રભાવને બદલે બિનજરૂરી સુવિધાઓને ગૌણ કરવાની સમજ ઊભી કરવી જોઈએ. આ સ્વૈચ્છિક રીતે સ્વીકારેલી સાદાઈ એ દારિદ્ર્યની પૂજા નથી પણ જગતનો અનુભવ મેળવવા-પામવાનો ઉત્તમ ઉપાય છે, તેમ સમજી-સ્વીકારીને અનિલભાઈએ અમને કોઈ પણ પ્રકારના અભાવામાં આવવા દીધા નથી. અમારા વર્ગો વૃક્ષો નીચે જ લેવાતા. ગરમીના દિવસોમાં ઉઘાડે ડીલે બેસવાની પણ છૂટ હતી. પરસેવો વળે તો; પરસેવો કેમ વળે છે ? કેટલો વળે છે ? પરસેવાના બુંદનું સ્રોત કયાં છે ? તેનો સ્વાદ કેવો છે ? વગેરેનું શિક્ષણ શરૂ થઈ જતું. પ્રતિકૂળતાઓને શિક્ષણના માધ્યમ-સાધનમાં પરિવર્તિત કરવું અનિલભાઈને મન રમતવાત હતી. મેં ધોરણ સાત સુધીમાં તો ભણતાં-ભણતાં કાંતતાં, ઠરડતાં, પૂણી બનાવતાં, આસન વણતાં, બાગકામ, ખેતીકામ, ખપેડો બાંધતાં, નળિયાં ચાળતાં, ઈંટો પાડતાં, રસોઈ કરતાં, સારી રીતે સફાઈ કરતાં, નાટકનું સ્ટેજ તૈયાર કરતાં અને નાટક ભજવતાં, ગાર કરતાં, નાચતાં અને રમકડાં બનાવતાં શીખી લીધું હતું. અત્યારે આ બધું યાદ કરું છું ત્યારે એ સ્વપ્નસમું અને અશકય લાગે છે ! આ બધું જ શીખ્યો, કામ કર્યું એ ગીતો ગાતાં ગાતાં અને ભાર વગર. વરસાદમાં નાહવા જવાની, ચણીબોર વીણવા ડુંગરોમાં રખડવાની, ખજાનાની શોધમાં જવાની અને એક ધ્યાન થઈ ટારઝનની વાર્તાઓ સાંભળવાની વગેરે જેવી બાબતોમાં જીવનના તાણા-વાણા કયારે ગૂંથાઈ જતા તેનું ભાન રહેતું નહીં. અનિલભાઈનું કમ્પ્યૂટર-મગજ એવું હતું કે તેઓ ધો. ૫-૬-૭ને એક સાથે ગણિત ભણાવતા. ત્રણ કલરના ચોકથી રકમ લખે. ત્રણ કલરથી લખેલી રકમ ધો.૭ના વિદ્યાર્થીઓ માટે, બે કલરના ચોકથી લખેલી રકમ ધો. ૬ના વિદ્યાર્થીઓ માટે અને માત્ર સફેદ રંગના ચોકથી લખેલી રકમ ધો. ૫ના વિદ્યાર્થીઓ માટે. ત્રણે ધોરણ એક જ સળંગ રકમમાંથી પોતાને લાગુ પડતી રકમ સંદર્ભે દાખલો ગણે. જેને આવડી જાય તે બીજાને સમજાવે-ભણાવે ! કાયમ સ્વયંશિક્ષણ દિન અને કાયમ બધું સહભાગીદારીથી ભણવાનું. અહીં વિઝન જ એટલું સુપર્બ કે સુપરવિઝનની

તો ક્યાંય જરૂર જ નહીં !

આ ઉપક્રમ સાથે બીજી એક રોમાંચક યાદગાર સ્મૃતિ પણ સચવાઈ છે. અમે જે આંબા નીચે ભણતાં તે આંબાવાડીની વાડે છીંડું પાડીને ગધેડા અંદર ઘૂસે. અમારું મન લલચાય. નિયમ એવો કે જેનો દાખલો ગણાઈ જાય તેને જ ગધેડા-સવારીનું લાયસન્સ મળે ! આથી દાખલો ગણી લીધેલ ભાગ્યશાળી વિદ્યાર્થીઓ દોડીને ગધેડાને પકડે, કૂદીને માથે બેસી જઈ ગધેડા ખેલવવાનો અનેરો લ્હાવો લે. પગની આંટી એવી મારે કે ગધેડો કાબૂમાં રહે ! દયાભાવથી ગણીને ત્રણ રાઉન્ડ ખેલવીને ગધેડાભાઈ જયાંથી પ્રવેશ્યા હોય ત્યાંથી જ તેમને વિદાય કરી, છીંડું રિપેર કરીને પાછા ભણવા બેસી જવાનો ઉપક્રમ રહેતો. જેને ગધેડાને પકડતાં અને કાબૂમાં લેતાં ન ફાવતું હોય અને છતાં ખૂબ ઇચ્છા-ઉત્સાહ હોય તેવા ઇચ્છુક લર્નિંગ લાયસન્સવાળાને અનિલભાઈ પોતે નિદર્શન દ્વારા પોતાના બહોળા અનુભવથી શીખવે પણ ખરા !

અનિલભાઈએ વિદ્યાર્થીમાં છુપાએલ જિજ્ઞાસાવૃત્તિ, રચનાત્મક અભિગમ, સર્જનશીલતા, અભ્યાસવૃત્તિ, જીવાતા જીવન સાથે પોતે જે ભણી-શીખી રહ્યો છે તેનો અનુબંધ સાધવા, પ્રકૃત્તિ સાથેના રોમાંચક સંબંધો કેળવવા, સારાસારના વિવેકને વિકસાવવા, સંસ્કારિતાને સુદૃઢ કરવા અને જીવનની હતાશા-નિરાશા-નકારાત્મક અસરોને નામશેષ કરવા કેટલીક વિશેષ પ્રવૃત્તિઓ વિકસાવેલી. તેમણે પ્રયોજેલ આવી અસરકારક અને પરિણામલક્ષી કેટલીક પ્રવૃત્તિઓ જોવા સમજવા જેવી છે.

(૧) મહાસ્વાધ્યાય : વિદ્યાર્થીના અમૂલ્ય બચપણને છીનવી લેનારાં બે મુખ્ય પરિબળો કોઈ હોય તો તે છે પરીક્ષા અને સ્પર્ધા. અમારે ક્યારેય કોઈ પણ ધોરણમાં કોઈ વિષયની પરીક્ષા લેવાતી નહીં અને કોઈ પણ પ્રકારની સ્પર્ધાઓ ગોઠવાતી નહીં. દરેક વિષયનો સોએક પ્રશ્નોનો મહાસ્વાધ્યાય ! દરેકે મહાસ્વાધ્યાયના પ્રશ્નોના જવાબ લખવાના. પાઠયપુસ્તકો સહિત બધું સાથે રાખવાની છૂટ, કોઈ પણને પૂછવાનીય છૂટ, બીજામાંથી જોઈને લખવાની પણ છૂટ ! અમુક પ્રશ્નો એવા હોય કે વિદ્યાર્થીના પોતાના મગજ સિવાય ક્યાંયથી મળે જ નહીં. વળી, અનિલભાઈની ટીમ એવા તો ગંભીર થઈને આ બધું કામ સોંપે કે જાણે અમે બહુમૂલ્ય રિસર્ચ પેપર તૈયાર કરવા જઈ રહ્યા છીએ ! જેમને મહાસ્વાધ્યાય પૂરો કરીને એ તપાસ્યા પછી ‘મુકિત’ મળે, એમણે પરીક્ષા નહીં આપવાની-તેવી જાહેરાતો થાય. આખો કેળવણી-ખેલ એવો તો નંખાતો કે પરીક્ષા તો કોઈની ન જ લેવાતી પણ આ અભ્યાસ-સ્વાધ્યાય પ્રક્રિયામાંથી પસાર થવું એ જ કેળવણીની અમૂલ્ય કળા બની રહેતી. જેમ શ્રમ કરતી વખતે ગીતો ગવરાવી-ગવરાવીને શરીરશ્રમ દ્વારા કૌશલ્યો વિકસાવ્યાં તેમ સ્વાધ્યાય કરાવી-કરાવીને અમને અભ્યાસુ બનાવ્યા.

(૨) મેળા : ટાગોરે સમજાવ્યું છે તેમ આપણા ચિત્તનું જે ઉપલું જ્ઞાત પડ છે, તેનું ક્ષેત્ર તો અજ્ઞાત પડની તુલનામાં બહુ નાનું છે. એ પડ બૌદ્ધિક પ્રવૃત્તિઓમાં પ્રગટ થાય છે. પણ અવચેતનનું ક્ષેત્ર તો ખૂબ વિશાળ છે, અને ત્યાં જ આપણો આત્મા પણ વસે છે. તેને અભિવ્યક્ત કરનારું કોઈ સાધન હોય તો તે કલા છે. કવિતા, સંગીત, નૃત્ય, શિલ્પ, સુશોભન, સાહિત્ય, નાટક વગેરે સર્જનશીલતા પ્રગટાવતી લલિત કલાઓ દ્વારા જ માણસનું ખરું વ્યકિતત્વ પ્રગટ થાય છે. આપણે વિજ્ઞાન-ગણિત વિષયો ભણાવવા જેટલી જ કાળજી આ કલાઓના અભ્યાસ પાછળ આપવી જોઈએ. સૌથી મોટી વાત એ છે કે જીવનનો ખરા આનંદનો સ્રોત આ કલાઓમાં જ છુપાએલ છે તે મોટાભાગના કહેવાતા કેળવણીકારો ભૂલી ગયા છે તેમ નહીં કહું, જાણતા જ નથી તેમ કહીશ. અનિલભાઈ વિદ્યાર્થીઓના આનંદસ્રોતની ચાવી ગળે બાંધીને જ ફરતા હોવાથી પોતે પણ જાતને ભૂલીને આ મેળાઓની પ્રવૃત્તિઓમાં ઓળઘોળ થઈ જતા.

દેશનાં વિવિધ રાજયો અને જાણીતા દેશોના મેળાઓ કરવામાં આવતા. મહિનાઓ સુધી તેનો અભ્યાસ ચાલે. તેનો ઇતિહાસ, ભૂગોળ, બોલી, વેશભૂષા, રીતરિવાજો, ખેતી-બાગાયત, જોવાલાયક સ્થળો, નદીઓ, પહાડો, જાણીતી વ્યક્તિઓ-વગેરેનો અભ્યાસ ટુકડીવાર થાય. અનેક કલામાધ્યમોથી નિદર્શિત-અભિવ્યક્ત થાય. સાંસ્કૃતિક કાર્યક્રમો સુધીના આ મેળાપ્રવૃત્તિઓ દરમિયાન વિદ્યાર્થીઓની વિશ્વશાંતિની ગુરુકિલ્લી સમાન સર્જનશીલતા-રચનાત્મક વલણોની ખીલવણી એવી ઉચ્ચ કક્ષાની ગુણવત્તાએ આંબતી કે વિદ્યાર્થીના ડી.એન.એ.માંથી વેર-હિંસા-નકારાત્મકતા જેવી વૃત્તિઓ સંસ્કૃતિ અને પ્રકૃતિ

પ્રત્યેના પ્રભાવક પ્રવાહમાં તણાઈને અલોપ થઈ જતી. આ મેળા જોવા જ્યારે દૂરદૂરથી બહારના વિદ્યાર્થીઓ આવતા ત્યારે અમારો વટ જોવા જેવો રહેતો.

(૩) સ્વાવલંબી ગૃહકાર્યો અને ઉત્પાદક શરીરશ્રમ : વિદ્યાર્થીઓનાં ટેરવાંને માટીના સ્પર્શથી પવિત્ર કરાવનારી, શાકભાજીનાં વાડોલિયાં અને પોતાની જરૂરિયાતનાં તમામ કામો જાતે કરી લેવાની અત્યંત જીવનોપયોગી પ્રવૃત્તિઓ એ ઉંમરે જેવી અને જેટલી કરી છે તે આજે યાદ કરું છું, ત્યારે ઘડીભર એ માનવી અઘરી થઈ પડે છે. શાકભાજીનું ઉત્પાદન, ઉત્પાદકતા, ઉતારો, વકરો, નફો વગેરે ત્યારે અમે ગણતાં શીખેલાં. માટી, પાણી, વાયુ, પ્રકાશ વગેરેનો સીધો સંપર્ક શરીરને અને મનને કેળવતો હોવાથી કેળવણીમાં એ અનિવાર્યપણે સહજતાથી થવું જોઈએ તેવું અનિલભાઈ સ્પષ્ટપણે માનતા.

આમ પણ, માણસ પોતાની સઘળી શકિતઓને કેળવીને સજ્જ થઈ શકે તો ભવિષ્યમાં ભરણપોષણની ચિંતા ન રહે. ગાંધીજી તો આ તાલીમને 'ઇન્સ્યુરન્સ અગેઇન્સ્ટ અનએમ્પ્લોયમેન્ટ'- (બેકારી સામેનો વીમો) તરીકે સમજાવતા. વિશ્વના મોટાભાગના વિદ્વાન-તજજ્ઞોને શારીરિક કૌશલ-તાલીમને ચરિત્ર-નિર્માણમાં ઉત્પાદક પરિશ્રમનું પરિણામ ઉત્તમ જણાયું છે. આવી ગંભીર વાતો અનિલભાઈ અમને 'મૂરખરાજ' જેવી વાર્તાઓ-નાટકો દ્વારા સમજાવેલી. કામ કરતાં કરતાં ભણવું અને ભણતાં-ભણતાં કામ કરવું એ અમને ત્યારે સમજાઈ ગયેલું. અમે ચડ્ડી ઊતરી જાય તેટલું જોર લગાવીને એવું કામ કરતાં કે આજે એ નિષ્ઠા અને પ્રામાણિકતાના સ્વરૂપે હોંકારો દે છે.

(૪) કાંતણ-પીંજણ-વણાટ : કપાસના બિયારણની પસંદગીથી લઈને તૈયાર થતાં ચડ્ડી-પહેરણ સુધીની એક સળંગ-અખંડ પ્રક્રિયામાંથી પસાર થવું એ જીવનનો અનેરો લ્હાવો હતો. આ એક એવી અનોખી કેળવણી પ્રક્રિયા છે કે જીવન સાથે જોડાએલ તમામ વિષયોને આવરી લે છે. ઇતિહાસથી લઈને અર્થશાસ્ત્ર સુધીના તમામ પાઠો ભણાવતી આ પ્રક્રિયા પોતે જ એક સ્વતંત્ર અભ્યાસક્રમ બની શકે તેટલી સક્ષમ છે. અમે તે માણી નથી, તેને પામ્યા છીએ. દેશમાં માત્ર અનિલ સદ્‌ગોપાલે આ એક સળંગ પ્રક્રિયા દ્વારા તમામ વિષયોનો અભ્યાસ કરાવ્યાનો અનોખો પ્રયોગ સફળતાથી પાર પાડેલ છે.

(૫) સામાજિક અનુબંધ : ભણતા વિદ્યાર્થીઓમાંથી જે આમંત્રણ આપે તેની વાડીએ સિઝન પ્રમાણે મુલાકાતે જઈને ઝપટ બોલાવવાનો રિવાજ હતો. એમાંયે શેરડીના વાઢ પીલાતા હોય ત્યારે તો ઘણાની વાડીયે રાત્રે જવાનું. ગરમ ગોળ શેરડીના છોતાની ચમચી બનાવીને જે ખાધો છે એ આજેય દાઢે વળગેલો છે ! રસ એવો પીવે કે અમુકને છાત્રાલયે પહોંચતા પહેલાં રસ્તામાં જ નાળું કે આડશ ગોતવી પડે ! હકીકતે આ મુલાકાતો દ્વારા ગામ, સમાજ, મૈત્રી, સેવા, પ્રકૃતિ, વ્યકિત, સંસ્કૃતિ અને આનંદ સાથેનો ફેવીકોલને આંટી મારે તેવો અનુબંધ સંધાતો.

(૬) પુસ્તકોનો આસ્વાદઃ વિનોબાજીએ સમજાવ્યું છે કે ઈશ્વર પછીનું કોઈ પરિબળ મનુષ્યત્વને ઉજાગર કરી શકે તેમ હોય તો તે છે જ્ઞાન, વિજ્ઞાન અને સાહિત્ય. ગિજુભાઈની બાળવાર્તાઓ, જીવરામ જોષીની વાર્તાઓ, જૂલે વર્નની સાહસ-કથાઓ, ટારઝન-શ્રેણી, રામાયણ-મહાભારતનાં પાત્રો વગેરે એવી રીતે કહેવાતાં કે અમારા મોઢામાંથી લાળ પડી જાય, ડાબલીઓ ખુલ્લી રહી જાય, હસી હસીને આંખમાં પાણી આવે, સંવેદનાથી આંસુ આવે.. અરે, એક જુદા જ મુલકમાં અમે પહોંચી જતાં. કેળવણીના એક અભિન્ન અંગ સમા આ મૂલ્યનિષ્ઠ સાહિત્યનો આસ્વાદ અમારા જીવન માટે અણમોલ આનંદમોણ બની રહ્યો છે.

(૭) સર્જનાત્મકતાની કેળવણી : નઈ તાલીમમાં શરીરશ્રમ એ દેહના સ્થાને છે જયારે એ પરિશ્રમનો વ્યક્તિ, સંસ્કૃતિ, પ્રકૃતિ અને સમાજ સાથેનો અનુબંધ એ આત્મા સમાન છે. અમારી પાસે આંબલાની પ્રાથમિકશાળામાં રસ્તાની બંને બાજુના મોટા તળાવ જેવડા ખાડાઓ ગીતો ગવરાવીને અનિલભાઈએ જે રીતે પૂરાવ્યા એ બીરબલની વાર્તામાં બાળકોએ ટેકરા પર ચડાવેલ હાથીથી બિલકુલ ઊતરતું કામ નહોતું. એ કામની ઉપયોગિતા અને સમાજનો અમારી સાથેનો તેનો અનુબંધ એવાં તો સ્પષ્ટ કરાવેલાં કે અમે એ કામો અમારી ક્ષમતા બહારનાં હોવા છતાં અનેરા ઉત્સાહથી પૂરાં કરી શકેલાં.

માણસ ત્યારે જ કેળવાએલો કહેવાય કે જયારે તે પોતાની સંસ્કૃતિ અને પ્રકૃતિ આધારિત પરિસ્થિતિના સંદર્ભે સમજણ કેળવીને પોતાની વ્યાજબી જરૂરિયાતો સંતોષવાની

ક્ષમતા ધરાવતો હોય. આ પરિસ્થિતિ વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ વધારવામાં અનેરો ભાગ ભજવે છે. અમને માણસનાં વિવિધ પ્રકારનાં રહેઠાણોની જરૂરિયાત વિષે ચર્ચા કરાવીને, તેનાં ક્ષેત્રફળો કાઢવાં, દીવાલો કરવા કેટલી ઈંટો જોશે ? ઈંટ કેવી હોવી જોઈએ ? એવી ઈંટ કેમ બનાવાય ? ઈંટ માટેનો ગારો, તેને ગુંદવો, તેમાં ફાયબર-બાઈન્ડીંગ મટીરિઅલ કયું અને કેટલું ઉમેરવું, એક સરખી ઈંટો બનાવવી, તેને પકવવી, એના ઉપયોગથી ચણતર કામ કરવું, બારી-બારણાં કયાં-કેટલાં-કેમ ગોઠવવાં, સ્ટોપર-પવનઆંકડી-ભોગળિયાં વગેરે કયાં ફિટ કરવાં, ખપેડા બાંધવા, ખપેડા ઉપર દેશી નળિયાં ગોઠવવાં.......વાત મૂકી દો; આજે હું પોતે એ યાદ કરું છું, ત્યારે આશ્ચર્ય થાય છે કે શું સાતમા ધોરણનો વિદ્યાર્થી આવું સફળતાથી-આનંદથી કરી શકે ખરો ? હા, આ શકય એટલે જ બનેલું કારણ કે આ જીવન ઘડતરના ઑલરાઉન્ડર કોન્ટ્રાકટર અનિલભાઈએ અમને જીવનની જરૂરિયાતો, સંસ્કૃતિ, પ્રકૃતિ અને અમારી શકિત વચ્ચેનો સેતુ બાંધી આપ્યો હતો.

(૮) પ્રવાસ-પર્યટન : ઇતિહાસ-ભૂગોળ-પર્યાવરણ વગેરેના શિક્ષણને અનુભવજન્ય કરવા, નકશાઓ જોતાં-સમજતાં શીખવા, હિસાબ રાખતાં, આયોજન કરતાં અને સમૂહમાં રહેવા વગેરે જેવા કેળવણીના જીવન-પાઠો-પ્રવાસ-પર્યટન દરમિયાન અદ્‌ભૂત રીતે ભણાવ્યા છે. પ્રવાસમાં સુખડી, ગાંઠિયા, પૂરી, થેપલાં વગેરે કેટલા દિવસ સારાં રહે, તેને કેમ પૅક કરાય વગેરેનું વિજ્ઞાન ભણાવવાનું અનિલભાઈ ચૂકતા નહીં.

(૯) રી-સાયકલિંગ : અમે શાળા અને ગામમાં આંટા મારીને કચરો ભેગો કરી લાવતા. આ કચરાના ઢગલામાંથી વિવિધ પ્રકારના કચરાના આધારે અનિલભાઈ જીવનશૈલી સંદર્ભે સમજણ આપતા. છેલ્લે એ કચરાનું વર્ગીકરણ કરીને તેમાંથી ખાતર કરવાનું, લોખંડ-પતરાં ભંગારમાં દેવાનું અને કાગળ-ગાભાને એક કૂંડીમાં પલાળવાનું કરાવતા. કૂંડીમાં પલળેલ કાગળ-ગાભાનો માવો એવો ગુંદાવતા કે તેમાંથી રમકડાં બનાવી શકાય. મોટા થઈને શૂમાકર કે ટોફલરને વાંચ્યા અને જગતે તેમને ઢોલ વગાડીને નવાજ્યા ત્યારે હૃદયે બૂમ પાડીને સંભળાવ્યું કે એલા, ભલાભાઈ, આ તો અમે વર્ષો પહેલાં માત્ર વાંચ્યું-સાંભળ્યું નથી; અનિલભાઈએ અમને એ પ્રમાણે જીવતાં શીખવ્યું છે ! 'યુઝ ઈટ એન્ડ થ્રો અવે' સંસ્કૃતિ દ્વારા થતું પ્રાકૃતિક સ્રોતોનું અતિશોષણ વિશ્વને કેવા વિનાશ તરફ દોરી રહ્યું છે એ અમે વર્ષો પહેલાં ભણ્યાં હોઈએ - જીવ્યાં હોઈએ, ત્યારે આજે એનું સ્મરણ અમને અનિલભાઈના ચરણો સુધી જ દોરી જાય ને ! !

(૧૦) અન્ય પૂરક પ્રવૃત્તિઓ : આ સિવાય યોજાતાં સ્વયંપાક, ખજાનાની શોધ, સ્વયંશિક્ષણ દિન, વૃક્ષો ઉપર મેડા બાંધીને રહેવું, વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો, વાંસના મંડપો બનાવવા, વિવિધ પ્રકારની કલમો બનાવવી, વિવિધ પ્રકારની રમતો વગેરે પ્રવૃત્તિઓએ અમારી જબરી કેળવણી કરી છે. હું આ બધી વાતો મારા વ્યાખ્યાનમાં ઉચિત સમયે કરું ત્યારે પ્રશ્ન એ આવે કે "તો પછી તમે ભણતા કયારે ? સમયપત્રક કેવું ને કેમ બનતું ?" પહેલી વાત તો એ હતી કે અમારી શાળામાં બેલ જ નહોતો એટલે પડે કે વાગે શું ? ઊઠીને પ્રવૃત્તિઓ જ કરવાની. થાક-કંટાળો-આળસ જેવા શબ્દો અનિલ-શિક્ષણના જોડણીકોશમાં હતા જ નહીં. કુદરત અમારું ટી.એલ.એમ. હતું અને પ્રવૃત્તિઓ અમારો અભ્યાસક્રમ. અમારે પરીક્ષામાં નહીં જીવનમાં પાસ થવાનું હતું ! વળી, તેના નિર્ણાયક પણ અમે પોતે હતા. આજે ગૌરવ સાથે, પૂરા સંતોષ સાથે એટલું તો કહી શકીએ કે અમે અમારાં જીવતરને ઉજાળી રહ્યાં છીએ !

અનિલભાઈનો ગર્ભિત હેતુ અમારા જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવાનો કાયમ રહેતો કારણ કે આપણા દેશમાં આજે વિજ્ઞાન ખૂબ વિકસ્યું છે પણ વૈજ્ઞાનિક વલણો-વૃત્તિઓ વિકસ્યાં નથી. વૈજ્ઞાનિક અભિગમ જો જીવનમાં વધે તો માણસ જળ, જમીન, જંગલ, હવા, સૂર્યપ્રકાશ વગેરેનું મહત્ત્વ સમજી શકે. સામાન્યજનનું જીવન વૈજ્ઞાનિક બન્યું ન હોવાથી જ્ઞાન-પ્રાપ્તિ ઘટી છે ને લોભ-લાલચ વધ્યાં છે. જીવન જયારે વૈજ્ઞાનિક બનશે ત્યારે એ અવશ્ય સાદું જ હોવાનું. ઉપરાંત માણસને જ્યારે શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેનો સંબંધ સમજાઈ જશે ત્યારે તેનું જીવન ક્રોધ-દ્વેષ-લાલચ વગેરે છોડીને નિર્વિકાર બની જશે. જીવનના આવા અતિ મહત્ત્વનાં અને ગંભીર મૂલ્યોને અમે અત્યંત સહજ-ભાર-જાણ વગર પચાવી શકયા તેને મારી સમજણ પ્રમાણે આજે હું બુનિયાદી નઈ તાલીમની અનેરી ઉપલબ્ધિ સમાન ગણું છું.

અનિલભાઈની સૌથી મોટી સિદ્ધિ એ હતી કે તેમણે શાળાના શિક્ષણને જીવન અને સમાજ સાથે જોડી આપેલું. શિક્ષણને અત્યંત રસિક બનાવેલું. તેમને સદ્‌ભાગ્યે સાથીદારો પણ એવા મળેલા કે તેમના વિચાર પ્રમાણે સૌ અમલ કરતા. અનિલભાઈની સફળતામાં મધુબહેનનો ફાળો ધોધની જેમ વહ્યા કર્યો. તેમના વત્સલ અભિગમે અનિલભાઈના ખેલને સફળતા બક્ષી છે. કોણ જાણે કેમ પણ એક મીઠી મૂંઝવણ કાયમ અનુભવી છે કે મોટી મોટી જવાબદારીઓએ અનિલભાઈના મૂળ શિક્ષકજીવને ગૂંગળાવી તો નથી નાખ્યો ને ? જો મારું ચાલ્યું હોત તો હું તેમને પ્રાથમિક શાળાના જ આચાર્ય બનાવી દઈ સ્ફૂર્તિ અને ઉત્સાહથી છલકાતાં બાળકોમાં અનિલભાઈને ખોવાઈ-છવાઈ-ઓળઘોળ થતાં જોવાનું પસંદ કરત. ખેર, ઘણું બધું યાદ આવે છે પરંતુ અત્યારે આટલેથી અટકું. બાકી જો અનિલભાઈની શિક્ષણયાત્રાને વ્યવસ્થિત રજૂ કરવામાં આવે તો ‘દિવાસ્પન’, ‘જ્યોત સદા જલે’ કે ‘તોતોચાન’ કક્ષાનું શિક્ષણ-સાહિત્ય સમાજને હાથવગું બને તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

અમારા સૌની વિદ્યાર્થીઆલમ વતી મધુબેન, અનિલભાઈને ઋણભાવે વંદન-સલામ. અંતમાં એક પ્રભુપ્રાર્થના કરવાનો લોભ રોકી શકતો નથી કે સૌને ભવોભવ અનિલભાઈ જેવા શિક્ષક મળે.

●---------●●●--------●●●---------●

લોકભારતી, સણોસરા, મો. ૯૪૨૬૪૬૧૨૭૭

## મુકતશીલા કેળવણીના મજેદાર શિક્ષક

### - વિપુલ કલ્યાણી

અનિલભાઈ ભટ્ટનું અવસાન અનેદ સ્પંદનો જગાડતું ગયું. એક મહત્ત્વ કડી લુપ્ત થઈ. એ ગુજરાતના એક ઉમદા પણ પ્રયોગશીલ શિક્ષક. મજેદાર, વિચારશીલ લેખક. બુનિયાદી કેળવણીના સફળ મશાલચી. એક બહાદુર, તપસ્વી પરિવારનું ફરજંદ. સર્વોદય, ગાંધી વિચારમાં તન-મન-ધનથી એકરૂપ બનેલ એ સમગ્ર પરિવાર.

અનિલભાઈને હળવા-મળવાના પ્રસંગો બન્યા છે. તેમાંનો છેલ્લો અવસર સાંભરે છે. એને ય હવે સત્તર સાલ થયા. એ ૨૦૦૨ની સાલ હતી. મનુભાઈ પંચોળી મોટે ગામતરે સિધાવ્યા તેને ય માંડ ચારેક મહિના ત્યારે થયા હતા. ૧૧-૧૨ જાન્યુઆરીએ, સણોસરા ખાતે, લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં, ૪૦મા નાનાભાઈ ભટ્ટ સ્મૃતિ પ્રવચનમાળાનો અવસર હતો. અતિથિ વક્તા રઘુવીર ચૌધરી હતા. સદ્‌નસીબે એમની સંગાથે જ મારો ય ઊતારો હતો.

વળતે દિવસે સવારે ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલાથી અનિલભાઈ ભટ્ટ રઘુવીરભાઈને મળવા પધારેલા. બન્ને વડેરી વ્યકિતઓ વચ્ચેની વાતચીત ચાલતી હતી. શ્રોતા તરીકે નિરાંતવા બન્નેને સાંભળતો હતો. એમાં અનિલભાઈએ મનુભાઈ પંચોળી ‘દર્શક’ના સ્મરણમાં, કાયમી ધોરણે, એક વ્યાખ્યાનમાળા ઊભી કરવાનું સૂચન કરેલું તે સ્પષ્ટ સાંભરે છે. તેમાં ચર્ચવાને સારુ વિવિધ વિષયો સમેતનો એક આછેરો નકશો ય એમણે દર્શાવી આપેલો.

અનિલભાઈ વિદાય થયા, અને રઘુવીરભાઈ સમક્ષ મન ખોલ્યું. જણાવ્યું કે ભારત બહારના ગુજરાતીઓ કનેથી, મનુભાઈ પંચોળી પ્રેમીજનો પાસેથી, આવું ભંડોળ ઊભું કરવાનું મુનાસિબ છે.

આ ‘દર્શક’ ઓપિનિયન વ્યાખ્યાનમાળાના ત્રણ મણકા ય હવે પાર થયા છે. આ સાલ ચોથું વ્યાખ્યાન યોજાશે.

નયનાબહેન શાહ જોડે અવારનવાર બુનિયાદી તાલીમી કેળવણી અને અનિલભાઈની ખાંખતે વાત થયા કરી છે. આ ક્ષેત્રે એમનું પદાર્પણ સરસ, સફળ અને પોષક રહ્યું છે. ‘મુકતશીલા કેળવણી’ તેમ જ ‘હૃદયકોષે અનિલભાઈ’ પુસ્તકો એનાં દ્યોતક છે. અનિલભાઈનું અવસાન દુઃખદ છે. એમને આ પેરેથી અમારી વિદાયવંદના હો. જુહાર…

## (૦૮) સંસ્થા સમાચાર - જુલાઈ : ૨૦૧૯

- સંકલન : પ્રશાંત મહેતા

### લોકભારતી સમાચાર

- તા.૦૧ના રોજ ભારતીય સ્ટેટબેંક દ્વારા લોકભારતી જળ સંચય વિભાગ પરિસરમાં પ્રતીકાત્મક વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાંઆવ્યો. તેમાં ભારતીય સ્ટેટબેંકના મેનેજરશ્રી અને તેના સાથી કાર્યકરો તથા લોકભારતી તરફથી શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી મનોજભાઈ અગ્રાવત અને શ્રી ઘનશ્યામભાઈ ઉપસ્થિત રહ્યા.
- તા.૧થી ૧૧ દરમિયાન લોકભારતી અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ નિવાસી ઈન્ટર્નશીપમાં કેરિયા, પીપરાળી, ઝાંઝમેર, રંઘોળા, માંડવા અને માલપરા એમ કુલ ૬ ગામમાં જઈ આવ્યા. ત્યાં તેમણે વિવિધ પદ્ધતિથી અધ્યાપન કાર્ય, ક્રાફટ નિર્માણ, પર્યટન, ખજાનાની શોધ, વૈજ્ઞાનિક રમકડાં, પ્રદર્શન-નિદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન અને અમલની તાલીમ મેળવી અને જાતે રસોઈ બનાવીને સ્વાવલંબનનો આનંદ માણ્યો.
- ગાંધીજી વિશે હકારાત્મક પ્રચાર-પ્રચાર કરવાના આયોજન અંગેની એક કાર્યશાળા ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે તા.૦૨થી ૦૩ દરમિયાન યોજાઈ ગઈ, તેમાં ભાગ લેવા શ્રી હસમુખભાઈ દેવમુરારિ જઈ આવ્યા.
- તા.૦૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રનો પ્રારંભ થયો. તા.૦૪ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષમાં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો પ્રથમ સત્રનો પ્રારંભ થયો. તેમ જ તા.૦૫ના રોજ તેમનો આવકાર કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં ૭૨ વિદ્યાર્થીઓ હાજર થયા. આ આવકાર કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી જયવંતસિંહજી ગોહિલ, શ્રી શ્રીધરભાઈ ગજ્જર, શ્રી રેખાબેન વ્યાસ અને શ્રી કાળુભાઈ ખોખરિયા ઉપસ્થિત રહ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાંતા. ૦૪ અને તા.૧૮ના રોજ શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ તાલીમાર્થીઓ સમક્ષ વર્ગ પ્રારંભ કાર્યક્રમમાં 'લોકભારતી સંસ્થાના સ્થાપકોના પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર સ્થાપવા પાછળના હેતુઓ' વિષે વ્યાખ્યાન આપ્યું.
- શુક્રવારની સાયં પ્રાર્થનાના અનુસંધાને તા.૦૫ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું.
- તા.૦૫ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા મુખ્ય દરવાજા પાસે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં શ્રી મનોજભાઈ અગ્રાવત, શ્રી કાળુભાઈ ખોખરિયા જોડાયા.
- 'દર્શક લોકગંગા' પ્રોજેક્ટને સફળતાપૂર્વક પૂરો કર્યા પછી આ સાલથી 'મોજીલુંશિક્ષણ' પ્રોજેક્ટ કે જેમાં પ્રવૃત્તિઓ દ્વારા અને રમતો રમતાં રમતાં શિક્ષણની સંકલ્પના છે, તેનો પ્રારંભ હવે થઈ રહ્યો છે. તેના કાર્યકરોને તા.૦૮થી ૧૦ સુધી ત્રણ દિવસની એક તાલીમ લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે શ્રી બિંદુબેન-પાર્થેશભાઈ પંડ્યા અને તેમની ટીમ દ્વારા યોજાઈ ગઈ.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૯ના રોજ શ્રી

યાકુબભાઈ કોઠારિયાએ તાલીમાર્થીઓ સમક્ષ ગ્રામસભા વિશે તેમ જ તા.૧૦ અને ૨૪ના રોજ શ્રી દિલીપભાઈ મહેતાએ પંચાયત નમૂના સંદર્ભે પ્રત્યક્ષ શિક્ષણ દ્વારા વિસ્તૃત માહિતી આપી.

- લોકદક્ષિણામૂર્તિ પરિવારના વડીલ આ.શ્રી અનિલભાઈ ભટ્ટનું નિધન તા.૧૧ના રોજ બપોરના એક વાગ્યે થતાં, તેમની આંબલા મુકામે અંતિમ યાત્રામાં લોકભારતીથી મોટા સમૂહમાં કાર્યકરો જોડાયાં. તા.૧૪ના રોજ આંબલા મુકામે તેમના સ્મરણાંજલિ કાર્યક્રમમાં પણ લોકભારતીથી મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૧ અને ૩૦ રોજ શ્રી અરુણભાઈ દવેએ તાલીમાર્થીઓના શુભેચ્છા કાર્યક્રમોમાં તલાટીમંત્રીઓના માનવીય મૂલ્યો દ્વારા વ્યકિત વિકાસ, સમાજ વિકાસ, ગ્રામવિકાસથી સમગ્ર દેશના વિકાસની યાત્રા સંદર્ભે સમજણ આપી.
- તા.૧૨ના રોજ લોકસેવા મહાવિદ્યાલય લોકભારતી, સણોસરાની ગર્વનિંગ બોડીની બેઠક લોકભારતી ખાતે યોજાઈ ગઈ.
- શુક્રવારની સાયં પ્રાર્થનાના અનુસંધાને તા.૧૨ના રોજ શ્રી અરુણભાઈ દવેએ લોકભારતીની શિક્ષણ પદ્ધતિની વિશેષતા અંગે વક્તવ્ય રજૂ કર્યું. તેમ જ સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટને સાયં પ્રાર્થનામાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.
- તા.૧૬મીના રોજ લોકભારતીના ગુરુપૂર્ણિમા ઉત્સવના મુખ્ય મહેમાન શ્રી પ્રવીણભાઈ ઠક્કરે લોકભારતી શિક્ષણ પ્રણાલિને અને વિદ્યાર્થીમાં હોવી જરૂરી અભ્યાસ નિષ્ઠાને કેન્દ્રમાં રાખી ગુરુપૂર્ણિમાનું રસપૂર્ણ વક્તવ્ય આપ્યું. વિદ્યાર્થીઓએ બહુ સરસ રીતે વ્યાખ્યાન ઝીલ્યું. દરેક છાત્રાલયના પ્રતિનિધિશ્રીઓ તથા કાર્યકર પ્રતિનિધિશ્રીએ દક્ષિણામૂર્તિદેવ સમક્ષ રિક્તપાણિ ઋણદાન કરી પોતાની ભાવના અર્પણ કરી.
- તા.૧૭ના રોજ શ્રી દેવવ્રતભાઈ પંડ્યાએ કમ્પ્યુટર ટેક્નોલોજી અને તેના ઉપયોગ અંગે બી.આર.એસ. અને એમ.આર.એસ.ના વિદ્યાર્થીઓ સમક્ષ વકતવ્ય આપ્યું.
- 'બાયેફ'નો છેલ્લા પાંચ વર્ષથી લોકભારતી ગોશાળામાં ગોસંવર્ધન પ્રોજેક્ટ ચાલે છે. તેને એક્સ્ટેન્ડ કરવા અંગેની ચર્ચા-વિચારણા કરવા માટે તા.૧૮ના રોજ 'બાયેફ'ના શ્રી દેસાઈ, શ્રી મનુભાઈ ચાવડા અને લોકભારતીના શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રમેશભાઈ ખેર અને શ્રી શ્રીધરભાઈ ગજ્જરની ઉપસ્થિતિમાં એક બેઠક લોકભારતીમાં યોજાઈ ગઈ. આ પ્રોજેક્ટને વધુ પાંચ વર્ષ લંબાવવા અંગેની દરખાસ્ત ઠરાવવામાં આવી.
- તા.૧૯ના રોજ લોકભારતી પૂર્વવિદ્યાર્થી સન્માન સમિતિની બેઠક રાખવામાં આવી, જેમાં દર્શક પુણ્યતિથિએ દર્શક વ્યાખ્યાનમાળા કાર્યક્રમ સાથે પાંચ પૂર્વવિદ્યાર્થીઓ (૧) શ્રી મુક્તાબેન સંઘવી(ભાવસાર), નીલપર (૨) વૈદ્યશ્રી પ્રદીપભાઈ આસ્તિક, સોનગઢ (૩) શ્રી અરવિંદભાઈ ત્રિવેદી, ભાવનગર (૪) શ્રીરવીન્દ્રસિંહજી સરવૈયા, ભાવનગર (૫) શ્રી યોગરાજસિંહજી ગોહિલ, સોનગઢનું સન્માન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.
- શુક્રવારની સાયં પ્રાર્થનાના અનુસંધાને તા.૧૯ના રોજ શ્રી રામચન્દ્રભાઈ પંચોળીએ લોકભારતીની શિક્ષણ પ્રણાલિ અંગે વક્તવ્ય રજૂ કર્યું.
- તા.૨૦થી ૨૬ સુધી લોકભારતી અધ્યાપન મંદિરમાં સંસ્કૃતભારતી ઉપક્રમે સંસ્કૃત સત્ર યોજાયું જેમાં શ્રી તેજસભાઈ ત્રિવેદીએતાલીમાર્થીઓને સંસ્કૃત ભાષાનો પરિચય તથા આસ્વાદ કરાવ્યો.
- તા.૨૩ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ ગામે આવેલા લોકભારતી કૃષિકેન્દ્રના વિકાસ પ્રોજેક્ટ અન્વયે રૂબરૂ સ્થળ મુલાકાતે શ્રી અરુણભાઈ દવે,

શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રમેશભાઈ ખેર અને શ્રી ડાહ્યાભાઈ સેંધવ જઈઆવ્યા. મહુવાથી પીડીલાઈટના શ્રી અજિતભાઈ અને મણારથી ડૉ. વીરેન્દ્રસિંહજી સાથે રહ્યા.

- તા.૨૫ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓનોઆવકાર કાર્યક્રમ યોજાયો. ૮૭ તાલીમાર્થીઓ હાજર થયાં.
- તા.૨૫ના રોજ લોકભારતી ખેતી વિભાગની લીંબુડીઓનાં વૃક્ષોના ફાલનો ઈજારો આપવા માટે એક જાહેર હરરાજી યોજાઈ ગઈ.
- શુક્રવારની સાયં પ્રાર્થનાના અનુસંધાને તા.૨૬ના રોજ શ્રી અરુણભાઈ દવેએ પોતાની જાત સાથે સતત કરેલી હરિફાઈના અંતે અભ્યાસવૃત્તિના પરિણામે મેળવેલી ઉપલબ્ધિઓની રોમાંચક વાતો વિદ્યાર્થીઓને પ્રેરણા આપવાના હેતુથી એક રોચક વક્તવ્ય આપ્યું, જેમાં વિદ્યાર્થીઓને ખૂબ રસ પડ્યો.
- તા.૨૭ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાં આર્ટીસ્ટ શ્રી વિકાસભાઈ શિયાળ દ્વારા લાઈવ ચિત્ર નિદર્શન કાર્યક્રમ યોજાયો.
- તા.૨૭ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના મુખ્ય વિષય સજીવ ખેતી અને ક્ષેત્રવિદ્યાના વિદ્યાર્થીઓ માંડલ ફાર્મ-શેવડીવદર તેમ જ માઈધાર સંસ્થાની મુલાકાતે જઈ આવ્યા. તેઓની સાથે શ્રી વીરાભાઈ ચાવડા જોડાયા.
- તા.૩૧ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ 'ભણાવવું એટલે શું' વિષયક રસપ્રદ દૃષ્ટાંત સભર વાતો કરી.
- તા.૩૧ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ સમક્ષ શ્રી પ્રવીણભાઈ ઠક્કર દ્વારા 'બેન્ક' વિષે વક્તવ્ય આપવામાં આવ્યું. આ વ્યવસ્થા શ્રી મુકુંદભાઈ શ્રીમાળી દ્વારા ગોઠવવામાં આવી.
- ગુજરાત શિક્ષણ અને સંશોધન પરિષદ, ગાંધીનગરના ગુજરાતના દરેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના બી.એડ.ના તાલીમાર્થીઓ લોકભારતીના ભાવાવરણમાં ચાર-ચાર દિવસના શૈક્ષણિક સેમિનાર 'હુંશિક્ષક છું'માં આવીને રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. જુલાઈ માસ દરમિયાન આ રીતે જુદી જુદી છ બેચ(અમરેલી, પાટણ, સુરેન્દ્રનગર, પોરબંદર, કચ્છ અને ભરુચ)માં લગભગ એકસો નેવું તાલીમાર્થીઓએ લોકભારતીના ભાવાવરણમાં રહેવાનો લહાવો મેળવ્યો. એનું સમગ્ર સંચાલન શ્રી પાર્થેશભાઈ પંડ્યા અને શ્રી અંકિતાબેન બધેકાએ સુચારુ રૂપે કર્યું. આવેલા તાલીમાર્થીઓ લોકભારતીના ભાવાવરણથી અત્યંત પ્રભાવિત થઈને ગયાં. આ ઉપક્રમ શરૂ રહેવાનો છે.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ તા.૧ના રોજ બાગાયત વિભાગ, ભાવનગર દ્વારા આયોજિત મિટિંગમાં ભાગ લેવા, તા.૦૫ના રોજ કલેકટરશ્રી-ભાવનગર દ્વારા આયોજિત 'પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના' અંતર્ગત આયોજિત મિટિંગમાં, તા.૦૭ના રોજ 'સોઈલ હેલ્થકાર્ડ' માટેની મિટિંગ, તા.૨૫ના રોજ આત્મા-ભાવનગર આયોજિત મિટિંગમાં ભાગ લેવા, તા.૨૭ના રોજ વી.આર.ટી.આઈ.-ભાવનગર આયોજિત મિટિંગમાં ભાગ લેવા તેમજ તા.૨૯ના રોજ જિલ્લાવિકાસ અધિકારીશ્રી દ્વારા આયોજિત મિટિંગમાં ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.
- સમગ્ર માસ દરમિયાન કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા ૧૮ તાલીમી કાર્યક્રમો યોજવામાં આવ્યા. જેમાં વિવિધ વિષયો ઉપર ૬૭૩ ખેડૂત ભાઈઓ-બહેનોને માહિતી આપવામાં આવી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જુલાઈ માસ દરમિયાન કિચન ગાર્ડન, મગફળી, તલ અને વીલ હો

મશીનના અગ્રહરોળ નિદર્શનો ખેડૂતોનાં ખેતર પર ગોઠવવામાં આવ્યાં. જેમાં શ્રી શીલાબહેન બોરીચા, શ્રી જગદીશભાઈ કંટારિયા અને શ્રી પ્રદીપભાઈ ક્યાડાએ જવાબદારી લીધી.

- સમગ્ર માસ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ૨૭ વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં, જેમાં ૧૩૫૮ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો. તેમજ ટેલિફોનિક હેલ્પલાઈનની મદદથી ૩૬૯ ખેડૂતોને મોબાઈલ પર માર્ગદર્શન આપવામાં આવ્યું.
- શ્રી અરુણભાઈ દવે તા.૦૩જીએ માલપરા લોકશાળા ખાતે યોજાયેલ સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની વાર્ષિકબેઠકમાં સૌ આચાર્યો અને સંચાલકો સાથે આયોજન સંદર્ભે માર્ગદર્શન કરી આવ્યા. તા.૫-૬ દરમિયાન અમદાવાદ સેવા સંસ્થામાં પર્યાવરણ વિષય પર વ્યાખ્યાનો અને પ્રશ્નોત્તરીનો યાદગાર કાર્યક્રમ કરી આવ્યા. તા. ૧૧, ૨૦ અને ૨૭ એમ ત્રણ દિવસ માઈધાર ખાતે જઈને પ્રવૃત્તિઓનું અને બાંધકામનું માર્ગદર્શન કરી આવ્યા. પૂ. અનિલભાઈની વિદાયનો ખાલીપો જબરો અનુભવાયો. તા. ૨૧મીએ ગાંધીનગર ખાતે નવી શિક્ષણ નીતિ-૨૦૧૯ની સમીક્ષામાં ખાસ આમંત્રિત તરીકે મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ અને સચિવો સાથેની સંગોષ્ઠિમાં ભાગીદારી કરી. તા.૨૯ અને ૩૦ દરમિયાન વર્ષોથી ખાલી પડેલી મણાર અને આંબલા લોકશાળાઓના આચાર્યોની ભરતીનું કામ સુપેરે સંપન્ન કરી રાહત અનુભવી.

**આંબલા સમાચાર**

- તા.૦૩ના રોજ યોજાયેલ સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની વાર્ષિક મિટિંગમાં માલપરા ખાતે શ્રી રાજુભાઈ વાળા તથા શ્રી ગૌરાંગભાઈ વોરા જઈ આવ્યા.
- તા.૫થી ૭ એમ ત્રણ દિવસ સંસ્થા અભિમુખતા શિબિરનુંઆયોજન કરવામાં આવ્યું. જેમાં કાર્યકર તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધો. ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ વિવિધ મુદ્દાઓ વિશે વાતો કરી. ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં લોકભારતીથી શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા આવેલ તથા સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેએ વ્યાખ્યાન આપેલ.
- તા.૧૧ના રોજ ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વ્યાસ સાહેબ સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા.૧૧ના રોજ શ્રી અનિલદાદાનું દુ:ખદ નિધન થતાં થતાં સંસ્થા પરિવારે આઘાત અનુભવ્યો.
- તા.૧૨ના રોજ રોજગાર કચેરી ભાવનગરથી શ્રી બ્રિજરાજસિંહ આવેલ જેમણે ધો.૧૦-૧૨ના ભાઈઓ-બહેનોને રોજગાર-કારકિર્દી સંદર્ભે માર્ગદર્શન આપ્યું.
- તા.૧૬ના રોજ ગુરુપૂર્ણિમાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો જેમાં શ્રી હીરજીભાઈ નાકરાણીએ ગુરુ મહિમા વિશે વકતવ્ય આપ્યું.
- તા.૧૬ના રોજ જાદુગર યુવરાજ દ્વારા જાદુના ખેલ બતાવવામાં આવ્યા.
- તા.૧૮ના રોજ ભાવનગર જિલ્લા ઈકોક્લબની મિટિંગમાં શ્રી નરેન્દ્રભાઈ જઈ આવ્યા.
- તા.૨૦ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ વિદ્યા ગુરુકુળ-નાસિકથી શાંતનુજી જોષી આવેલ, જેમણેવિદ્યાર્થીઓને યોગનું મહત્વ સમજાવ્યું અને જુદાં જુદાં યોગાસન કરાવ્યાં.
- તા.૨૩ના રોજઆચાર્ય ભરતી માર્ગદર્શન મિટિંગમાં શ્રી ભગવાનભાઈ તથા શ્રી ગૌરાંગભાઈ ભાવનગર જઈઆવ્યા.
- તા. ૨૬ના રોજ બોરડાથી આવેલ શ્રી વિકાસભાઈ શિયાળે વિદ્યાર્થીઓને મોટીવેશનલ સ્પીચ આપેલ તથા ચિત્રકલા વિશે માર્ગદર્શન આપ્યું.
- તા.૨૭ના રોજ રણછોડદાસજી હોસ્પિટલ-

રાજકોટ દ્વારા નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કુલ ૧૧૦ દર્દીઓએ લાભ લીધોઅને ૩૯ દર્દીઓનાં મોતિયાનાંઓપરેશન કરવામાં આવ્યાં. ધો.૧૧ના ભાઈઓ-બહેનો દ્વારાઆસપાસનાં ગામોમાં પ્રચાર કરવામાં આવેલ. સમગ્ર કેમ્પને સફળ બનાવવામાં શ્રી નીતિનભાઈ પંચોળી તથા શ્રી ગૌરાંગભાઈએ જહેમત ઉઠાવેલ.

- વર્ષોથી ખાલી પડેલ આચાર્યનીજગ્યા માટે ભાવનગર મુકામે આચાર્યોનાઈન્ટરવ્યુ ગોઠવાઈ ગયા. અહીંના આચાર્ય તરીકે શ્રી વાઘજીભાઈ કરમટિયા પસંદ થયા જેઓ લોકભારતીના સ્નાતક અને અનુભવી શિક્ષક છે.

**મણારસમાચાર**

- વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષના વાર્ષિક આયોજન માટે સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ-આંબલા યોજિત સંચાલકો-આચાર્યોની મિટિંગમાં નિયામક તથા ઈનચાર્જ આચાર્ય લોકશાળા-માલપરા મુકામે જઈ આવ્યા. આ વરસની ધો.૯ની રેલી(શિક્ષણ સંગોષ્ઠી) મણાર તથા ડોળિયા-લોકશાળામાં સામાજિકવિજ્ઞાન વિષય ઉપર યોજાશે.
- લોકદક્ષિણામૂર્તિના મોભી પૂ. શ્રી અનિલભાઈ ભટ્ટનું અવસાન થતાં તેમની અંતિમક્રિયામાં તથા પ્રાર્થના સભામાં આંબલા મુકામે અહીંના કાર્યકરો જઈ આવ્યા.
- તા.૧૬ના રોજ ભાવનગર તથા બોટાદ જિલ્લાના બંને ડી.ડી.ઓ. સાહેબ સંસ્થા મુલાકાતે આવી ગયા. તેઓના વરદ્‌હસ્તે અહીંના સુગંધી ઘાસમાંથી તેલ કાઢવાના યુનિટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આજ સુધીમાં ૪૦ લિટર કરતા વધારે તેલ બનાવવામાં આવ્યું.
- આ માસ દરમિયાન ૮થી ૧૦ જેટલા ખેડૂત મંડળીના ખેડૂતો તથા વિવિધ રસ ધરાવતા આગેવાનો અને અધિકારીઓ સુગંધી ઘાસમાંથી તેલ કાઢવાના યુનિટની મુલાકાતે આવી ગયા.
- ગુરુપૂર્ણિમા પ્રસંગે મુખ્ય મહેમાન અને વક્તાતરીકે શ્રી વિક્રમભાઈ ભટ્ટ તથા તેમનાં પત્ની શ્રી દર્શનાબેન આવી ગયાં.
- તા.૧૬ના રોજ ચીકુ-નાળિયેરીના ઈજારદારોની મિટિંગ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના અધ્યક્ષસ્થાને રાખવામાં આવી. આ મિટિંગમાં નિયામક તથા ઉપનિયામક પણ ઉપસ્થિત રહ્યા.
- આ સીઝનમાં વાવણીલાયક સારો વરસાદ થતાં કુલ ૪૫ એકરમાં બિયારણ માટેનું સોયાબીન વાવવામાં આવ્યું.
- એન.સી.સી.ના અહીંના યુનિટના કેડેટ તથા ભાવનગરના એન.સી.સી.ના અધિકારીઓ દ્વારા તળાવના પાળા પર વૃક્ષારોપણનો કાર્યક્રમ સંસ્થાના તમામ વિદ્યાર્થીઓને સાથે રાખીને કરવામાં આવ્યો.
- તા.૧૮ના રોજ ઈકો ક્લબ-ભાવનગર આયોજિત શિક્ષક તાલીમ વર્ગમાં શ્રી વિનોદભાઈ વાઘેલા એક દિવસ ભાવનગર જઈ આવ્યા.
- તા.૨૪ના રોજ શ્રી અંકુરભાઈ અમદાવાદ મુકામે એ.એન.ઓ.ના ઈન્ટરવ્યુમાં જઈ આવ્યા.
- 'કારગીલ દિન' નિમિત્તે વિદ્યાલયના તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને દેશભક્તિની વિડિઓક્લિપ-દર્શન તેમ જ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.
- તા.૨૮ના રોજ સ્પોર્ટ્સનું આયોજન કરવામાં આવ્યું. ગૂજરાત વિદ્યાપીઠની બી.એડ.ની તાલીમાર્થી બહેનોએ વિવિધ રમતો રમાડી. સૌ વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો.
- વર્ષોથી ખાલી પડેલ આચાર્યની જગ્યા માટે ભાવનગર મુકામે આચાર્યોના ઈન્ટરવ્યુ ગોઠવાઈ ગયા. અહીંના આચાર્ય તરીકે શ્રી ડાયાભાઈ ડાંગર પસંદ થયા જેઓ લોકભારતીના સ્નાતક અને અનુભવી શિક્ષક છે.